उन्नति

# વિચાર

વર્ષ ૫ અંક ૧ જાન્યુઆરી–માર્ચ, ૨૦૦૦

અનુક્રમ

**સંપાદકીય** ૧

**વિકાસલક્ષી મુદ્દાઓ** ૨
ગુજરાતમાં જળ સંચાલન માટે સંસ્થાકીય વિકાસના માપદંડો

**મંતવ્ય** ૧૦
ભારતમાં શહેરી ગરીબો અને સફાઈનું રાજકારણ

**આપના માટે** ૧૫
•પાણી, સફાઈ અને આરોગ્ય ક્ષેત્રે ગુજરાતઃ દસવર્ષીય સ્વૈચ્છિક યોજના
• અંદાજપત્રો અને સામાજિક ક્ષેત્રોઃ ગરીબો પર સંભવિત અસર

**આપણી વાત** ૨૧
પાણીનો પ્રાણપ્રશ્ન ઉકેલવામાં શ્રમશક્તિ અને સંગઠનનો મહિમા

**સાંપ્રત પ્રવાહ અને** ૨૬
**આગામી કાર્યક્રમ**

**સંદર્ભ સાહિત્ય** ૨૯

**અમારા વિશે** ૩૦

**સંપાદક ટીમ:**
દીપા સોનપાલ
હેમંતકુમાર શાહ
મુરલી શ્રીનિવાસ
બિનોય આચાર્ય

વાર્ષિક લવાજમ: રૂ.૨૫/- ડ્રાફ્ટ કે મની ઓર્ડર 'ઉન્નતિ' વિકાસ શિક્ષણ સંસ્થાના નામે મોકલવા.

**ફક્ત અંગત વિતરણ માટે**

સંપાદકીય

## પાણીની પ્રાપ્તિ: એક મૂળભૂત અધિકાર

'પાણી એ જીવન છે' એમ સંસ્કૃત સાહિત્યમાં કહેવાયું છે. પણ દુકાળગ્રસ્ત ગુજરાતમાં, રાજસ્થાનમાં અને ભારતના બીજા એવા જ પ્રદેશોમાં પાણીની અછત મનુષ્ય જીવન અને પશુ જીવન બંનેને દોહ્યલું બનાવે છે. ગુજરાતમાં પાણીની અછતથી ઊભા થતા સામાજિક સંબંધોના તનાવો એક યુવાન મહિલાને આપઘાત કરવા તરફ દોરી જાય છે, તો બીજી તરફ પાણીના અધિકાર માગતા ગ્રામજનો પર પોલિસ ગોળીબાર પણ થાય છે. સાથે સાથે પાણીના વપરાશની અસમાનતા પાણી અંગેના વાસ્તવિક અર્થકારણ તરફ આપણા સૌનું ધ્યાન ખેંચે છે.

ભૂગર્ભ જળ ઊંડાં જવાની અને પાણી પ્રદૂષિત થવાની સમસ્યાઓ પાણીના પ્રશ્નમાં નવાં પરિમાણો ઉમેરે છે અને પાણીની પ્રાપ્તિ અંગેના અધિકારો વિશે નવેસરથી વિચારણા કરવા પ્રેરે છે. આમ, પાણીની સમસ્યા અંગે જ કામ કરતી સ્વૈચ્છિક સંસ્થાઓની દરમ્યાનગીરી પ્રશ્નની વ્યાપકતા જોતાં ખૂબ જ નાના કદની માલૂમ પડે છે. વરસાદી જળના સંગ્રહ, લોકોની ભાગીદારી સાથેના જળસ્રાવ વિકાસ અને પાણીના અધિકારોમાં સામાજિક સમાનતાનાં કામો હાલ સ્વૈચ્છિક સંસ્થાઓ મોટા પાયા પર કરી રહી છે. આમ છતાં, પાણીની અછતની તીવ્રતા અને વ્યાપકતાને જોતાં આ પ્રયાસો વિસ્તાર અને અસર બંનેની દૃષ્ટિએ મર્યાદિત રહ્યા છે. આથી વ્યક્તિગત સ્તરે અને કુટુંબ સ્તરે પાણીના થતા બગાડને રોકવાના પ્રયાસો થાય એ ખૂબ જ જરૂરી છે. આવો બગાડ પાણીની અસમાન પ્રાપ્તિને આભારી છે અને પાણી મેળવનારા લોકો પાણી નહિ મેળવનારા લોકોની પ્રત્યે સંવેદનશીલતા ધરાવતા નથી. એટલે પાણીનો વપરાશ કેવી રીતે કરવો અને પાણીનું જતન કેવી રીતે કરવું એનું શહેરી અને ગ્રામીણ બંને વિસ્તારોના નાગરિકોને વ્યાપક શિક્ષણ આપવાની જરૂર છે. ઉપરાંત, પાણીનો બગાડ કરતા અને પાણીને પ્રદૂષિત કરતા લોકો અને એકમો સામે દંડાત્મક કાર્યવાહી માટે સામાજિક દબાણ ઊભું કરવાની પણ આવશ્યકતા છે. વળી, ઓછી કિંમતે અથવા નહિવત્ કિંમતે પાણી મેળવતા લોકો અને એકમો પણ સામાજિક અને રાજકીય ચિંતાનો વિષય બનવા જોઈએ. ભાવ નિર્ધારણની વ્યવસ્થા અસમાનતાને પોષનારી ના બને એવું રાજકીય અને સામાજિક વાતાવરણ પણ ઊભું કરવું પડશે.

એ જ રીતે પાણીનો પ્રશ્ન ઉકેલવામાં લોકોની સહભાગિતા મહત્ત્વની છે. પરિયોજનાઓના આયોજન અને અમલમાં અત્યાર સુધી મહદંશે વહીવટી અને ઈજનેરી બાબતો જ મહત્ત્વની રહી છે. ઘરેલૂ વપરાશ, સિંચાઈ કે ઔદ્યોગિક અને વ્યાપારી હેતુઓ માટેના પાણીના આયોજનમાં અને યોજનાઓના અમલમાં લોકોની સામેલગીરી માટેના પ્રયાસોને ઉત્તેજન આપવા માત્રથી પાણીની સમસ્યા ઉકેલાતી નથી. એટલે જ પાણીના અધિકારનો પ્રશ્ન મહત્ત્વનો બને છે. પાણી એ સૌનો મૂળભૂત અધિકાર છે. અસમાન વહેંચણીને પરિણામે કેટલાક લોકો પાણી પર વિશેષાધિકારો ધરાવતા થાય છે. એટલે પાણીની સમસ્યા માત્ર પરિયોજનાઓ અને કાર્યક્રમોની નથી. પણ સૌના જીવનના અધિકારની છે. એ પરિપ્રેક્ષ્યમાં જ પાણીની જટિલ સમસ્યાને ઉકેલવાના પ્રયાસો યોગ્ય ગણાય.

# ગુજરાતમાં જળ સંચાલન માટે સંસ્થાકીય વિકાસના માપદંડો

'વિકસત' દ્વારા તાજેતરમાં અમદાવાદ ખાતે જળ સંચાલન અંગે યોજાયેલી એક સર્વગ્રાહી કાર્યશાળાનો અહેવાલ અહીં આપવામાં આવ્યો છે. આ અહેવાલ 'વિકસત'ના સર્વ **શ્રી શ્રીનિવાસ મુદ્રકર્તા, શશીકાન્ત ચોપડે, અંજલ પ્રકાશ** અને **મીનાક્ષી ગાડગીલ** દ્વારા તૈયાર કરાયો છે.

**પ્રસ્તાવના**

ગુજરાતમાં શહેરી અને ગ્રામીણ સમાજના તમામ વર્ગો પાણીની અછત અને પ્રદૂષણની અસરોનો વધુ ને વધુ અનુભવ કરી રહ્યા છે. જો કે, દરેક વર્ગ ઉપર જુદી જુદી અસર થાય છે. પરિસ્થિતિ વણસી રહી છે કારણ કે શિયાળાની ઋતુ દરમ્યાન પણ પાણીની તીવ્ર અછતનો અનુભવ થાય છે. ખેતીની ઉત્પાદકતા ઘટી રહી છે અને અસરગ્રસ્ત સમુદાયોને શહેરી વિસ્તારોમાં સ્થળાંતર કરી જવાની ફરજ પડે છે. આ સ્થળાંતરથી તદ્દન જુદા જ પ્રકારના પ્રશ્નો ઊભા થાય છે. ગુજરાત સરકારે રાજ્યનાં ૧૮૦૦૦ ગામોમાંથી લગભગ ૧૪૦૦૦ ગામોને આ વર્ષે પાણીની તીવ્ર અછતને પરિણામે 'સમસ્યાગ્રસ્ત ગામો' જાહેર કર્યાં છે. ૧૦,૦૦૦ ગામોને 'સ્રોતવિહીન' ગામો તરીકે ઓળખી કાઢવામાં આવ્યાં છે અને આ ગામોની પીવાના પાણીની જરૂરિયાત બહારથી સંતોષવામાં આવે છે. પાણીની અછતની સમસ્યા વધી રહી છે અને ગ્રામ વિસ્તારોમાં સિંચાઈ માટે ભૂગર્ભ જળ પરનું અવલંબન વધતું જાય છે અને શહેરી વિસ્તારોમાં પીવાના પાણી માટે પણ તે વધતું જાય છે.

ગુજરાતનું ૭૫ ટકા ભૂગર્ભ જળ વપરાઈ ચૂક્યું છે અને ઉત્તર ગુજરાતના ૪૩ તાલુકામાંથી ૧૮ તાલુકામાં તો તેનો વધુ પડતો વપરાશ થઈ ગયો છે. ગુજરાતના ૧૬૦૦ કિ.મી. લાંબા દરિયા કિનારામાંથી ૧૧૦૦ કિ.મી.માં ખારાં પાણી જમીનમાં ઘૂસી જવાની સમસ્યા છે. ગુજરાતમાં કુલ ૨૪ નદીઓના તટ છે અને તે પીવા માટે તથા સિંચાઈ માટેના પાણીનાં મુખ્ય સ્રોત છે. તેમાંના ઘણા બધા સુકાઈ ગયા છે અથવા તો નદીઓમાં પ્રદૂષકો બેરોકટોક ઠલવવાથી પ્રદૂષિત થઈ ગયા છે. આ બધાએ ગુજરાતમાં પીવાના પાણીની અછતને વધારે તીવ્ર બનાવી છે. ગ્રામ વિસ્તારોમાં સ્ત્રીઓ એક ઘડો પાણી મેળવવા માટે માઈલો સુધી ચાલે છે અને પાણી માટેનાં રમખાણો તદ્દન સામાન્ય બાબત બની રહ્યાં છે. આ વર્ષે ભારે દુકાળે ગુજરાતના તમામ વિસ્તારોમાં પરિસ્થિતિ વણસાવી દીધી છે.

'ગુજરાતમાં જળ સંચાલન માટે સંસ્થાકીય વિકાસના માપદંડો' અંગેની રાજ્ય કક્ષાની કાર્યશાળામાં આ મુદ્દાઓથી જ ચર્ચાનો આરંભ થયો. 'વિક્રમ સારાભાઈ સેન્ટર ફોર ડેવલપમેન્ટ ઈન્ટરએક્શન' (વિકસત) દ્વારા ૨૯મી ફેબ્રુઆરી, ૨૦૦૦ના રોજ અમદાવાદ ખાતે આ કાર્યશાળાનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યશાળાનો હેતુ સ્વૈચ્છિક સંસ્થાઓ, સરકારી સંગઠનો, સંશોધકો અને વિદ્વાનો વચ્ચે અનુભવોની આપ-લે કરવાનો હતો અને ગુજરાતમાં વિવિધ કાર્યક્રમો દ્વારા જળ સંચાલન માટે અસરકારક સંસ્થાઓ માટે બોધપાઠ શીખવાનો હતો. આ કાર્યક્રમોમાં જળસ્રાવ સંચાલન, જળસંગ્રહ, સહભાગી સિંચાઈ સંચાલન વગેરેનો સમાવેશ થયો હતો. કાર્યશાળામાં જળ સંસાધનોમાં સંસ્થાઓ, જળ સંચાલન માટેનો અભિગમ, પંચાયતોની ભૂમિકા ઉપર ધ્યાન કેન્દ્રિત કરવામાં આવ્યું હતું અને જળ સંસાધન સંચાલન કાર્યક્રમોમાં મહિલાઓની ભાગીદારી માટેની વ્યૂહરચના ઘડવા પર ધ્યાન કેન્દ્રિત કરાયું હતું.

કાર્યશાળાનું ઉદ્‌ઘાટન કરતાં ગ્રામ વિકાસ કમિશનર શ્રી રવિ સકસેનાએ કહ્યું કે જળ સંચાલન માત્ર ડિઝાઈન અને તેનાં વિવિધ માળખાં કે બાંધકામો નથી, પરંતુ તેમાં સામાજિક ઈજનેરીનો સમાવેશ થાય છે. તેમના મતે પરિસંવાદ આ તમામ પ્રશ્નોને સંસ્થાગત રીતે જોવા માટે છે કે જેથી ગુજરાત રાજ્યના જળ સંચાલન સંબંધી પ્રશ્નોને તે રીતે જોઈ શકાય અને જળના જતન માટેની યોગ્ય પદ્ધતિઓ માટે લોકોની કાર્યસૂચિ ઘડી શકાય. તેમણે કહ્યું કે ગુજરાતમાં ૭૦ ટકા જળસ્રાવ વિકાસ યોજનાઓનો સ્વૈચ્છિક સંસ્થાઓ દ્વારા અમલ થાય છે અને પરિણામો ઘણાં જ વિધાયક છે. તેમણે રાજ્યમાં પાણીના એકંદર સંચાલનમાં જીઆઈએસની જરૂરિયાત ઉપર ભાર મૂક્યો અને કહ્યું કે ગ્રામ વિકાસ વિભાગ ટૂંકમાં ગુજરાત માટે જીઆઈએસ નકશા તૈયાર કરશે અને તે આયોજનને વધારે સરળ બનાવશે.

ગુજરાત-સ્થિત સ્વૈચ્છિક સંસ્થાઓનાં ઉદાહરણો આપતાં 'વિકસત' ના નિયામક શ્રી શ્રીનિવાસ મુદ્રકર્તાએ કહ્યું કે કોઈ પણ પરિયોજનાના અમલમાં સફળતા માટે જળ સંચાલનમાં લોકોની સામેલગીરી ઘણી જ મહત્ત્વની છે. ગુજરાતમાં દર ૪-૫ વર્ષે એક વર્ષે ચોમાસુ નિષ્ફળ જાય છે અને આપણે બધા ગભરાઈ જઈએ છીએ. એ સ્પષ્ટપણે એમ દર્શાવે છે કે આપણે આપણા પાણીનું યોગ્ય સંચાલન કરી રહ્યા નથી. વધુમાં, પાણીની અછતની સમસ્યા આડેધડ ઉકેલી શકાય નહિ, કે જે રીતે રાજકોટમાં થઈ રહ્યું છે. રાજકોટથી ૫૦ કિ.મી.ની ત્રિજ્યામાં ૧૬૦૦

ફૂટ ઊંડે સુધી બોરવેલ કરાઈ રહ્યા છે કે જેથી શહેરને પાણી પૂરું પાડી શકાય. દરેક બોરવેલ રોજના ૧ લાખ ગેલન પાણી પૂરું પાડી શકે. પણ ખરેખર તેટલું પાણી આવતું જ નથી. ખેતી અને ઉદ્યોગો પર આ બોરવેલની કેટલી વિપરીત અસર થશે તેનો અંદાજ કાઢી શકાય છે. આજે આયોજન અને અમલમાં હિતધારકોની ભાગીદારીના અભાવ, પાણીના વપરાશકારો અને સંચાલકો તરીકે મહિલાઓની સામેલગીરીનો અભાવ અને યોગ્ય સંસ્થાકીય વ્યવસ્થાના અભાવને લીધે પાણીની કટોકટી ઊભી થઈ છે. તેમણે સામુદાયિક ભાગીદારી સાથેના સ્થાનિક સ્તરના જળસંગ્રહનાં ઉદાહરણો આપ્યાં હતાં.




શ્રી મુદ્રકર્તાએ ભારપૂર્વક એમ પણ કહ્યું કે જળનું જતન એ કંઈ માત્ર એકલાં ગામડાંઓનો જ પ્રશ્ન નથી. શહેરો પણ વરસાદી પાણીનો સંગ્રહ ઘરોની છત પર પડતા પાણીથી કરી શકે છે.

કાર્યશાળામાં સંસ્થાકીય ડિઝાઈનનાં પાસાં, જળ સંચાલનના અભિગમો, મહિલાઓના પ્રશ્નો અને પંચાયતો સાથેના તેમના સંબંધો તથા રાજ્યમાંના પાણીનાં વપરાશકાર જૂથો વિશે ચર્ચા થઈ હતી. કાર્યશાળામાં ૧૫ જેટલા અભ્યાસ લેખો રજૂ કરાયા હતા અને તેમાં સ્વૈચ્છિક સંસ્થાઓ, સરકારી સંગઠનો, સંશોધન અને વિદ્યાકીય સંસ્થાઓ તથા સ્થાનિક જૂથોના ૫૫ પ્રતિનિધિઓ હાજર રહ્યા હતા. કાર્યશાળામાં ચાર મુદ્દાઓ પર ચર્ચા થઈ હતી.

**૧. જળ સંસાધન સંચાલનનાં સંસ્થાકીય પાસાં**

જળસ્રાવ વિકાસ, જળસંગ્રહ, સહભાગી સિંચાઈ સંચાલન, સિંચાઈની કાર્યક્ષમ પદ્ધતિઓ જેવા વિવિધ કાર્યક્રમોએ આ માટે વિવિધ નેટવર્ક્સ ઊભાં કર્યાં છે. વિવિધ સંસ્થાઓ આ સ્રોતો અને નેટવર્ક્સના સંચાલન માટે ઊભી થઈ છે. આ સંસ્થાઓએ વિવિધ ડિઝાઈનો, કામગીરીઓ અને નિયમો તથા ધોરણો અપનાવ્યાં છે કે જે તેમના સભ્યોને જળ પ્રાપ્તિ, અંકુશ અને અધિકાર વિશે નિશ્ચિત દિશા આપે છે. સંસાધન સંચાલન મુખ્યત્વે આ સંસ્થાઓ અને તેમની કાર્યક્ષમતા ઉપર આધારિત છે. નીચેના મુદ્દાઓ વિશે તેમાં ચર્ચા થઈ:

- સભ્યોમાં વ્યવસાયનું વૈવિધ્ય છે તેમ નિયમોનું વૈવિધ્ય છે, દેખરેખ વગેરે માટેના નિયમો છે.
- આ નિયમોએ કેવી રીતે પ્રોત્સાહનો અને લાભો ઊભા કર્યા છે અને બદલામાં તે કેવી રીતે વહેંચાય છે.
- સંઘર્ષોનું સ્વરૂપ અને તેમના ઉકેલની વ્યવસ્થા.
- સ્થાનિક સંગઠનો લાંબા ગાળા માટે કામ કરે તે અંગેના નિયમો.
- નાણાકીય અને નિયમનકારી એવી અન્ય સંસ્થાઓની વર્તમાન અને ભાવિ ભૂમિકા.
- ટકાઉ સંસ્થાઓ ઊભી કરવા માટે લોકોને સક્ષમ બનાવવા કોઈ પરિયોજનાનો ઈષ્ટતમ ગાળો કેટલો હોવો જોઈએ? સ્વૈચ્છિક સંસ્થા ત્યાંથી હટી જાય તે માટેની વ્યૂહરચના કેવી હોવી જોઈએ?

**અભ્યાસ લેખો**

મુંબઈની 'સોસાયટી ફોર પ્રમોટિંગ પાર્ટિસિપેટરી ઈકો-સીસ્ટમ મેનેજમેન્ટ'ના શ્રી કે. આર. દાત્યેએ 'જળ કાનૂન, જળ નીતિ અને સંસ્થાઓ' અંગે પોતાનાં મંતવ્યો રજૂ કરતાં ભૂગર્ભ જળ સંચાલનના વર્તમાન કાનૂની માળખાની ટીકા કરી. તેમણે કહ્યું કે જ્યારે કોઈ ભૂગર્ભ જળની વાત કરે છે ત્યારે તે માટેનો એક કાયદો છે જ, એક સત્તામંડળ પણ છે પણ તેના અમલની અસરકારક વ્યવસ્થા જ નથી. તેમણે કહ્યું કે નીતિના ઘડતર અને અમલની જવાબદારી વચ્ચે આંતરિક સંબંધ છે અને તે સમુદાય સ્તરે જ સ્થાપી શકાય તેમ છે. તેમણે સ્વૈચ્છિક સંસ્થાઓને સમુદાયને મજબૂત બનાવવા બજાર અને રાજ્યની બહારના શક્તિશાળી લોકો વચ્ચે સંવાદ ઊભો કરવા હાકલ કરી હતી.

પછી 'નિરમા ઈન્સ્ટિટ્યુટ ઓફ મેનેજમેન્ટ'ના પ્રો. અસ્તાદ પસ્તાકિયાએ 'આરોગ્ય, સંપત્તિ અને ચિરંતન સમૃદ્ધિ: સંસ્થાકીય ચિરંતનતાના નિર્દેશકોનો સંગ્રહ' વિશે અભ્યાસ લેખ રજૂ કર્યો હતો. તેમના અભ્યાસ લેખમાં સંસ્થાકીય આરોગ્ય અને ચિરંતનતાને ચકાસવા માટેના નિર્દેશકોની યાદી હતી. વિવિધ નિર્દેશકોમાં સૌથી મહત્ત્વનું નિર્દેશક સંગઠનમાં સૌની સહિયારી ભાવિ દૃષ્ટિ હતું. બીજો એક મહત્ત્વનો મુદ્દો હિતધારકો અંગેનો હતો- બધા જ હિતધારકોનાં હિતોને ધ્યાનમાં લેવાયાં છે કે નહિ, તેમનું પ્રતિનિધિત્વ સચવાયું છે કે નહિ, તેમની પૂરતી સહભાગિતા છે કે નહિ, મહિલાઓ અને સમાનતાના પ્રશ્નોને ધ્યાનમાં લેવાય છે કે નહિ વગેરે.

**જળ સંસાધન સંચાલનનો અભિગમ**

સપાટી પરનું જળ અને ભૂગર્ભ જળ બંનેના સંચાલન માટે અનેક અભિગમોનો પ્રયોગ થયો છે અને તે વિવિધ જળ સંબંધી તેમ જ

સામાજિક પરિસ્થિતિમાં થયો છે. આ અભિગમોમાં અલગ અલગ દર્શન છે, અમલની અલગ અલગ શૈલી છે અને તેથી તેમની અસરો પણ અલગ અલગ છે. તેમાં નીચેના મુદ્દાઓ ઓળખી કઢાયા:

- સમગ્રતાલક્ષી અભિગમ અપનાવવાના ગુણદોષ કયા કયા છે? અલગ અલગ કાર્યક્રમોનું સંકલન કેવી રીતે થઈ શકે? જળ સંચાલન માટે સ્થાનિક સંસ્થાઓના સભ્યો માટે આ અભિગમ કેવી રીતે અને કયા પ્રકારનાં પ્રોત્સાહનો પૂરાં પાડશે?
- શું એ તળિયેથી ઉપરનો વિકેન્દ્રિત આયોજનનો અભિગમ હોવો જોઈએ? ઉપરથી નીચેના કેન્દ્રિત આયોજનના અભિગમની તુલનાએ તેમના લાભાલાભ શા છે?
- જળ સંસાધન સંચાલન અને ગ્રામ વિકાસના અન્ય કાર્યક્રમો વચ્ચે કયા આંતરસંબંધો છે? કોઈ પણ કાર્યક્રમના લક્ષ્યાંકો સિદ્ધ કરવા માટે આ સંબંધો કેવી રીતે મદદરૂપ થાય છે?
- જળ સંસાધન સંચાલન માટે અપનાવાયેલા કોઈ પણ અભિગમમાં સામેલ વિવિધ સંસ્થાઓની ભૂમિકા શી હોવી જોઈએ?

ગુજરાતમાં જળસ્રાવ કાર્યક્રમોનું વિહંગાવલોકન રજૂ કરતાં 'ગુજરાત ઈન્સ્ટિટ્યુટ ઓફ ડેવલપમેન્ટ રિસર્ચ'નાં ડૉ. અમીતા શાહે જળસ્રાવ કાર્યક્રમ એક પરિયોજના કરતાં વિશેષ તો એક પ્રક્રિયા છે એ વાત પર ભાર મૂક્યો. તેમણે કહ્યું કે ગુજરાત જળસ્રાવ સંચાલનનો સમૃદ્ધ અનુભવ ધરાવે છે પરંતુ દાતાઓ, અમલકર્તાઓ અને લોકો દ્વારા જળસ્રાવ કાર્યક્રમને જે રીતે જોવામાં આવી રહ્યો છે તેમાં ખૂટતી કડીઓ અનેક છે અને લોકો તો હજુ છેડે જ બેઠા છે. કાર્યક્રમ ક્યાંક ઘડવામાં આવે છે અને નાણાંનો ખર્ચ બીજે ક્યાંક નક્કી થાય છે, અને મૂળ વિકેન્દ્રિત આયોજનની ઢબે જેમણે કાર્યક્રમ વિકસાવ્યો છે તેઓ તે એ કાર્યક્રમ જાણે કે મેળવી રહ્યા છે. તેમના મતે જળસ્રાવનો સમગ્ર કાર્યક્રમ ગુજરાતમાં હજુ પણ લોકો દ્વારા ઊભો થઈ રહ્યો નથી. અને જ્યાં સુધી એ વધારે પ્રક્રિયાનો અભિગમ નહિ બને ત્યાં સુધી કાર્યક્રમના ઉદ્દેશો પાર પાડવા મુશ્કેલ છે. ડૉ. શાહે તાજેતરમાં જ રાજ્યના જળસ્રાવ કાર્યક્રમોનું વિહંગાવલોકન કર્યું છે.

### પંચાયતો અને પાણી વપરાશકાર જૂથો

૭૩મા બંધારણીય સુધારા બાદ પંચાયતો સત્તાવાર રીતે શાસનની વિકેન્દ્રિત વ્યવસ્થાનો ભાગ બની છે. પરંતુ વ્યવહારમાં એમ અનુભવાય છે કે પંચાયતો લોકોના પ્રતિનિધિઓ દ્વારા ચાલવાને બદલે અમલદારશાહીના વિસ્તારિત અંગ તરીકે જ ચાલે છે. સરકારે અને સ્વૈચ્છિક સંસ્થાઓએ જળ સંસાધન સંચાલન કાર્યક્રમ શરૂ કર્યો છે. તેમાં તેના અમલ માટે નવાં સંસાધન આધારિત જૂથો રચાયાં છે. તાજેતરના કેટલાક ક્ષેત્રીય અનુભવો એમ દર્શાવે છે કે પંચાયતો તથા જળસ્રાવ વપરાશકાર મંડળો, વપરાશકાર જૂથો, વૃક્ષ ઉત્પાદક સહકારી મંડળીઓ અને ઉર્ધ્વ સિંચાઈ સહકારી મંડળીઓ જેવી સંસ્થાઓ વચ્ચે સંઘર્ષો ઊભા થાય છે. તેમાં આ મુદ્દાઓ મહત્ત્વના છે:

- જળ સંચાલનમાં પંચાયતોની ભૂમિકા અને જવાબદારીઓ હાલ શાં છે? હાલનાં અને સંભવિત સંઘર્ષનાં ક્ષેત્રો ક્યાં છે? અને સંભવિત ઉકેલની વ્યવસ્થા કઈ છે? જળ સંચાલન માટે પંચાયતો લોકોને સક્ષમ બનાવવા માટેની ભૂમિકા કેવી રીતે ભજવી શકે? પંચાયતો અન્ય સ્થાનિક સંસ્થાઓ સાથે સંવાદી રીતે કેવી રીતે કામ કરી શકે?
- સ્થાનિક સ્તરે સંસ્થાઓ વધારે હોય તો તેની તેમની કામગીરી પર શું અસર થાય છે?
- આ સંસ્થાઓ ઉત્સાહભેર કામ કરે તે માટે જરૂરી ક્ષમતાઓનો અવકાશ કેટલો છે અને તેનું સ્વરૂપ શું હોઈ શકે?

'સેન્ટર ફોર એન્વાયર્ન્મેન્ટ પ્લાનિંગ એન્ડ ટેકનોલોજી'નાં દર્શિની મહાદેવિયા અને 'અમદાવાદ સ્ટડી એક્શન ગ્રુપ' (અસાગ)ના રાજેશ ભટ્ટ દ્વારા 'મેનેજમેન્ટ ઓફ ડ્રિન્કિંગ વોટર બાય એ મહિલા પાણી પંચાયતઃ પ્રોસેસ એન્ડ ઈસ્યુઝ' પરના અભ્યાસ લેખમાં અમદાવાદ જિલ્લાના રૂપાલ ગામનો એક અભ્યાસ રજૂ કરાયો હતો. આ જિલ્લો પાણીની અછતની સમસ્યાનો સામનો કરી રહ્યો છે અને સુશ્રી અમીનાબહેનના નેતૃત્વ હેઠળ રૂપાલ ગામના મહિલા મંડળે ગ્રામ પંચાયતમાં પાણી સમિતિની રચના દ્વારા પાણીના પુરવઠાનું નિયમન કર્યું છે. લેખકોના મતે પીવાના પાણી માટે મહિલાઓની ભૂમિકા અસરકારક બને છે કારણ કે પર્યાવરણ સાથે તેમને રોજનો નાતો અને રોજિંદા જીવન માટે તે ખૂબ જ અગત્યનું છે. અને જ્યારે જ્યારે આ સંબંધો ખતરામાં પડે છે ત્યારે મહિલાઓ પરિવર્તનની પ્રભાવક અધિકર્તા બને છે.

### જળ સંચાલનમાં મહિલાલક્ષી દૃષ્ટિકોણ

છેલ્લા કેટલાક દાયકાઓ દરમ્યાન જળ સંસાધન સંચાલન કાર્યક્રમોમાં મહિલાઓની સામેલગીરીની જરૂરિયાત અને ખાસ કરીને નિર્ણય લેવાના સ્તરે તેમની જરૂરિયાત વધી છે. મહિલાઓની કુટુંબના સંચાલનમાં ભૂમિકા મહત્ત્વની છે તેથી જળ સંચાલનની રીતોમાં પણ તેઓ અગત્યની ભૂમિકા અદા કરે છે. સાથે સાથે ખેતી જેવા ઉત્પાદનના ક્ષેત્રે પણ મહિલાઓ સમાન રીતની ભાગીદાર છે. પિયત સિંચાઈ અને હરિયાળી ક્રાંતિએ ઉત્પાદન વધાર્યું છે અને એમનો કાર્યબોજ વધાર્યો છે. સાથે સાથે પાણી વપરાશકાર જૂથ, વૃક્ષ ઉત્પાદક સહકારી મંડળીઓ વગેરે જેવી સ્થાનિક સંસ્થાઓમાં તેમની ભૂમિકા ભેદભાવને પરિણામે ખૂબ નગણ્ય રહી છે. સ્ત્રીઓની ભૂમિકા કુટુંબમાં છે અને ઉત્પાદનની પ્રક્રિયા સાથે નથી એવી લોકવાયકામાંથી આ પરિણામ આવ્યું છે, પછી ભલે ને ઉત્પાદનની પ્રક્રિયામાં તે સરખી હિસ્સેદાર હોય. પાણી

સાથેના સંદર્ભમાં મહિલાઓ પ્રત્યેનો આ ભેદભાવ મુખ્યપણે તો પાણીનો ઉપયોગ મહિલાઓ કરે છે તેમાંથી નથી આવતો પણ પાણી કોણ મેળવે છે અને તેના પર કોણ અંકુશ ધરાવે છે તેમાંથી આવે છે. તેથી ભેદભાવયુક્ત દૃષ્ટિકોણ બદલવા માટે નિર્ણય પ્રક્રિયામાં સ્ત્રીઓની ભાગીદારી મહત્ત્વની બને છે. આ સંદર્ભે જે ચિંતા વ્યક્ત થઈ તેમાં નીચેના મુદ્દાઓ મહત્ત્વના છે:

- વર્તમાન સામાજિક-સાંસ્કૃતિક પરિસ્થિતિમાં જળ સંચાલન કાર્યક્રમોમાં મહિલાઓની ભાગીદારી વધારવા માટે કઈ વ્યૂહરચના છે?
- સામુદાયિક પ્રયાસોને પરિણામે પ્રાપ્ય પાણી ઉપર મહિલાઓનો અંકુશ વધારવાના કયા રસ્તા છે?
- નિર્ણય પ્રક્રિયામાં મહિલાઓ વધુ ભાગીદાર થાય તે માટે મહિલાઓની આર્થિક સક્ષમતા વધારવાના માર્ગો કયા છે?
- જળ સંચાલન કાર્યક્રમોમાં મહિલાઓની સહભાગિતાને લીધે પુરુષો અને સ્ત્રીઓ વચ્ચેના સંબંધો બદલાઈ રહ્યા છે?



કાર્યશાળામાં ચાલી રહેલી જૂથ ચર્ચા.

ભાવનગરની સ્વૈચ્છિક સંસ્થા 'એરિયા નેટવર્કિંગ એન્ડ ડેવલપમેન્ટ ઇનિશ્યેટિવ્ઝ'નાં સુશ્રી જાહ્નવી અંધારિયાએ 'જેન્ડર પરસ્પેક્ટિવ ઈન વોટર મેનેજમેન્ટ' વિશે પોતાનાં મંતવ્યો વ્યક્ત કરતાં કહ્યું કે પ્રાકૃતિક સંસાધનોના સંચાલનના કાર્યક્રમોમાં પરિયોજનાના તમામ તબક્કે મહિલાઓને સામેલ કરવાની જરૂર છે. એનું કારણ એ છે કે મહિલાઓ મોટી હિતધારકો છે. એનું કારણ એ પણ છે કે તેઓને ઘરેલૂ અને ખેતી બંને હેતુઓ માટે પાણી સાથે પનારો પડે છે. જો કે, સંચાલનની પ્રક્રિયાઓમાં મહિલાઓ વિભિન્ન કારણોસર છેવાડે રહી જાય છે. તેમના મતે, મહિલાઓની સામેલગીરીનો અર્થ એ છે કે તેમનામાં આત્મવિશ્વાસ જન્મે અને નિર્ણયો લેવાની ક્ષમતા વિકસે તે માટે તેમને વિશિષ્ટ રીતે તૈયાર કરવી. આથી ગ્રામ સ્તરે અને સંગઠન સ્તરે એમ બન્ને સ્તરે તેમની સહભાગિતા વધારવા માટેનું સંસ્થાકીય માળખું સ્થાપવું જરૂરી છે.

## ખુલ્લી બેઠકમાં ઉપસેલા મુદ્દા

ઉપરોક્ત તમામ વિષયો વિશે કાર્યશાળામાં જૂથ ચર્ચાઓ યોજાઈ અને તેની રજૂઆતોનો ગુજરાતમાં જળ સંચાલન માટેનું સંસ્થાકીય માળખું ઊભું કરવામાં ઉપયોગ થયો. અમદાવાદની સ્વૈચ્છિક સંસ્થા 'ડેવલપમેન્ટ સપોર્ટ સેન્ટર'ના વડા શ્રી અનિલ સી. શાહે ખુલ્લી બેઠકનું અધ્યક્ષસ્થાન સંભાળતાં ભારપૂર્વક કહ્યું કે રાજ્યમાં જળ સંચાલનની સમસ્યા ઉકેલવાનો એકમાત્ર ઉપાય સંસ્થાઓને મજબૂત કરવાનો છે. તેમણે જળ સંચાલન કાર્યક્રમોમાં મહિલાઓની સહભાગિતા વધારવા માટે અને જમીન જેવાં ઉત્પાદક સંસાધનોના માલિકીના અધિકારો મહિલાઓને આપવા માટે યોગ્ય વ્યૂહરચનાઓ ઘડવા હાકલ કરી હતી. તેમના મતે પંચાયતોએ આમાં અલગ વહીવટી ભૂમિકા ભજવવાની છે. જો કે, વપરાશકાર આધારિત જૂથો પંચાયતથી અલગ હોવાં જોઈએ કે જે ગ્રામ સભાને ઉત્તરદાયી હોય. શ્રી શાહે ગુજરાતમાં જળ સંચાલન માટે સમગ્રલક્ષી અભિગમ અપનાવવાની હિમાયત કરી હતી અને લોકોની ભૂમિકા વધારવા પર તથા સંસાધનો પર લોકોનો અંકુશ વધારવા પર ભાર મૂક્યો હતો. જે મુદ્દાઓ અને વ્યૂહરચનાઓ રજૂ થયા તેમાંના કેટલાક નીચે મુજબ છે:

### ૧. સ્થાનિક જળ સંચાલન પ્રવૃત્તિઓ

જંગલો અને પાણી બે મોટાં પ્રાકૃતિક સંસાધનો છે કે જેમનું સ્થાનિક સ્તરે જતન થાય એ જરૂરી છે. જંગલોનું પ્રમાણ વધે અને સાર્વજનિક સંસાધનોનું રક્ષણ થાય તો પાણીની પ્રાપ્યતા વધશે અને પાણીની પ્રાપ્યતા વધે તો એ બંને પણ થાય. સ્થાનિક સંચાલનની અનેક પ્રવૃત્તિઓ છે કે જે તે વિસ્તારમાં પાણીની પ્રાપ્યતા વધારે. એમાંની કેટલીક નીચે મુજબ છે:

*અ. સાર્વજનિક જમીન, તળાવો અને જળસંગ્રહોનું રક્ષણ અને સંચાલન:* અનેક ગામડાં તેમનાં જંગલો અને તળાવો વગેરેનું સંચાલન કરે છે. આ પર્યાવરણીય સંસાધનોનો વિનાશ થઈ રહ્યો છે કારણ કે ગામડાંની સંસ્થાઓ આ સંસાધનો પર પોતાનો અંકુશ ગુમાવી રહી છે. જો કે, ભારતના બંધારણમાં થયેલા ૭૩મા સુધારાએ કંઈક અંશે સ્થાનિક સમુદાયોને આ સત્તાઓ પાછી આપી છે, અને પંચાયતો સ્વશાસનના એકમો બની છે. ગામની સ્થાનિક સંસ્થાઓ ગૌચર જેવી સાર્વજનિક જમીનોનું રક્ષણ કરી શકે છે. એ જ રીતે ગામનાં તળાવોમાંથી કાંપ કાઢી શકાય કે જેથી તેને ઉભરાતું રોકી શકાય. જમીન અને ભેજના જતનની અનેક પદ્ધતિઓ છે અને સ્થાનિક જળ સંચાલનની પ્રવૃત્તિઓ માટે તેમનો ઉપયોગ કરી શકાય. તેમાં સાર્વજનિક અને ખાનગી જમીનમાં વૃક્ષોનું વાવેતર, નાળાં બંધ કરવાં, નીકો બંધ કરવી, નાના ચેકડેમ બાંધવા, સાર્વજનિક જંગલનું ચરાણ વગેરેથી રક્ષણ વગેરે પ્રવૃત્તિઓનો તેમાં સમાવેશ થાય. આ પદ્ધતિઓ વરસાદી પાણીનો સંગ્રહ

કરવામાં અને જમીનમાં ભેજનું પ્રમાણ વધારવામાં ઉપયોગી થાય છે અને તે પાણીની પ્રાપ્યતા વધારે છે.

*આ. જળ સંચાલનની દેશજ રીતોઃ* ભારતમાં પ્રાચીન કાળથી પાણીનો સંગ્રહ થતો આવ્યો છે, અને પ્રાચીન ગ્રંથો તથા સ્થાનિક પરંપરાઓમાં તેમના પુરાવા મળે છે. જો કે, આ પુરાવા સ્થાનિક વિસ્તારો અંગેના છે અને તે મહદંશે ભૌગૌલિક-પર્યાવરણીય પરિસ્થિતિ ઉપર આધાર રાખનારા છે. આ સ્થાનિક પદ્ધતિઓ લાંબા સમયથી ઊભી થઈ છે અને તેથી તે સ્થાનિક સામાજિક-આર્થિક તથા પર્યાવરણીય પરિસ્થિતિને અનુકૂળ હોય છે. ઉત્તર ગુજરાતમાં ટાંકા વ્યવસ્થા હતી એ દેશજ પદ્ધતિનો પુરાવો છે. આવી પદ્ધતિઓ શોધી કાઢવાની અને તેમનો વર્તમાન જળ સંચાલન પદ્ધતિઓ સાથે સુમેળ બેસાડવાની તાતી જરૂર છે.

**૨. મહિલાઓની સહભાગિતામાં વધારો**

*અ. મહિલાઓને ધ્યાનમાં લેતું આયોજનઃ* જળ સંચાલન માટેની પરિયોજનાઓમાં મહિલાઓની રોજિંદી અને વ્યૂહાત્મક જરૂરિયાતો બંનેને ધ્યાનમાં લેવી જોઈએ. રોજિંદી કે વ્યવહારુ જરૂરિયાતોનો અર્થ છે કે તે તેમના રોજિંદા જીવનને અસર કરે છે અને સ્ત્રીઓએ પાણી મેળવવા માટે બે કલાક સુધી જો ચાલવું પડતું હોય તો જળસ્રાવ કાર્યક્રમ તેમને માટે પાણી નજીક લઈ આવશે. પરંતુ તેનાથી કદાચ સ્ત્રીઓ અને પુરુષો વચ્ચેના સંબંધો ન પણ બદલાય અને સમાજમાં લાંબા ગાળાનું પરિવર્તન ના પણ આવે. એનો અર્થ એ થાય કે પરિયોજનાથી સ્ત્રીઓનાં વ્યૂહાત્મક હિતોનું રક્ષણ નથી થયું અને તેમાં તેમને નિર્ણયો લેવા દેવામાં આવતા નથી અને બિનપરંપરાગત પ્રવૃત્તિઓમાં હિસ્સેદાર થવા દેવામાં આવતા નથી વગેરે. આમ, જો પાણીને તેમના ઘરની નજીક લઈ આવવાની પ્રક્રિયા મહિલાઓને નિર્ણય પ્રક્રિયામાં સામેલ કરીને તથા તેમને અન્ય સ્થળોનો પ્રવાસ કરાવીને તેઓ તેમની પ્રવૃત્તિનું આયોજન કેવી રીતે કરશે તેનો નિર્ણય કરવા દઈને કરાઈ હોત તો તેની માત્ર વ્યવહારુ જરૂરિયાતો જ ન સંતોષાઈ હોત પણ

### પીવાના પાણીની સમસ્યા ઉકેલવામાં રૂપાલ ગામની સ્ત્રીઓની ભૂમિકા

રૂપાલ ગામ અમદાવાદ જિલ્લામાં ધોળકા તાલુકામાં આવેલું છે. તેની વસ્તી ૩૦૦૦ની છે. ૧૯૮૫માં રૂપાલ ગામમાં ગ્રામ પંચાયત દ્વારા પીવાના પાણીનો પુરવઠો પૂરો પાડવા એક બોરવેલનું શારકામ કરાયું. ૧૯૯૦માં આ બોરવેલ બગડી ગયો. એનું કારણ એ હતું કે પાણીનું સ્તર નીચું જતું હતું અને પંપસેટમાં રેતી ભરાઈ ગઈ હતી અને પંપ તેથી બગડી ગયો. પંપ એ જ રીતે બગડેલી હાલતમાં રહ્યો. વીજળી બોર્ડ કે ગ્રામ પંચાયત બેમાંથી એકેએ તેનું સમારકામ કરાવ્યું નહિ. ત્રણ વર્ષ સુધી ગામની સ્ત્રીઓ પાણી ભરવા માટે રોજના ૧૦-૧૫ કિ.મી.ની ખેપ ખેડતી. સ્ત્રીઓએ પુરુષોને ઘણી વિનંતીઓ કરી પણ એ બધી બહેરા કાને જ અથડાઈ હતી. અમદાવાદની એક સ્વૈચ્છિક સંસ્થા 'અસાગ'ના એક કાર્યકર આ જ ગામના હતા. તેમણે મહિલાઓને અમીનાબહેનના નેતૃત્વ હેઠળ આ સમસ્યા હલ કરવા 'મહિલા પાણી પંચાયત'માં એકત્ર કરી.

પાણી પંચાયતે પંપ રિપેર કરાવવા માટે અને વીજળી બોર્ડનાં બાકી લેણાં ભરવા માટે કુટુંબો પાસેથી રૂ. ૬૦૦૦ ભેગા કર્યા. તેઓ વીજળી બોર્ડ પાસે આ રકમ લઈને ગઈ અને વીજળીનું જોડાણ ફરી આપવા કહ્યું તો વીજળી બોર્ડે કહ્યું કે રૂ. ૬૦૦૦ ઉપરાંત ૨૪ ટકા વ્યાજ આપવું પડે. એ રકમ રૂ. ૩૭૦૦૦ થતી હતી. સ્ત્રીઓએ વીજળી બોર્ડના આંટા માર્યા અને સત્તાવાળાઓને તેમના સારા ઈરાદાથી વાકેફ કર્યા. તેમણે તેમને એ પણ સમજાવ્યું કે આટલી રકમ પણ તેમણે કેટલી મુસીબતથી ભેગી કરી છે. તેમણે એમ પણ કહ્યું કે અત્યારે તેનાથી વધારે રકમ ભેગી કરવાનું તેમને માટે શક્ય નથી. તેથી બોર્ડના અધિકારીઓએ એક વર્ષના ગાળામાં તે રકમ આપવાની પરવાનગી આપી. બીજો સવાલ પંપનું સમારકામ કરાવવાનો હતો. કેટલાક સહાનુભૂતિ દર્શાવતા કર્મચારીઓએ સ્ત્રીઓની પહેલ જોઈને પંપનું સમારકામ કરવાની ઓફર કરી. તેમણે પાણી વેરો ઉઘરાવવાનો અધિકાર પણ 'મહિલા પાણી પંચાયત'ને આપ્યો.

રૂ. ૩૭૦૦૦ જેટલી માતબર રકમ ચૂકવવાનો સવાલ તો હજુ ઊભો હતો. થોડાં વર્ષો દરમ્યાન તે રકમ ચુકવાય તોય એ રકમ ભેગી કરવાનું મુશ્કેલ હતું જ. વધુમાં, ૨૪ ટકાનું વ્યાજ તો ઉમેરાતું જ જતું હતું. એટલે તેઓ પ્રધાન પાસે ગયા અને તેમણે તેમને એવી માહિતી આપી કે સરકારનો એક ઠરાવ છે કે જો લોકો બાકી લેણાંની ૪૦ ટકા રકમ ચૂકવી દે તો બાકીની રકમ માફ કરી દેવાય. જ્યારે પ્રશ્નનો ઉકેલ આવતો જણાયો ત્યારે ગ્રામ પંચાયતે પંપના સમારકામ માટે રૂ. ૩૦૦૦ આપ્યા અને પ્રધાને એ રકમ માફ કરવાનું બીડું ઝડપ્યું. સ્વૈચ્છિક સંસ્થાએ પણ પંપના સમારકામ માટે થોડીક રકમ લોન તરીકે આપી. હાલ 'મહિલા પાણી પંચાયત' અમીનાબહેનના નેતૃત્વ હેઠળ પીવાના પાણીના પુરવઠાનું સંચાલન ગામમાં કરે છે અને પાણી વેરો પણ ઉઘરાવે છે.

(સ્રોતઃ દર્શિની મહાદેવિયા અને રાજેશ ભટ્ટનો લેખઃ 'મેનેજમેન્ટ ઓફ ડ્રિંકિંગ વોટર સપ્લાય બાય એ મહિલા પાણી પંચાયતઃ પ્રોસેસ એન્ડ ઈસ્યુઝ')

તેમનાં વ્યૂહાત્મક હિતોનું પણ તેમાં રક્ષણ થયું હોત. એનું કારણ એ છે કે આમ કરવાથી સ્ત્રીઓ સમુદાયમાં પોતાને માટે શું મહત્ત્વનું છે તે સમજીને તેના અંગે મંત્રણાઓ કરી શકે છે અને તે સંબંધોને બદલે છે. આ સંબંધો જ પ્રાકૃતિક સંસાધનોનો ઉપયોગ કેવી રીતે નક્કી થશે તેના પર અસર કરનારા હોય છે.

આ. *પરિયોજનામાં મહિલાઓની સહભાગિતા:* ઘણી વાર મહિલાઓની સહભાગિતાને તેમનો ફાળો મજૂરીમાં મળે તે અર્થમાં જ જોવામાં આવે છે. અને તે મહિલાઓની ભાગીદારીનું ખરેખર તો ખરાબમાં ખરાબ સ્વરૂપ છે. તેનો અર્થ એ પણ થાય છે કે તેઓ નિર્ણય પ્રક્રિયામાં સામેલ થાય. સ્ત્રીઓની નિર્ણય પ્રક્રિયામાં કદી ભૂમિકા નહોતી અને જ્યાં પણ તે હતી ત્યાં વ્યક્તિગત સ્વરૂપે જ હતી. પ્રશ્ન એ છે કે આપણે કેવી રીતે સ્ત્રીઓને નિર્ણયો લેતી કરી શકીએ અને તેમને નિર્ણયો લેવાનો અધિકાર છે એવું માનતી કરી શકીએ? કેટલાંક એવાં સંગઠનો છે કે જેઓ સમગ્ર સમુદાયનાં પ્રાકૃતિક સંસાધનો વિશે વાત કરતાં પહેલાં માત્ર સ્ત્રીઓ સાથે જ વાત કરે છે. તેઓ પ્રાકૃતિક સંસાધનોના સંચાલન માટેનાં નાનાં નાનાં પાસાંને સમજવા સક્ષમ બનાવે છે. તે વખતે તેઓ તેમના પોતાના સમુદાયની અંદરનાં સંસાધનોના સંદર્ભમાં નાની ટેકનોલોજી વિશે વાત કરે છે. દા.ત. પ્રાકૃતિક સંસાધનોના સંચાલનના કાર્યક્રમોના અમલમાં સંગઠનો છ માસથી એક વર્ષ જેટલો સમય મહિલાઓ સાથે ગાળે અને તેમને માહિતી આપે. પછી પુરુષો સ્ત્રીઓને નવી માહિતી વિશે પૂછે. પુરુષો સાથે સીધી વાતચીત કરવાને બદલે પહેલાં સ્ત્રીઓ સાથે વાતચીત કરવી જોઈએ. સ્ત્રીઓને નવી માહિતી આપવામાં આવે અને તેઓ એ માહિતી પુરુષોને આપે. પછી તેઓ એક જ મંચ ઉપર બેસે અને વાતચીત કરે અને કેવી રીતે આગળ વધવું તે નક્કી કરે. ગુજરાતના ઘણા દુષ્કાળ સંભવ વિસ્તારોમાં આ વ્યૂહરચના સફળ રહી છે.

ઈ. *સંગઠનો વચ્ચે સંકલન:* એ એક સુવિદિત હકીકત છે કે દરેક સંગઠનને પોતાની તાકાત હોય છે અને દરેક સંગઠન બધી બાબતોમાં માહેર હોતું નથી. તેથી સંગઠનો વચ્ચે સહયોગ સાધવાની જરૂર રહે છે. મહિલાઓનાં અનેક સંગઠનો છે કે જે જળસ્રાવ સંચાલનનાં વિવિધ પાસાંમાં નબળાં છે. મહિલાઓનું સંગઠન મજબૂત સંગઠનો સાથે મળીને કામ કરે એ જરૂરી છે. એ જ રીતે ટેકનિકલ રીતે મજબૂત સંગઠનોએ મહિલાઓની સહભાગિતા માટેની વ્યૂહરચનાઓ જેમણે ઘડી છે એવાં સંગઠનો સાથે કામ કરવા માટેની પદ્ધતિઓ પણ શોધવી પડશે. એનો અર્થ એ છે કે સંગઠન અને તેના નેતાઓ પાસે મહિલાઓના વિકાસ અંગેની દૃષ્ટિ હોવી જોઈએ. મહિલાઓના પ્રશ્નો અંગે ચિંતિત હોઈએ અને તેમના વિશે વાતો કરીએ એ પૂરતું નથી. પણ એ કેવી રીતે કાર્યરત બને છે તે અગત્યનું છે. આ કાર્યક્રમમાં સહભાગી થવા માટે મહિલાઓને સક્ષમ બનાવવા કેવા પ્રકારનાં સંસાધનોની ફાળવણી કરવામાં આવે છે? દા.ત. મહિલાઓને નિદર્શન પ્રવાસે લઈ જવાથી તેમની આંખો ખુલે અને તેમને નવી માહિતી મળે એટલું શું પૂરતું નથી? એટલે સંગઠનોને આ બાબત માટે કેવા પ્રકારનાં સંસાધનોની જરૂર છે એ મહત્ત્વનું છે.

## જળ સંસાધન સંચાલનમાં પંચાયતોની ભૂમિકા

બંધારણમાં ૭૩મો સુધારો થવાથી અને ભુરિયા સમિતિની ભલામણો સ્વીકારાવાથી ભારતભરમાં વિકાસલક્ષી મુદ્દાઓની ચર્ચામાં પંચાયતોનો મુદ્દો આગળ આવી ગયો છે. જો કે, આ સુધારાઓ ખરા અર્થમાં વ્યવહારમાં આવે એ તો હજુ બાકી છે. અહીં પંચાયતોના સંદર્ભમાં જે પ્રશ્ન છે તે જળસ્રાવ મંડળ કે પાણી પંચાયત જેવાં વપરાશકાર જૂથો સાથે તેમના સંકલનનો છે. હાલની નીતિ અનુસાર પંચાયતોની તરફેણમાં વાતાવરણ છે પણ પરિયોજના પ્રેરિત સંસ્થાઓ તરીકે આ સંસ્થાઓ કાયમી ધોરણે કામ કરી શકશે કે કેમ તે એક મોટો સવાલ છે. અનેક સ્થળોએ તેઓ પંચાયતો સાથે ઘર્ષણમાં ઊતરે છે એમ દેખાયું. એનું મુખ્ય કારણ એ છે કે સમયબદ્ધ પરિયોજનાઓના સંચાલન માટે સ્વૈચ્છિક સંસ્થાઓ અને સરકારી સંગઠનોએ ગામના વહીવટી માળખાની બહાર આ સંસ્થાઓ ઊભી કરી છે કે જેનાથી અમુક પરિયોજનાનો અમલ કરવાનું સરળ બને છે. આવી ઘણી સંસ્થાઓએ સંસાધનોના સંચાલનમાં નોંધપાત્ર નિપુણતા દાખવી છે. એનું કારણ એ છે કે સ્વૈચ્છિક સંસ્થાઓ અને બીજાઓ પાસે વ્યવસાયી અને નાણાકીય સંસાધનો હોય છે. એમ પણ જણાયું છે કે પરિયોજના પૂરી થઈ જાય પછી ઘણી સંસ્થાઓ તેમને સોંપાયેલું કામ કરી શકી નથી. આ રીતે આવા જે નમૂનાઓ ઊભા થયા છે તેમની નકલ થઈ શકે તેમ નથી કારણ કે ખૂબ પૈસા, સહાય અને વ્યવસાયીઓના સતત માર્ગદર્શન હેઠળ તે ઊભા થયા છે. જો કે, કાર્યશાળાને અંતે ગામના સ્તરે વધારે સંસ્થાઓનું શું કરવું તેને અંગે કોઈ તારણ ઉપર ન અવાયું. તેના સંદર્ભમાં મુખ્યત્વે બે પ્રકારની દલીલો હતી. અને તે નીચે મુજબ છે:

અ. *પંચાયતો વિરુદ્ધ પાણી વપરાશકાર જૂથો:* પંચાયતી રાજની સંસ્થાને પાણીના સંચાલન માટે વિવિધ જૂથોની જેમ ભાગ્યે જ ટેકો આપવામાં આવ્યો છે. તેથી જ સારી પંચાયતોનાં ઉદાહરણો ખૂબ ઓછાં છે. પંચાયતો સામેની દલીલો એ છે કે તેઓ ભ્રષ્ટ, રાજકીય રીતે અનિયંત્રિત અને એકંદરે નોકરશાહીનું જ વિસ્તરણ છે. એ વાત સાચી કે ઘણી ગ્રામ પંચાયતોને પ્રભાવક જૂથોએ અને સમુદાયોએ કબજે કરી છે, અને જેમને તેમની જરૂર છે તેમના સુધી લાભોને પહોંચતા તેમણે રોક્યા છે. સાથે સાથે, અનેક પરિયોજના પ્રેરિત સંસ્થાઓ પણ આ જ સમસ્યાઓથી પિડાય છે. જ્યારે સ્વૈચ્છિક સંસ્થાઓનો ટેકો ખસી જાય છે ત્યારે તો વિશેષ આવું બને છે. એવું ઘણી વાર જોવામાં આવ્યું છે કે વૃક્ષ ઉત્પાદક સહકારી મંડળી

કે વન પેદાશ સહકારી મંડળી વગેરે જેવી ચાલુ સંસ્થાઓ સમગ્ર સમુદાયનું પ્રતિનિધિત્વ કરતી હોય એ જરૂરી નથી, અને ક્યારેક ખરા વપરાશકારો તો તેની સંચાલન વ્યવસ્થાની બહાર જ રહી જાય છે. સમતાપૂર્ણ, મહિલાઓ પ્રત્યે ભેદભાવ નહિ રાખનારી અને પારદર્શક સંસ્થા માટેની વાતો ત્યારે નિરર્થક બની જાય છે કે જ્યારે સ્વૈચ્છિક સંસ્થાઓ દ્વારા ટેકો પામનારી સંસ્થાઓ અને અન્યો ગામમાંના સત્તાના વર્તમાન માળખાને પડકારતાં નથી અને તેમાં પરિવર્તન કરતાં નથી.

*આ.સંસ્થાઓની બહુલતા:* પંચાયતો વહીવટી સંસ્થાઓ છે અને જળ સંસાધનની બાબતમાં તેમનું કાર્યક્ષેત્ર ન પણ આવે. પંચાયતના કાર્યક્ષેત્ર અને જળ સંચાલનની સંસ્થાના કાર્યક્ષેત્ર વચ્ચે કોઈ સંબંધ નથી. એટલે શક્ય હોય ત્યાં સુધી જળ સંચાલન માટે સમુદાય આધારિત સંગઠન હોવું જોઈએ. પંચાયતો ભાંગફોડિયા વૃત્તિ પણ ધરાવતી હોય છે એટલે તેમના કેટલાક સભ્યોને આ સંસ્થાઓમાં નીમી શકાય. પણ પંચાયત આ બધાનું સંચાલન કરે એ મુશ્કેલ છે. તે એક રાજકીય સંસ્થા છે અને તેનું કામ શાસનનું છે. તે આંશિક રીતે પક્ષપાતી સંગઠન છે અને તેનું મુખ્ય કામ વહીવટનું છે. ગામમાં કેટલી સંસ્થાઓ હોવી જોઈએ એ તો ગ્રામજનો જ નક્કી કરે. લોકશાહીમાં એક કરતાં વધારે સંસ્થાઓ હોવી જોઈએ અને સંસ્થાઓની બહુલતા વિશે ચિંતા કરવાની જરૂર નથી.

ગ્રામ સભાની બાબતે એક ભય પ્રવર્તે છે. ગામડાં આજે બિનરાજકીય રહ્યાં નથી. ગ્રામ સભામાં બે કે તેથી વધારે તડાં હોય છે. મુદ્દો એ છે કે ગ્રામ સભા માહિતગાર હોવી જોઈએ. ગ્રામ સભા માહિતગાર હોય અને સંતુલિત રીતે નિર્ણયો લે એવી વ્યવસ્થા કે સંસ્થાઓ છે? ઘણી વાર ગ્રામ સભામાં મુદ્દાના ગુણદોષને આધારે નિર્ણયો નથી લેવાતા પણ કોઈકે કહ્યું છે અને કોઈક તેનો વિરોધ કરે છે માટે લેવાય છે. ગ્રામ સભા પ્રત્યે દરેક જણ શું વિચારે છે તેને વિશે ચર્ચાની જરૂર છે.

### જળ સંસાધન સંચાલનનો અભિગમ

એવું વ્યાપક રીતે સ્વીકારવામાં આવ્યું કે જળસ્રાવ સંચાલન કે જળસ્રાવ આધારિત વિકાસ એ એક વ્યાપક અભિગમ છે અને તેમાં જમીન, જળ, જંગલ જેવાં મોટા ભાગનાં પ્રાકૃતિક સંસાધનોનો વિકાસ થાય છે અને તેમનું સંચાલન થાય છે. એટલે જળસ્રાવ સંચાલનનો અભિગમ મોટી પ્રક્રિયાનો ભાગ છે કે જેમાં તેઓ જળ સંચાલન સંબંધી પ્રશ્નોની ચર્ચા કરી શકે છે. જો કે, જ્યારે પણ આ અભિગમની ચર્ચા થાય છે

### પાણીનો પ્રશ્ન ઉકેલવાનો સામૂહિક અભિગમ અપનાવે છે મહિલાઓ

અમદાવાદ જિલ્લાના ધંધુકા તાલુકાનું એક ગામ છે રાયગઢ. તેની વસ્તી ૮૫૦ની છે અને ત્યાં મુખ્યત્વે દરબારો વસે છે. ગામના નીચલી જ્ઞાતિના લોકોને ઘણી બધી સમસ્યાઓનો સામનો દરબારો તરફથી કરવો પડે છે.

પાણી પુરવઠા બોર્ડની પાઈપલાઈન રાયગઢ અને ચેરગામ ગામોએ આવતી હતી. રાયગઢમાં પાણી પહોંચતું હતું પણ ચેરગામ નહોતું પહોંચતું. દુકાળ દરમ્યાન ચેરગામના દરબારોએ રાયગઢ આવતી પાઈપલાઈનમાં મોટર મૂકી પાણી ખેંચીને ગામનું તળાવ ભરવા માંડ્યું. તેનાથી રાયગઢના લોકો માટે સમસ્યા ઊભી થઈ. તેમના તળાવમાં આ પાઈપલાઈનમાંથી જ પાણી આવતું હતું અને પાણીનો એ જ એકમાત્ર સ્રોત હતો. તેઓ પાણી સમિતિ દ્વારા એ તળાવના પાણીનું સંચાલન કરતા હતા. આ સમિતિના સ્ત્રી-પુરુષ સભ્યો ચેરગામ સાથે પાણીનો પ્રશ્ન શાંતિથી ઉકેલવા માગતા હતા. પરંતુ દરબારો સંમત ના થયા. દરબારોએ ઉચ્ચ અધિકારીઓ પાસેથી મંજૂરી મેળવી અને પાણી ખેંચવાનું ચાલુ રાખ્યું. પાઈપલાઈન જૂની હતી. એટલે ઘણા બધા પાણીનું ગળતર થતું હતું. એ જોઈને મહિલાઓ દુઃખી થઈ અને તેમણે અનેક વાર ગ્રામજનોને બોલાવ્યા અને તેમને સંગઠિત કર્યા. આ રીતે તેમણે આ પ્રકારે પાણી લઈ લેવાય તેની સામે વિરોધ વ્યક્ત કરવાની ગ્રામજનો પાસેથી મંજૂરી મેળવી. અંતે તેમણે નક્કી કર્યું કે તેમને પણ પાણીનો અધિકાર મળવો જોઈએ. ધંધુકા તાલુકાની ૫૦-૬૦ સ્ત્રીઓ 'માહિતી'ના કાર્યકરોની મદદથી જિલ્લા વિકાસ અધિકારીને મળી અને શા માટે પોતાને પૂછ્યા વિના બાજુના ગામના લોકોને આ રીતે પાણી ખેંચી લેવાની મંજૂરી અપાઈ છે તે પૂછ્યું. તેમણે તેમને કહ્યું કે તેઓ પાણી માટે જાન આપી દેશે. એ અટકશે નહિ ત્યાં સુધી તેઓ તેમની કચેરીમાં જ રહેશે એમ તેમણે કહ્યું. પરિણામે જિલ્લા વિકાસ અધિકારીએ મહિલાઓની માફી માગી અને તરત જ ચેરગામને પંપ હટાવી લેવા હુકમ કર્યો. ચેરગામના દરબારો હવે લાચાર હતા અને તરત જ તેમણે મોટર હટાવી લીધી. સ્ત્રીઓ ધંધુકાથી પાછી આવી. તેમણે ગ્રામજનોને પ્રોત્સાહન આપ્યું કે તેમણે દરબારોથી ડરવાની જરૂર નથી અને ન્યાય માટે લડવું જ જોઈએ. આનાથી કોઈ પણ પરિસ્થિતિ સામે લડવા માટે ગ્રામજનોને પ્રેરણા મળી. તેમણે ગામના રસ્તાની સમસ્યા -કે જે વર્ષોથી ઉકેલાતી નહોતી- ઉકેલવા માટે મહિલાઓનો જ ટેકો માગ્યો!

(સ્રોતઃ દેવુબહેન કે. પંડ્યાઃ 'વોટર પ્રોબ્લેમ્સ ઓફ ભાલ એન્ડ પીપલ્સ સોલ્યુશન ટુ ઈટ')

ત્યારે કેટલાક પ્રશ્નો ઉદ્‌ભવે છે. તેમાંના કેટલાક નીચે મુજબ છેઃ

અ. *જળ સંસાધન સંચાલનનો સમગ્રલક્ષી વિરુદ્ધ ટેકનિકલ અભિગમઃ* સંકલિત અભિગમની ખાસ્સી તરફેણ કરાય છે પણ તે જળસ્રાવ વિકાસના ટેકનિકલ કે વૈજ્ઞાનિક અભિગમના ભોગે કરાતી નથી. એવાં ઘણાં ઉદાહરણો છે કે જ્યાં યોગ્ય ટેકનિકલ અભ્યાસો કરાયા વિના કામચલાઉ ધોરણે કામો કરાયાં છે અને તેથી ગૂંચવાડો વધ્યો છે. પાણીની પ્રાપ્યતા જેવા જળસ્રાવનાં ટેકનિકલ પાસાંનું મૂલ્યાંકન મહત્ત્વનું છે. અન્યથા ઉપરવાસ અને હેઠવાસના લોકો વચ્ચે કે વડા અને લોકો વચ્ચે સંઘર્ષ થઈ શકે છે. આમ, અણધારી સમસ્યાઓ ઊભી થઈ શકે છે. પ્રશ્ન એ છે કે જીવનનિર્વાહના પ્રશ્નને મહત્ત્વના પ્રશ્ન તરીકે જળસ્રાવના વિકાસમાં જોવાની સાથે સાથે સમગ્રલક્ષી અભિગમ અપનાવવો જોઈએ. તેમાં માત્ર પાણીનો મુદ્દો નથી. બીજી અનેક જરૂરિયાતો છે જે એમાં ભેગી થાય છે. એટલે સંકલિત રીતે આયોજન કરતી વખતે સમય, શક્તિ અને નાણાં ટેકનિકલ પાસાંનું ધ્યાન રાખવા માટે પણ જરૂરી બની જાય છે, કે જેથી સમગ્રલક્ષી આયોજન થઈ શકે. એટલે એ બાબતો પરસ્પરથી વિરોધી નથી.

આ. *માંગનું સંચાલનઃ* જળસ્રાવ વિકાસની યોજના બનાવતી વખતે માંગનું સંચાલન કરવાનો પણ મુદ્દો ઉપસી રહ્યો છે. હવે પ્રશ્ન એ ઊભો થાય છે કે આયોજન વર્તમાન માંગ માટે થાય છે કે ભાવિ માંગ માટે થાય છે. વળી, માંગ સમયે સમયે બદલાય છે અને સંસાધનોની પ્રાપ્યતાનુસાર બદલાય છે. લોકોની માંગ સંસાધનોની પ્રાપ્યતાનુસાર પરિવર્તન પામે છે. જળ સંસાધનો વિકસે કે તરત જ પાણીની માંગ અને લોકોની આકાંક્ષાઓ બદલાઈ જાય છે. સંસાધન માટે આયોજનની શરૂઆત વર્તમાન પ્રાપ્યતા અને જરૂરિયાતની આકારણીના અનુસંધાનમાં કરવાની થાય. અને તે સંસાધન વધારવાની અને વિકસાવવાની તકો કેટલી છે તેની પણ તપાસ કરવી પડે. એ માટે વિવિધ પદ્ધતિઓ છે અને એમાંની એક જૈવિક સામગ્રી આધારિત માંગને જોવાની છે, અથવા જરૂરિયાતની આકારણી કરવાની છે. તેમાં પાણીના એકમ દીઠ કેટલી જૈવિક સામગ્રી (બાયોમાસ) ઉત્પન્ન થઈ શકે છે તેનું પ્રમાણ માપવામાં આવે છે. પછી એક કુટુંબને લઘુતમ કેટલું પાણી મળવું જોઈએ તે નક્કી કરી શકાય. તેમાં પીવાનું પાણી, ઘરેલૂ વપરાશનું પાણી, જૈવિક સામગ્રીનું ઉત્પાદન અને રોકડ આવક મળી રહે તેવું ઉત્પાદન કરવા માટે જરૂરી પાણીનો સમાવેશ તેમાં થાય છે. જૂથે એ બાબત ઉપર ભાર મૂક્યો કે માંગ કેટલી છે તે જાણવું અને પુરવઠા સાથે તેનો મેળ કેવી રીતે બેસે તે જોવું.

ઈ. *વિકેન્દ્રિત આયોજનઃ* વિકેન્દ્રિત આયોજન વિશે પણ ખાસ્સી ચર્ચા થઈ. વિકેન્દ્રિત અને સૂક્ષ્મ સ્તરીય આયોજન ઉપર ભાર મુકાયો પરંતુ નદીના પટના વ્યાપક પરિપ્રેક્ષ્યમાં તે થવું જોઈએ. એટલે મૂળભૂત રીતે તો એ નદી આધારિત આયોજન થશે કે જેમાં જળસ્રાવ નક્કી કરવામાં આવશે. દા.ત. નર્મદાના પટમાં અને સાબરમતીના પટમાં મળતા પાણીની માથાદીઠ પ્રાપ્યતા જુદી જુદી હોય છે. જળ સંસાધન સંચાલન પાણીની લઘુતમ જરૂરિયાત સાથે સંબંધિત હોવું જોઈએ અને પછી વ્યાપક અને સૂક્ષ્મ સ્તરીય આયોજનનું મિશ્રણ કરવું જોઈએ. સ્થાનિક સ્તરે પાણીની લઘુતમ જરૂરિયાતનું ધોરણ જોવું પડે અને તે વ્યાપક સ્તરના પાણીના આયોજન સાથે મેળ ખાનારું હોવું જોઈએ. કેન્દ્રીકરણના સંદર્ભમાં એમ જણાયું છે કે વ્યવસ્થા લોકોને તેના પર અવલંબિત બનાવે છે અને તે સ્થાનિક વ્યવસ્થાઓને ભોગે કરવામાં આવે છે. કેટલાંક ઉદાહરણો ટાંકાની પરંપરાગત વ્યવસ્થાનાં છે. પણ ગામમાં જેવું બહારનું પાણી આવે છે કે તરત જ સ્થાનિક વ્યવસ્થાઓ છિન્નભિન્ન થઈ જાય છે. આ મુદ્દો ધ્યાનમાં લેવાવો જોઈએ. તેનો સમાવેશ સૂક્ષ્મ સ્તરીય આયોજન કરતી વખતે કરાવો જોઈએ.

ઉ. *જમીન અને પાણીના અધિકારો અલગ અલગ કરવાઃ* જળ સંચાલનની પરિયોજનાઓમાં જમીન અને પાણીના અધિકારોને અલગ અલગ કરવાનો એક મહત્ત્વનો પ્રશ્ન છે. પાણીની સંસ્થાઓનું સભ્યપદ મુખ્યત્વે જમીન ધરાવનારા લોકો પાસે જ હોય છે અને એ પ્રક્રિયામાં મહિલાઓની બાદબાકી થઈ જાય છે એમ જોવામાં આવ્યું છે. દા.ત. સહભાગી સિંચાઈ સંચાલન (પીઆઈએમ)ની પરિયોજનાઓમાં જેમની પાસે જમીન હોય છે તેમને સભ્યપદ મળે છે. પાણીના અધિકારને અહીં જમીનના અધિકાર સાથે સાંકળવામાં આવે છે. એ જ રીતે જમીન પાણીનો અધિકાર નક્કી કરે છે. આ પદ્ધતિમાં સ્ત્રીઓ, દલિતો અને ભૂમિહીનો જળ સંસાધનો મેળવવામાંથી અને તેના સંચાલનની પ્રક્રિયામાંથી બાકાત રહી જાય છે. મહારાષ્ટ્રમાં પુણેમાં પાણી પંચાયતની વ્યવસ્થામાં જમીન અને પાણીના અધિકારોને અલગ પાડી દેવામાં આવ્યા છે. આ પાણી પંચાયતના વિસ્તારોમાં પાણીના અધિકારોને જીવનનિર્વાહની જરૂરિયાતો સાથે સાંકળવામાં આવ્યા છે. જમીન અને જળ બંને સ્વતંત્ર સંસાધનો છે અને ઘણા માને છે કે તેમને સંયુક્ત રીતે ન જોવાં જોઈએ. મહારાષ્ટ્રમાં મુક્તિસંઘર્ષ આંદોલન અને કૃષ્ણાના તટના બલ્લાઈ રાજા બંધોમાં આ જ સિદ્ધાંત અપનાવવામાં આવ્યો છે અને તે મુદ્દે લોકોને સંગઠિત કરવામાં આવ્યા છે. એમાંથી બીજી એક બાબત એ ફલિત થાય છે કે જમીનની માલિકી સ્ત્રીઓ અને પુરુષોની સંયુક્ત રીતે હોવી જોઈએ. આ રીતે માત્ર સ્ત્રીઓ કે અન્ય સામાજિક રીતે પછાત વર્ગો માટે જળ સંચાલન સમિતિઓમાં અનામતો રાખવાથી સ્ત્રીઓ સક્ષમ નહિ બને. તેને માટે જમીન અને પાણીના અધિકારો અલગ પાડવા પડે અને એ રીતે પરિયોજનાઓનો અમલ કરવો પડે.

# ભારતમાં શહેરી ગરીબો અને સફાઈનું રાજકારણ

ઓસ્ટ્રેલિયાની લા ટ્રોબ યુનિવર્સિટીના રાજ્યશાસ્ત્ર વિભાગમાં પીએચડી કરતાં **સુસાન ચેપ્લિન** દ્વારા લખાયેલા 'સિટીઝ, સ્યુઅર્સ એન્ડ પોવર્ટી: ઇન્ડિયાઝ પોલિટિક્સ ઓફ સેનિટેશન' નામક લેખમાંથી આ લેખ તૈયાર કરાયો છે. આ લેખમાં ભારતમાં શહેરોની સ્થિતિ અને શહેરી ગરીબોના સંદર્ભમાં સ્થાનિક સરકારોની જવાબદારીની વિગતે ચર્ચા કરવામાં આવી છે અને લોકભાગીદારીના સંભવિત ઉકેલ તરફ અંગુલિનિર્દેશ કરવામાં આવ્યો છે.

**પ્રસ્તાવના**

સામ્રાજ્યવાદી દેશોની ચુંગાલમાંથી સ્વતંત્ર થયેલા અન્ય દેશોનાં શહેરોની જેમ જ ભારતનાં શહેરો ૨૦મી સદીના અંતે અનેક પર્યાવરણીય સમસ્યાઓથી પિડાય છે. શહેરીકરણ જેમ જેમ વધતું જાય છે તેમ તેમ આ સમસ્યાઓ તીવ્ર બનતી જાય છે. વાયુ પ્રદૂષણ અને ઝેરી કચરાની સમસ્યાઓ જ્યારે પ્રજાના ધ્યાનમાં લાવવામાં આવે છે ત્યારે સરકારો પ્રાસંગિક ધોરણે તેમનો ઉકેલ લાવે છે પણ આ સમસ્યાઓમાં સૌથી ગંભીર સમસ્યા ગંદકીભર્યા વાતાવરણમાં જીવવાની અને કામ કરવાની સ્થિતિ છે અને તેને સામાન્યતયા અવગણવામાં આવે છે. જ્યારે રોગચાળાનો ભય વર્તાય છે ત્યારે જ સરકારી સત્તાવાળાઓ દરમ્યાનગીરી કરે છે અને જાહેર આરોગ્ય સામેના ખતરાને અંકુશમાં લે છે. ૧૯૯૪માં જ્યારે સુરતમાં પ્લેગ ફાટી નીકળ્યો ત્યારે લોકો ચેપ લાગવાના ભયથી ભાગી છૂટ્યા હતા. ભારત અને વિદેશોનાં માધ્યમોએ આ ઘટનાઓને પ્રકાશમાં આણી ત્યારે સરકારનાં વિવિધ સ્તરોએ તેમાં દરમ્યાનગીરી કરી હતી.

ભારતનાં શહેરોની આજની પર્યાવરણની સ્થિતિ ૧૯મી સદીનાં બ્રિટિશ અને યુરોપીય શહેરોની સ્થિતિને ઘણે બધે અંશે મળતી આવે છે. તે સમયનાં લિવરપૂલ અને માંચેસ્ટર ગંદાં, કચરાના ઢગલાથી ભરેલાં, ધૂળિયાં, ફૂટપાથ વિનાનાં અને ગટર વિનાનાં હતાં. આજનાં મુંબઈ, દિલ્લી અને કલકત્તાની એ જ સ્થિતિ છે. ઔદ્યોગિક ક્રાંતિએ ગ્રામીણ કામદારોને શહેરો તરફ સ્થળાંતર કરવા પ્રેર્યા છે. કારખાનાં વધ્યાં તેમ શહેરોની પર્યાવરણીય સમસ્યાઓ વધતી ગઈ છે. બ્રિટનમાં ૧૯મી સદીમાં આ પરિસ્થિતિમાં ત્યારે જ ફેરફાર થયો કે જ્યારે જરૂરી રાજકીય ફેરફારો થયા, વિજ્ઞાન અને ઇજનેરીમાં પ્રગતિ થઈ અને સંગઠિત મજૂરોએ પણ સંગઠિત થઈને વર્તમાન સ્થિતિ સામે વિરોધો ઉઠાવ્યા.

ભારતમાં આ જ તરાહથી શહેરીકરણ થયું છે. ગરીબ ગ્રામીણ લોકો રોજગારીની શોધમાં શહેરોમાં આવ્યા છે. ઘરની અછતે ઝૂંપડપટ્ટી સર્જી છે અને તેઓ જે કારખાનામાં કામ કરે છે તેમણે આસપાસના પર્યાવરણને પ્રદૂષિત કર્યું છે. સફાઈ અને પાણીના અપૂરતા પુરવઠાની અપૂરતી વ્યવસ્થાને લીધે નદીઓ કચરાપેટી બની છે અને ભૂગર્ભ જળ પણ પ્રદૂષિત બન્યું છે. કોલેરા અને ટાઈફોઈડનો રોગચાળો અવારનવાર ફાટી નીકળે છે. વળી, ઝાડા-ઊલટી, મરડો, ઝાડા અને મેલેરિયા જેવા રોગોનો ઉપદ્રવ પણ ખૂબ થાય છે. અને ઝૂંપડાવાસીઓ તથા ગરીબોના આરોગ્ય ઉપર તેમની લાંબા ગાળાની વિપરીત અસર જન્મે છે.

ભારતનાં શહેરોમાં પર્યાવરણની આવી સ્થિતિ પ્રવર્તે છે એનું એક કારણ એ છે કે રાજ્ય દ્વારા સફાઈની જે સેવાઓ પૂરી પાડવામાં આવે છે તેનો લાભ માત્ર શહેરી મધ્યમ વર્ગ જ મેળવે છે. એટલે સફાઈની સવલતોમાં સુધારો કરવામાં તે રસ લેતો નથી અને મોટો વર્ગ આ સેવાઓનો લાભ મેળવવાથી વંચિત રહે છે. વળી, જાહેર આરોગ્ય અને પર્યાવરણ અંગેની નીતિઓ મહદ્ અંશે કટોકટી ઊભી થાય ત્યારે તેના ઉપાય પૂરતી મર્યાદિત બની જાય છે, લાંબા ગાળાનાં અસરકારક આયોજન અને અમલ તેમાં હોતાં નથી. આથી સફાઈ ક્ષેત્રે સુધારા માટે નવા જ અભિગમની આવશ્યકતા છે.


ભારતમાં મધ્યમ વર્ગ શહેરી સેવાઓનો બધો લાભ લઈ લે છે એનું કારણ રાજ્યનું સ્વરૂપ અને સમાજ સાથેના તેના સંબંધો છે. સ્વાતંત્ર્ય બાદ તે સ્વરૂપ અને સંબંધો ઊભાં થયાં છે. આધુનિક રાજ્ય સામાજિક-આર્થિક પરિવર્તન માટેનું સાધન બનવાને બદલે ભારતમાં તે કોંગ્રેસ પક્ષના વર્ચસ્વવાળું બન્યું અને તેણે સર્વસંમતિના સિદ્ધાંતનો ઉપયોગ કર્યો અને એક એવું રાજકીય શાસન ઊભું થયું કે જેમાં વિભિન્ન વર્ગોનું જોડાણ થયું. તેમાં બુર્ઝ્વા વર્ગ, જમીનદારો, સંપત્તિવાન ખેડૂતો અને વ્યવસાયી જૂથો હતાં. તેઓ ભારતીય સમાજમાં તેમની સ્થિતિ જાળવવા મથતા હતા. તેથી તેમણે સામાજિક પરિવર્તન લાવવા માટેની રાજ્યની ક્ષમતા ઉપર વિપરીત અસર કરી. તેથી ભારતમાં રાજ્ય નબળું પડ્યું. તેનો ઉદ્દેશ સુધારાવાદી રહ્યો, સામાજિક પરિવર્તનનો રહ્યો. રાજ્ય તેમના જોડાણ પર આધારિત હતું તેથી તેણે તેમનો ટેકો મેળવવા માટે તેમનાં હિતોની જાળવણી કરવાનું કામ કર્યું. આથી જ મધ્યમ વર્ગે શહેરી સેવાઓનો તમામ લાભ ઉઠાવ્યો અને સમાજના મોટા વર્ગને

તેનો લાભ મળ્યો જ નહિ, અને આ મોટો વર્ગ રાજ્ય પર કશું દબાણ પણ લાવી શક્યો નહિ.

**ભારતનાં શહેરો**

૧૯મી સદીમાં જે સફાઈ ઝુંબેશ ચાલી તેની ભારતના લોકો ઉપર ખૂબ જ મર્યાદિત અસર થઈ. કોલેરાના રોગચાળાને નાથવા માટે અંગ્રેજ સરકારે થોડાક પ્રયાસો કર્યા ખરા પણ મોટા ભાગનું ખર્ચ તો લશ્કર માટે થયું અને સરકારી કર્મચારીઓના આરોગ્યના રક્ષણ માટે થયું. રાજકોષીય ખર્ચની મર્યાદાઓને લીધે નગરપાલિકાઓ ગટરો બાંધવા માટે અને શ્રમ બચાવતી પદ્ધતિઓ ઊભી કરવા માટે નાણાં ખર્ચી શકી નહિ. અંગ્રેજ સરકારે કચરા અને મળ-મૂત્રના નિકાલ માટે માનવીય શ્રમ ઉપર જ આધાર રાખ્યો. આથી માથે મેલું ઉપાડવાની પ્રથાનો અંત લાવવા માટે અનેક વાર થયેલી વિનંતીને તેણે કાને ધરી નહોતી. જ્યારે જ્યારે પણ આ પદ્ધતિની કાર્યક્ષમતા સામે વાંધા ઉઠાવવામાં આવ્યા ત્યારે ત્યારે અંગ્રેજ સરકારે ભંગીઓની બિનકાર્યક્ષમતા સામે જ વાંધા ઉઠાવ્યા! સ્વતંત્ર ભારતમાં પણ આ પ્રથા ચાલુ રહી.

સફાઈ અંગેની સારી વ્યવસ્થા ભારતમાં ઊભી ના થઈ તેનાં ત્રણ કારણો છેઃ પહેલું, ૧૯મી સદીના બ્રિટનની જેમ સ્થાનિક સરકારો રાજકીય અને વહીવટી રીતે અક્ષમ હતી. તેઓ આડેધડ થતા અને કશા આયોજન વિના થતા શહેરોના વિકાસ સાથે સંકળાયેલી સમસ્યાઓને પહોંચી વળી શકે તેમ નહોતી. ભ્રષ્ટાચાર અને બિનકાર્યક્ષમતા તો હતાં જ. તેથી ક્યાંક તો શહેરી સ્થાનિક સરકારો તદ્દન બિનઉપયોગી બની ગઈ. પરિણામે મધ્યમ વર્ગ પરાંઓમાં રહેવા જતો રહ્યો અને તેણે આ ક્ષેત્રે કોઈ રસ ના લીધો. શહેરોની આ વ્યવસ્થામાં સુધારા લાવવા માટે સ્થાનિક સરકારોની નાણાકીય સ્થિતિ સુધરવી જ જોઈએ અને તે માટે મિલકત વેરો તથા આવક વેરાની નિયમિત ઉઘરાણી મહત્ત્વની બની જાય છે. સ્થાનિક સરકારોમાં શહેરી ગરીબોની રાજકીય ભાગીદારી પણ હતી. તેમ છતાં સ્થાનિક સરકારો પર મધ્યમ વર્ગનું જ વર્ચસ્વ રહ્યું અને તેથી શહેરી ગરીબ વિસ્તારોની દશા બગડતી જ રહી.




સફાઈની અયોગ્ય વ્યવસ્થાનું વિષચક્ર

બીજું કારણ એ હતું કે નીચેના સ્તરેથી પણ દબાણનો અભાવ હતો. ભારતમાં મજૂર સંઘો મોટે ભાગે સંગઠિત ક્ષેત્રનાં હિતોને જ ધ્યાનમાં રાખતા રહ્યા. તેઓ અત્યારે માત્ર ૮ ટકાનું જ પ્રમાણ કુલ મજૂર વર્ગમાં ધરાવે છે. બાકીના ૯૨ ટકા તો નાના ઔદ્યોગિક એકમો, ખેતી અને સ્વરોજગારી ક્ષેત્રે છે. તેઓ અરક્ષિત કામદારો છે અને રોજગારીની કોઈ સલામતી ધરાવતા નથી. મહિલાઓ, બાળકો, સ્થળાંતરિત બાળ મજૂરો અને વેઠિયા મજૂરો પણ આ અસંગઠિત ક્ષેત્રના ભાગ છે. તેઓ કોઈ સામાજિક જૂથ ધરાવતા નથી એટલે તેમના તરફથી સામૂહિક પગલાંની શક્યતા ખૂબ જ ઓછી રહે છે. તેથી રાજ્ય દ્વારા જે પાયાની સેવાઓ પૂરી પાડવામાં આવે છે તેમાંથી તેમની બાદબાકી થઈ જાય છે.

ત્રીજું, આધુનિક તબીબી વિજ્ઞાન અને મુલકી ઇજનેરી ક્ષેત્રે જે વિકાસ થયો અને ૧૯મી સદીમાં બ્રિટનમાં સફાઈ ક્ષેત્રે તથા જાહેર આરોગ્ય ક્ષેત્રે તેણે જે ફાળો આપ્યો તેની અસર ભારતમાં વર્તાઈ જ નહિ. એન્ટીબાયોટિક્સ અને જંતુનાશકોએ ઝૂંપડપટ્ટી વિસ્તારોમાં રોગચાળાને નાથ્યો પણ મધ્યમ વર્ગમાં તેને અંગે જાગૃતિ ના આવી. જો ગરીબોના

જીવનની સ્થિતિ સુધરશે તો તેનાથી સમગ્ર સમાજને લાભ થશે એવી સભાનતા મધ્યમ વર્ગમાં આવી નહિ. વળી, પશ્ચિમનાં વિજ્ઞાન અને ટેકનોલોજી ઉપર ભારતની સરકારોએ વધુ પડતો આધાર રાખતાં સફાઈ અંગેના વૈકલ્પિક અભિગમો ઉપર ખૂબ ઓછું ધ્યાન અપાયું અને તેમને હજુ હમણાં સુધી ખૂબ ઓછો ટેકો અપાયો.

### સ્થાનિક સરકારોની ભૂમિકા

ભારતમાં નગરપાલિકાઓ મહદંશે સંસ્થાનવાદી સરકારનો વારસો છે. ૧૯૯૨ સુધી તેમાં લગભગ કશો ફેરફાર થયો નહિ. બંધારણમાં ૭૪મો સુધારો કરાયો ત્યાં સુધી નગરપાલિકાઓના માળખામાં કોઈ પરિવર્તન થયું નહોતું. તેના પરિણામે તેમને રાજકીય રીતે અવગણવામાં આવી અને તેઓ નાણાકીય તેમ જ રાજકીય બાબતોમાં રાજ્ય સરકારો પર આધારિત બની ગઈ. નગરપાલિકાઓનાં કાર્યોમાં રાજ્ય સરકારોએ ચંચુપાત કરતાં નગરપાલિકાઓ વધારે પ્રમાણમાં છેવાડે ફેંકાઈ ગઈ. જાહેર આરોગ્ય અને સફાઈ, પાણી પુરવઠો અને ગટર વ્યવસ્થા, રસ્તાઓ અને જાહેર બાંધકામો તથા પ્રાથમિક શિક્ષણ જેવાં કાર્યો રાજ્ય સરકારોએ પોતાના હાથમાં લઈ લેતાં આ પરિસ્થિતિ જન્મી છે. ઉપરાંત, રાજ્ય સરકારોએ એક જ હેતુ માટે સંસ્થાઓ સ્થાપીને અને શહેરી વિકાસ સત્તામંડળો સ્થાપીને નગરપાલિકાઓનાં કામો જ કર્યાં. પણ આ સત્તામંડળો અમલદારી વ્યવસ્થા છે અને લોકો પ્રત્યે તે બિલકુલ જવાબદાર નથી. તેઓ આપખુદ રીતે વર્તે છે અને રાજ્ય સ્તરના રાજકારણથી તે ગ્રસ્ત હોય છે. આ શહેરી વિકાસ સત્તામંડળો મુખ્યત્વે માળખાગત સવલતો ઊભી કરે છે. પાણી પુરવઠો, સફાઈની સવલતો અને અન્ય શહેરી સેવાઓ વગેરે તે ઊભાં કરે છે અને એમની જાળવણીનું કામ તેઓ નગરપાલિકાઓને સોંપી દે છે.

નગરપાલિકાઓ પાસે નાણાં હોતાં નથી તથા ટેકનિકલ સ્ટાફનો અભાવ હોય છે અને કાર્યક્ષમ કર્મચારીઓ પણ હોતા નથી તેથી તેઓ આ માળખાગત સવલતોની જાળવણી કરી શકતી નથી.

વળી, ચૂંટાયેલી સ્થાનિક સરકારોને ગેરવહીવટના બહાને રાજ્ય સરકારો બરતરફ કરતી રહી છે. ૧૯૯૭ સુધી દિલ્લીમાં ૧૪ વર્ષ સુધી સ્થાનિક રીતે ચૂંટાયેલી સરકાર જ નહોતી! ૭૪મા બંધારણીય સુધારાએ હવે નિયમિત ધોરણે ચૂંટણી યોજવાની ફરજ લાદી છે. રાજ્ય સરકાર દ્વારા નિમાયેલા વહીવટદારો દ્વારા નગરપાલિકાઓ ચલાવવામાં આવતી રહી છે તેથી લોકો સ્થાનિક સરકારો પ્રત્યે પોતીકાપણાનો ભાવ ધરાવતા નથી, નિમાયેલા અધિકારીઓમાં જવાબદારીઓનો અભાવ હોય છે અને તેથી બિનકાર્યક્ષમ અને ભ્રષ્ટ નોકરશાહી વિકસે છે. પરિણામે શહેરોની પર્યાવરણીય સમસ્યાઓ વધારે વણસે છે, અને શહેરી સેવાઓની સમાન વહેંચણી થતી નથી.

મધ્યમ વર્ગ અને રાજ્ય વચ્ચેના મીઠા સંબંધોને પરિણામે તુલનાત્મક રીતે, વધુ ધનાઢ્ય વિસ્તારોમાં નગરપાલિકાઓનું માથાદીઠ રોકાણ વધારે થયું છે. ૧૯૮૩માં રાષ્ટ્રીય નમૂના મોજણીએ એમ જણાવ્યું હતું કે ઉચ્ચ આવક ધરાવતા વર્ગમાં ૫૦ ટકા લોકો ફ્લશ જાજરૂ ધરાવતા હતા અને તેઓ ગટર સાથેનું જોડાણ ધરાવતા હતા. સ્થાનિક સત્તાવાળાઓ જ આ વ્યવસ્થા સંભાળતા રહ્યા છે. વપરાશકારો પાસેથી બહુ જ ઓછી રકમની તે માટે વસૂલાત કરાય છે. આમ, ઉચ્ચ વર્ગ અને મધ્યમ વર્ગને આ સેવાઓ ખૂબ જ વધારે સબસિડી સાથે અપાય છે. એનાથી તદ્દન વિરુદ્ધ, ૪૦ ટકા ગરીબો જ જાજરૂ ધરાવતા હતા અને એમાંના ૭૦ ટકા તો અન્ય લોકો સાથેની સહિયારી વ્યવસ્થા ધરાવતા હતા. ૧૯૯૧ની વસ્તી ગણતરી અનુસાર ૩૩.૯ ટકા શહેરી વસ્તી જાજરૂની સવલત ધરાવે છે અને માત્ર ૩૮.૩ ટકા જ હરિજન કુટુંબો તેની સગવડ ધરાવે છે. જો પીવાનું પાણી, વીજળી અને જાજરૂ એમ ત્રણેય સવલતોની સાથે ગણતરી કરીએ તો માત્ર ૫૦.૫ ટકા શહેરીજનોને જ એ સેવાઓ મળે છે અને ફક્ત ૩૨.૩ ટકા હરિજન કુટુંબોને જ એ સવલતો મળે છે. વાસ્તવિકતા તો કદાચ આ આંકડા દર્શાવે છે તેના કરતાંય વધારે ગંભીર છે. ઘણી વાર તો સંખ્યાબંધ કુટુંબો વચ્ચે એક જ જાજરૂ હોય છે. ૧૯૯૦નું દિલ્લીનું એક સર્વેક્ષણ એમ જણાવે છે કે ૧૧૦૦ ઝૂંપડપટ્ટીનાં ૪.૮૦ લાખ કુટુંબો વચ્ચે માત્ર ૧૬૦ જાજરૂ અને ૧૧૦ મોબાઈલ ટોઈલેટ વાન હતાં. ઝૂંપડપટ્ટીમાં જાજરૂની સવલતો નહિ હોવાને લીધે ઝૂંપડાવાસીઓએ ખુલ્લી જગ્યાનો ઉપયોગ કરવો પડે છે, અને તેથી મધ્યમ વર્ગીય કુટુંબો અને તેમની વચ્ચે ઘણી વાર ઘર્ષણ પણ થાય છે.

જે કંઈ સંસાધનો છે તેનો લાભ ઉચ્ચ વર્ગ અને મધ્યમ વર્ગ મેળવી જાય છે તેથી પાણી પુરવઠો, સફાઈ અને ગરીબી નિવારણના કાર્યક્રમોના અમલની બાબતમાં સ્થાનિક સરકારો નબળી રહી છે. ભારત સરકારે શહેરી મૂળભૂત સેવા કાર્યક્રમ શરૂ કર્યો. તેમાં ભારત સરકાર, યુનિસેફ અને રાજ્ય સરકારોએ નાણાં આપ્યાં. ૧૯૮૫માં આ કાર્યક્રમ શરૂ થયો અને પ્રાયોગિક ધોરણે થોડાંક શહેરોમાં તેનો અમલ કરાયો. તેનો હેતુ શહેરી ગરીબોના જીવનની ગુણવત્તા સુધારવાનો હતો. મહિલાઓ અને બાળકોને સફાઈ અને પાણીની સવલતો પૂરી પાડવાના આ કાર્યક્રમમાં સમુદાયની ભાગીદારી છે. ૧૯૯૦માં શહેરીકરણ ઉપરના રાષ્ટ્રીય પંચે આ કાર્યક્રમની શક્તિને પિછાણી હતી અને તેણે આખા દેશમાં આ કાર્યક્રમ ચલાવવાની ભલામણ કરી હતી. આ કાર્યક્રમને 'ગરીબો માટેના શહેરી મૂળભૂત સેવા કાર્યક્રમ' (યુબીએસપી)નું નામ આપવામાં આવ્યું. ૧૯૯૦ના મધ્ય સુધીમાં ૨૪૫ જેટલાં શહેરોમાં આ કાર્યક્રમનો અમલ થયો. અનેક ઝૂંપડપટ્ટીઓમાં ભૌતિક સેવાઓ તેથી સુધરી. વળી, મહિલાઓ પણ આ કાર્યક્રમ થકી એમ સમજી કે તેમને નડતી સમસ્યાઓના ઉકેલ માટે તેઓ કંઈક કરી શકે છે. પણ



સંગઠિત ક્ષેત્રનાં મજૂર મંડળો     અસંગઠિત ક્ષેત્રનું મજૂર મંડળ

વિવિધ વિકાસલક્ષી ખાતાંઓની સેવાઓ અને બિનસરકારી સંગઠનો સાથે સંકલનના અભાવે આ કાર્યક્રમનો અસરકારક રીતે અમલ થઈ શક્યો નહિ. ૧૯૯૫માં આ કાર્યક્રમ બંધ કરવામાં આવ્યો અને તેને સ્થાને 'સુવર્ણ જયંતી શહેરી રોજગાર યોજના' શરૂ કરવામાં આવી.

સફાઈ કામદારોની કામની સ્થિતિ સુધારવા માટેનો પ્રયાસ આ કાર્યક્રમો અને યોજનાઓમાં કરાયો છે. શહેરી વિસ્તારોમાં તેઓ જ સફાઈની સવલત પૂરી પાડે છે. મુંબઈ પ્રાંત સરકારે ૧૯૪૯માં સૌ પ્રથમ તેમની સ્થિતિ સુધારવા અને માથે મેલું ઉપાડવાની પ્રથા દૂર કરવા માટેની યોજના દાખલ કરી હતી. ૧૯૫૨માં પછી સફાઈ કામદારોની સ્થિતિ અંગે એક તપાસ સમિતિ નીમવામાં આવી હતી. ૧૯૬૧માં પણ એક તપાસ સમિતિનો અહેવાલ પ્રકાશિત કરવામાં આવ્યો હતો. આ યોજનાઓ નિષ્ફળ ગઈ છે અને ભારતના ઘણા ભાગોમાં માથે મેલું ઉપાડવાની પ્રથા હજુ પણ ચાલુ છે. એનું મુખ્ય કારણ એ પણ છે કે તેમને અસ્પૃશ્ય ગણવામાં આવ્યા છે. ભારતીય સમાજમાં તેઓ છેવાડે ફેંકાઈ ગયા છે અને મધ્યમ વર્ગે આ કાર્યક્રમોનો અમલ થાય તેમાં કોઈ રસ લીધો જ નથી. આરોગ્ય, શિક્ષણ, આવાસની સવલતો અને અન્ય સેવાઓના લાભ તેઓ મેળવી શક્યા નથી અને અન્ય અસ્પૃશ્યો તથા હરિજનો સાથે મળીને જોડાણ પણ ઊભું કરી શક્યા નથી. માત્ર હડતાળ જ તેમની પાસે એક મહત્ત્વનું સાધન રહ્યું છે અને તેનાથી વેતન અને કામની સ્થિતિ સુધારવામાં મર્યાદિત સફળતા જ મળી છે.

ભારતમાં હજુ પણ રોગચાળો અસ્તિત્વમાં છે. પણ મધ્યમ વર્ગને તેનો ખતરો નથી કારણ કે આધુનિક તબીબી વિજ્ઞાન અને ટેકનોલોજીથી તેઓ રક્ષણ મેળવતા થયા છે. જંતુનાશકોનો છંટકાવ કરવામાં આવે છે અને એ રીતે રોગને વધતો કે ફેલાતો અટકાવવામાં આવે છે. કોલેરાનો રોગચાળો પણ એન્ટીબાયોટિક્સ અને મૌખિક પુનર્જલીકરણ ચિકિત્સા (ઓઆરટી) દ્વારા અટક્યો છે. આમ, રોગચાળાનું જોખમ ઘટ્યું અને આરોગ્ય પરની વિપરીત અસરો ઘટી તેથી મધ્યમ વર્ગ ગરીબો પ્રત્યે બેદરકાર બન્યો. વાસ્તવમાં, ગરીબોના ભોગે જ તેણે શહેરી સેવાઓ પ્રાપ્ત કરી. તેને પરિણામે મધ્યમ વર્ગ સરકાર ઉપર પ્રતિરોધક આરોગ્ય સેવાઓનો અમલ કરવા દબાણ લાવતો નથી અને તેને બદલે સરકારો રોગચાળો ફેલાય ત્યારે કટોકટીનું સંચાલન કરવા પાછળ જ ધ્યાન આપે છે.

૧૯૮૮માં દિલ્લીમાં કોલેરા અને ઝાડા-ઊલટીનો રોગચાળો ફેલાયો ત્યારે જ નગરના કેટલાક રહેણાક વિસ્તારો અને ઝૂંપડપટ્ટીના નિવાસીઓમાં જાગૃતિ આવી. સૌ પ્રથમ તો કામચલાઉ પગલાં લેવાયાં અને તેમાંય વિવિધ સંસ્થાઓ વચ્ચે સંકલનનો અભાવ હતો. વડા પ્રધાને મુલાકાત લીધી પછી કોલેરાની રસી માટેની કાર્યલક્ષી યોજના ઘડાઈ. કચરો દૂર કરવો, ગટરો સાફ કરવી અને ફૂટપાથો બનાવવી વગેરે જેવી બાબતોનો તેમાં સમાવેશ થયો. આવાં પગલાંએ તત્કાળ થોડી રાહત આપી પણ તેનાથી વાસ્તવમાં લાંબા ગાળા માટે સમસ્યાનો ઉકેલ આવ્યો નહિ.

૧૯૯૪ના સપ્ટેમ્બર-ઓક્ટોબરમાં સુરતમાં પ્લેગ ફાટી નીકળ્યો ત્યારે મહાનગરપાલિકા, રાજ્ય સરકાર અને કેન્દ્ર સરકારે જે પ્રતિભાવ આપ્યો તે પણ કટોકટીના ઉકેલનો જ હતો. રોગચાળો ફાટી નીકળશે એવી આગોતરી ચેતવણીઓ અપાઈ હતી તેમ છતાં અધિકારીઓએ તેમને અવગણી હતી. અનેક વિસ્તારોમાં જ્યારે પ્લેગ ફેલાઈ ગયો

ત્યારે મહાનગરપાલિકા પાસે જંતુનાશકોના છંટકાવ માટે અને કચરાના નિકાલ માટે પૂરતા કર્મચારીઓ પણ નહોતા. વળી, દવાઓના વિતરણની પણ કોઈ વ્યવસ્થા નહોતી. સંખ્યાબંધ નાગરિકો શહેર છોડીને ભાગી નીકળ્યા. વળી, જ્યારે મ્યુનિસિપલ કમિશનર એમ કહેતા હતા કે ૮ માણસ માર્યા ગયા છે ત્યારે કલેક્ટર એમ કહેતા હતા કે ૧૭ માણસ માર્યા ગયા છે. રાજ્ય સ્તરે આરોગ્ય સચિવ અને મુખ્ય પ્રધાન વચ્ચે પણ આવો જ સંકલનનો અભાવ પ્રવર્તતો હતો. "પરિસ્થિતિ નિયંત્રણ હેઠળ છે" એમ જ્યારે કહેવામાં આવતું હતું ત્યારે લોકોનો જાહેર સત્તાવાળાઓમાંથી વિશ્વાસ ઊઠી રહ્યો હતો. એનું એક કારણ એ પણ હતું કે ૧૯૯૩માં સુરત મહાનગરપાલિકા સુપરસિડ કરાઈ પછી ત્યાં ચૂંટણીઓ યોજાઈ જ નહોતી.

રોગચાળાનો સામનો કરવામાં શું કરકસરયુક્ત છે અને કઈ પદ્ધતિ વધારે યોગ્ય છે તે ધ્યાનમાં ન રખાયું અને પશ્ચિમની તકનિકી ઉપર જ વધારે પડતો વિશ્વાસ રખાયો હતો. સફાઈની સવલતો માત્ર ૨૯ ટકા લોકોને પ્રાપ્ય છે ત્યારે તેનો અર્થ એ છે કે ૭૦ કરોડ લોકો પાસે પોતાનાં જાજરૂ નથી. ૧૯૯૬ની માનવ વસવાટ અંગેની 'સંયુક્ત રાષ્ટ્રો'ની એક પરિષદના અહેવાલમાં એમ જણાવાયું છે કે સમગ્ર દેશ માટે પાણી સાથેના ફ્લશ જાજરૂની વ્યવસ્થામાં રૂ. ૭૨૮ અબજ રૂપિયાનો ખર્ચ થાય, સેપ્ટિક સીસ્ટમ ઊભી કરવામાં રૂ. ૪૧૬ અબજનો ખર્ચ થાય અને શોષખાડાની વ્યવસ્થામાં રૂ. ૨૫૦ અબજનો ખર્ચ થાય. આ આંકડા માત્ર મૂડી ખર્ચ જ બતાવે છે, તેની જાળવણી, આવર્તક અને ઘસારા ખર્ચનો તેમાં સમાવેશ થતો નથી. પછી પ્રશ્ન એ ઊભો થાય છે કે આ સફાઈ વ્યવસ્થા માટેનું પાણી ક્યાંથી આવશે? ૨૦ કરોડ જાજરૂ માટે પાણી પૂરું પાડવા કદાચ હિમાલયમાં બીજો એક બંધ બાંધવો પડે!

## ઉપસંહાર

ભારતનાં શહેરોની પર્યાવરણીય સ્થિતિ બગડી રહી છે તેનું મુખ્ય કારણ એ છે કે મધ્યમ વર્ગ તમામ શહેરી સેવાઓનો લગભગ બધો લાભ લઈ લે છે. મધ્યમ વર્ગમાં આ સમસ્યાઓ વિશે જાગૃતિ આવતાં રાજ્યનાં સંસાધનોનો લાભ તે ઉઠાવે છે. તે હવે રોગચાળા અને ભયાનક રોગોને બદલે રસ્તા પરની ગીચતા અને વાયુ પ્રદૂષણથી વધારે ચિંતિત છે. અંગ્રેજ મહારાણીએ જ્યારે દિલ્હીને 'ગંદું શહેર' કહ્યું ત્યારે સ્વચ્છતા ઝુંબેશ શરૂ કરાઈ પણ લાખો રૂપિયાના એ ખર્ચની અસર એકાદ-બે દિવસ રહી. આવી પ્રતિક્રિયા સરકાર પર્યાવરણીય સમસ્યાઓ અંગે કેવો અભિગમ ધરાવે છે તેનું પ્રતિબિંબ પાડે છે. 'આગ લાગે ત્યારે કૂવો ખોદવો' જેવી જ નીતિ તેની રહી છે. તે એવી સંસ્થાગત વ્યવસ્થા ઊભી કરતી નથી કે જે માળખાગત સવલતોની જાળવણી કરે અને નીતિઓનો સહભાગી અમલ કરે.

પર્યાવરણીય સમસ્યાઓનો એક ઉકેલ પ્રતિબદ્ધ અધિકારીઓ તરફથી મળ્યો છે. મે-૧૯૯૫માં સુરતના નવા વહીવટદાર એસ. આર. રાવે સુરતની સિકલ બદલી નાખી અને જે સુરત ભારતમાં સૌથી ગંદાં શહેરોમાંનું એક શહેર હતું તે ૧૯૯૭માં દેશનું બીજા ક્રમે સૌથી સ્વચ્છ શહેર બની ગયું. લોકોનો ટેકો અને લોકોની ભાગીદારીએ તેમની ઝુંબેશને સફળ બનાવી અને તેમના પર આવતાં રાજકીય, આર્થિક અને ધાર્મિક દબાણોને તેઓ ખાળી શક્યા. રસ્તા પહોળા કરવામાં આવ્યા, બિનઅધિકૃત મકાનો તોડી પાડવામાં આવ્યાં, રસ્તા પર ટપકતા નળ ઉપર ચાર્જ લગાવવામાં આવ્યો, રસ્તા પર કચરો ફેંકનારને દંડ કરવામાં આવ્યો અને એવાં બીજાં અનેક પગલાં ભરાયાં. ઝૂંપડપટ્ટીઓમાં પાયાની સેવાઓ પૂરી પડાઈ. તે માટે 'સુલભ' અને 'પર્યાવરણ' એમ બે સ્વૈચ્છિક સંસ્થાઓની સહાય મેળવવામાં આવી. પરિણામે રોગચાળામાં ૬૫ ટકાનો ઘટાડો થયો અને તેનો સીધો લાભ ગરીબોને મળ્યો.

આવી પ્રતિબદ્ધ વ્યક્તિ પરના અવલંબનનું એક નકારાત્મક પાસું એ છે કે નવાં અભિગમો, પદ્ધતિઓ અને વલણોને સંસ્થાગત સ્વરૂપ ના આપવામાં આવે તો સમગ્ર પરિવર્તન નકામું બની જાય છે. જ્યારે રાવ ૮-૧૦ દિવસ માટે સુરતની બહાર હતા ત્યારે તેમના સીધા નિરીક્ષણ હેઠળ કામ કરતા અધિકારીઓ તેમની મૂળ કાર્યશૈલીમાં પાછા આવી ગયા હતા. વળી, સુરતના નાગરિકોની ભાગીદારી તેમાં વધી નહોતી. લોકોના વિરોધ વચ્ચે ડિસેમ્બર-૧૯૯૭માં જ્યારે રાવની બદલી થઈ ત્યારે જાણે કે પ્રેરક બળ જતું રહ્યું. દેશનાં અન્ય શહેરોની જેમ સુરતની પણ મુખ્ય સમસ્યા એ છે કે સફાઈની સવલતો માટેનાં નાણાં ક્યાંથી લાવવાં અને તે સેવાઓની સમાન વહેંચણી કેવી રીતે કરવી. આગામી સાત વર્ષમાં પાણી પુરવઠો અને સફાઈની સવલતો પૂરી પાડવા માટે સુરત મહાનગરપાલિકાને રૂ. ૧૧૦૦ કરોડની જરૂર છે. રોગચાળો ફરી ફાટી ના નીકળે તે માટે પાયાની સવલતોની જરૂર છે.

એમ લાગે છે કે ભારતમાં સફાઈ ક્ષેત્રે સુધારા એ રીતે થવા જોઈએ કે તે અસમાનતાની સમસ્યાનો પણ ઉકેલ લાવે. ૭૪મા બંધારણીય સુધારાએ ઘણી આશાઓ જન્માવી છે. વળી, તેને પરિણામે નગરપાલિકાઓમાં ૩૩ ટકા અનામત બેઠકો મહિલાઓ માટે ફાળવાઈ છે. આથી વધુ મહિલાઓ મેયર બને છે અને હરિજન મહિલાઓ પણ તેમાં સભ્ય બને છે.

વિકાસલક્ષી યોજનાઓના અમલમાં રાજ્યની સંસ્થાઓ અને બિનસરકારી સંગઠનો દ્વારા સમુદાયની ભાગીદારી ઉપર ભાર મૂકવામાં આવે તો જ શહેરી ગરીબોની કુશળતાનો ઉપયોગ થાય. લોકોને તેમની વિકાસની યોજનાઓમાં સહભાગી બનાવવા અસરકારક રીતે સંગઠિત કરવામાં આવે એ આવશ્યક છે.

# પાણી, સફાઈ અને આરોગ્ય ક્ષેત્રે ગુજરાતઃ દસવર્ષીય સ્વૈચ્છિક યોજના

ઔદ્યોગિક રીતે વિકસિત ગુજરાત વધારે વિકાસ પામે તે માટે સરકારી રાહે અને સ્વૈચ્છિક રાહે બંને સ્તરોએ પ્રયાસ થઈ રહ્યા છે. અહીં **શ્રી હેમન્તકુમાર શાહ** દ્વારા આ લેખમાં સ્વૈચ્છિક સંસ્થાઓએ ગુજરાતના સામાજિક ક્ષેત્રે અને ખાસ કરીને પાણી, સફાઈ તથા આરોગ્ય ક્ષેત્રે આગામી ૧૦ વર્ષમાં વિકાસ સાધવા માટે જે યોજના ઘડી છે તેનું ટૂંકમાં આલેખન કરવામાં આવ્યું છે. નિર્ધારિત લક્ષ્યાંકો અને પગલાં સહિતની સ્વૈચ્છિક ક્ષેત્રની આ દસવર્ષીય યોજના પાયાની સવલતોના ક્ષેત્રે ઈ.સ. ૨૦૧૦માં ગુજરાત વધારે સારું અને સમતાપૂર્ણ બને તે માટેની વાસ્તવિક દૃષ્ટિ અને આર્ષદૃષ્ટિ બંને રજૂ કરે છે અને સરકાર સહિતના તમામ હિતધારકોને આ ક્ષેત્રે પ્રવૃત્ત થવા પ્રેરણા આપે છે.

**પ્રસ્તાવના**

ગુજરાત ભારતનું ઔદ્યોગિક રીતે વિકસિત રાજ્ય છે અને નવી આર્થિક નીતિના ૧૯૯૧માં થયેલા આરંભ પછી સીધું વિદેશી રોકાણ આકર્ષવામાં પણ ગુજરાત એક અગ્રણી રાજ્ય બની રહ્યું છે.

ગુજરાત સરકારના 'ગુજરાત માળખાકીય વિકાસ બોર્ડ' દ્વારા 'ગુજરાત ઇન્ફ્રાસ્ટ્રક્ચર એજન્ડા - વિઝન ૨૦૧૦' તૈયાર કરાઈ છે. તે માળખાકીય સવલતોના વિકાસ માટેની એક ખૂબ મહત્ત્વાકાંક્ષી યોજના છે. આ 'વિઝન-૨૦૧૦'માં માંગ-પુરવઠાને ધ્યાનમાં રાખીને નવ ક્ષેત્રોમાં રોકાણનું આયોજન કરાયું છે. આ નવ ક્ષેત્રો છેઃ ઊર્જા, બંદરો, ઔદ્યોગિક વસાહતો, વાહનવ્યવહાર, શહેરી માળખું, પાણી, હવાઈ મથકો, ગેસ ગ્રિડ અને માહિતી તકનિકી. વાહન વ્યવહાર ક્ષેત્રમાં રસ્તા અને રેલવેનો સમાવેશ થાય છે જ્યારે શહેરી માળખાગત સવલતોમાં પાણી પુરવઠો, ગટર વ્યવસ્થા, વસાહતો, શહેરી વાહનવ્યવહાર અને અન્ય સવલતોનો સમાવેશ થાય છે.

આ નવ ક્ષેત્રોમાં ૧૦ વર્ષમાં ૩૮૩ જેટલી પરિયોજનાઓમાં કુલ રૂ. ૧,૧૬,૯૯૩ કરોડનું રોકાણ થશે એવો અંદાજ બાંધવામાં આવ્યો છે. આમાં ૭૦ ટકા રોકાણ ખાનગી ક્ષેત્રમાંથી આવશે એમ જણાવાય છે. આ યોજનામાં પહેલા તબક્કામાં ઊર્જા, બંદરો, ઔદ્યોગિક વસાહતો અને પાણી જેવાં ક્ષેત્રોમાં રોકાણ કરવામાં આવશે જ્યારે બીજા તબક્કામાં અન્ય ક્ષેત્રોનો વિકાસ કરવામાં આવશે. આ રીતે આ સમગ્ર યોજના માળખાકીય સવલતોનો વિકાસ કરશે.

રાજ્યના આર્થિક વિકાસ માટેની આ એક જંગી અને મહત્ત્વાકાંક્ષી યોજના છે. રાજ્ય સરકાર સાથે સાથે સામાજિક ક્ષેત્રે માળખાગત સવલતો વિકસાવવા માટે પણ પ્રતિબદ્ધ છે. અને એટલે સરકારે મુખ્ય પ્રધાનના અધ્યક્ષપદે ગુજરાત સામાજિક માળખાકીય વિકાસ બોર્ડની સ્થાપના કરી છે. પણ શું ખરેખર રાજ્ય સરકાર સામાજિક ક્ષેત્રે માળખાગત સવલતો વિકસાવવા માટે પ્રતિબદ્ધ છે ખરી?

ગુજરાત ઔદ્યોગિક રીતે વિકસિત રાજ્ય હોવા છતાં તેણે શિક્ષણ, આરોગ્ય, ગ્રામ વિકાસ, પર્યાવરણ અને મજૂર કલ્યાણ ક્ષેત્રે ઘણું બધું સિદ્ધ કરવાનું બાકી છે એ એક હકીકત છે. ૧૯૯૨-૯૭ની આઠમી પંચવર્ષીય યોજનામાં સામાજિક સેવાઓ માટે રૂ. ૩૨૫૦ કરોડની ફાળવણી કરવામાં આવી હતી પણ ખરેખર ખર્ચ માત્ર રૂ. ૨૭૦૬ કરોડનું જ થયું હતું. ૧૯૯૭-૨૦૦૨ની નવમી પંચવર્ષીય યોજનામાં સામાજિક સેવાઓ માટે રૂ. ૯૬૦૯ કરોડની ફાળવણી કરવામાં આવી છે. તે પંચવર્ષીય યોજનાના કુલ ખર્ચના લગભગ ત્રીજા ભાગ જેટલું છે. આમ, રાજ્ય સરકાર સામાજિક સેવાઓના ક્ષેત્રે માળખાગત સવલતો ઊભી કરવા અગાઉ કરતાં વધારે પ્રતિબદ્ધ જણાય છે. પણ પ્રશ્ન એ છે કે આ ખર્ચ શું ખરેખર ઊગી નીકળશે ખરું? 'ગુજરાત સામાજિક માળખાકીય વિકાસ બોર્ડ'ની રચના કરાઈ છે પણ સામાજિક માળખાકીય સવલતો માટેના રોકાણની કોઈ કાર્યલક્ષી યોજના ઘડાઈ નથી એ ખૂબ જ સૂચક છે.

આ ક્ષેત્રે સ્વૈચ્છિક સંસ્થાઓએ જે પહેલ કરી છે તે નોંધનીય છે. મૂળભૂત અધિકારો, આરોગ્ય, સંસ્થાકીય પ્રક્રિયાઓ, નીતિવિષયક ફેરફાર, સફાઈ, આર્થિક બાબતો, તકનિકી વિકાસ, મહિલા વિકાસ અને શાળાઓના ક્ષેત્રે સ્વૈચ્છિક સંસ્થાઓએ લક્ષ્યાંકો નક્કી કર્યા છે અને સંભવિત વ્યૂહરચના વિચારી છે તથા લક્ષ્યાંકોની સિદ્ધિ માટે કયાં કયાં પગલાં ભરવાં તેનો પણ વિચાર કર્યો છે. 'ગુજરાત ૨૦૧૦: એ વિઝન ઓફ સેફ વોટર, હાઈજીન એન્ડ સેનિટેશન ફોર ઓલ' શીર્ષક હેઠળની આ યોજનામાં ઈ.સ. ૨૦૧૦માં ગુજરાતમાં સામાજિક ક્ષેત્રે કેવો વિકાસ થયેલો હોવો જોઈએ તેનું ચિત્ર રજૂ કરવામાં આવ્યું છે અને એ ચિત્ર પરિપૂર્ણ કરવા માટે શું શું કરવું જોઈએ તે પણ તેમાં વિચારવામાં આવ્યું છે.

'ઉત્થાન', 'અમદાવાદ સ્ટડી એક્શન ગ્રુપ' (અસાગ) અને 'લોકવિકાસ'ના

આ પ્રયાસને પ્રેરણા મળી છે 'વોટર સપ્લાય એન્ડ સેનિટેશન કોલાબોરિટેવ કાઉન્સિલ' દ્વારા વૈશ્વિક સ્તરે ૧૯૯૭માં થયેલા પ્રયાસથી. કાઉન્સિલે ૧૯૯૮થી સ્થાનિક, જિલ્લા, રાષ્ટ્રી, પ્રાદેશિક અને વૈશ્વિક સ્તરે ૩૦૦૦ લોકોને મળીને 'વિઝન ૨૧' નામે એક દસ્તાવેજ તૈયાર કર્યો છે. આ દસ્તાવેજ કર્મશીલો દ્વારા ઉપયોગમાં લેવાશે અને પાણીનો પુરવઠો, સફાઈ તથા આરોગ્ય ક્ષેત્રે આંદોલન ઊભું કરવા માટે તે બળ પૂરું પાડશે.

ગુજરાતમાં આ 'વિઝન ૨૦૧૦' દસ્તાવેજ અનેક સ્વૈચ્છિક સંસ્થાઓ સાથેના વિચાર વિમર્શ અને સંવાદને આધારે તૈયાર કરાયો છે. તેના ત્રણ હેતુઓ છેઃ

૧. તે અનુભવો, સિદ્ધિઓ, વ્યૂહરચનાઓ અને ચિંતાઓની આપલે કરવાની પ્રક્રિયાને સતેજ બનાવે.
૨. તે લક્ષ્યાંકો નક્કી કરવા, નવી ભાગીદારીઓ ઊભી કરવા અને સંસાધનો એકત્ર કરવા માટે સમુદાય આધારિત સંગઠનો, સ્વૈચ્છિક સંસ્થાઓ, સરકારી સંગઠનો અને દાતા સંસ્થાઓને આયોજન કરવામાં ટેકો પૂરો પાડે.
૩. અનેક સ્તરે સરકારો સમક્ષ હિમાયત માટે પણ તેનો ઉપયોગ કરી શકાય.

આ દસ્તાવેજને બે ભાગમાં વહેંચવામાં આવ્યો છે. પ્રથમ ભાગમાં દરેક પેટા ક્ષેત્રે ઈ. સ. ૨૦૧૦માં ગુજરાતની સ્થિતિ શી હોવી જોઈએ તેનું ચિત્ર રજૂ કરવામાં આવ્યું છે. અને બીજા ભાગમાં દરેક પેટા ક્ષેત્રના લક્ષ્યાંકો નક્કી કરાયા છે અને સૂચિત વ્યૂહરચના જણાવાઈ છે તથા એ લક્ષ્યાંકો સિદ્ધ કરવા માટેનાં પગલાં સુચવાયાં છે. દસ્તાવેજમાં ક્ષેત્રવાર જે બાબતો જણાવાઈ છે તેમાંના કેટલાંક ક્ષેત્રોની વિગતો નીચે મુજબ છેઃ

## મૂળભૂત અધિકારો

ઈ. સ. ૨૦૧૦ સુધીમાં ગુજરાતમાં સત્તાવાળાઓ અને સમુદાયોએ ભેગા મળીને તમામ લોકોને સ્વાસ્થ્ય, પાણી અને સફાઈના મૂળભૂત અધિકારો મળ્યા હશે તેવી પરિસ્થિતિનું સર્જન કર્યું હશે. ત્યારે ગુજરાતના તમામ નાગરિકોને આ સેવાઓ ઉપલબ્ધ હશે અને તેમની ગુણવત્તા સુધારવા માટેના પ્રયાસો કરાતા હશે.

આ માટે પાયાની સવલતોના વિકાસ માટે, તે માટેના કાર્યક્રમોમાં રોકાણને પ્રાથમિકતા પૂરી પાડવા માટે અને ક્ષમતા વર્ધન માટે હિમાયત કરવામાં આવશે. ભારતમાં અને ભારત બહાર આ અંગે જે આંદોલનો ચાલે છે તેમની સાથે જોડાણ અને ભાગીદારીની વ્યૂહરચના અપનાવવામાં આવશે અને પાણી, આરોગ્ય તથા સફાઈ માટે રાજકીય ઇચ્છાશક્તિ ઊભી કરાશે. શહેરી અને અર્ધશહેરી વિસ્તારોમાં ઝડપથી વણસતી પરિસ્થિતિ ખાળવા ખાસ ધ્યાન આપવામાં આવશે.

આ સંદર્ભમાં જે પગલાં વિચારવામાં આવ્યાં છે તે આ મુજબ છેઃ આ અધિકારોની હિમાયત માટે રાજ્યવ્યાપી ઝુંબેશ શરૂ કરાશે, પર્યાપ્ત કાનૂની વ્યવસ્થાની જરૂરિયાત અંગે સમીક્ષા કરાશે, જવાબદારી, પારદર્શકતા તથા હિતધારકોની સામેલગીરીના સંદર્ભમાં વહીવટી માળખાંની સમીક્ષા કરવામાં આવશે.

## આરોગ્ય

ઈ. સ. ૨૦૧૦ સુધીમાં પાણીજન્ય રોગોમાં ઘટાડો થયો હશે. એ માટે કુટુંબો, સમુદાયો અને સ્વૈચ્છિક સંસ્થાઓએ સંબંધિત સત્તાવાળાઓના ટેકાથી પ્રયાસો કર્યા હશે. પાણીની ગુણવત્તા પર દેખરેખ અને તકેદારી રાખવા માટે સ્વૈચ્છિક સંસ્થાઓ અને સમુદાયોએ સરકાર સાથે મળીને કામ કર્યું હશે. બાળ મૃત્યુ દરમાં સુધારો થયો હશે અને ગુજરાત હવે ભારતનાં અન્ય રાજ્યો કરતાં આ બાબતમાં આગળ હશે. ગુજરાતના અનેક જિલ્લાઓમાં અત્યારે ફ્લુરોસિસ પ્રવર્તમાન છે. તેના ઉપર તે સમયે અંકુશ આવ્યો હશે. તે માટે યોગ્ય ટેકનોલોજીનો ઉપયોગ થયો હશે અને પાણીની ગુણવત્તા પર દેખરેખ રાખવા પ્રયાસ થયો હશે.

આ સંદર્ભમાં જે લક્ષ્યાંકો નક્કી કરવામાં આવ્યા છે તે આ મુજબ છેઃ **૧.** ૧૯૯૯માં ૧૩૦૦૦ ગામોમાં પીવાના પાણીનો કોઈ સ્રોત નથી. ઈ.સ. ૨૦૧૦માં એક પણ ગામ પીવાના પાણીના કાયમી અને વિશ્વસનીય સ્રોત વિનાનું નહિ હોય. **૨.** પાણીજન્ય રોગોમાં ૭૦ ટકાનો ઘટાડો કરવો. **૩.** બાળ મૃત્યુ દર ૧૩૭થી ઘટાડીને ૪૫ કરવો. **૪.** ફ્લુરોસિસથી અસરગ્રસ્ત પ્રદેશોમાં ૮૦ ટકાનો ઘટાડો કરવો. **૫.** ખારાં જળનું આક્રમણ સંપૂર્ણપણે દૂર કરવું. **૬.** જળસ્રાવ સંચાલન, જળ સંગ્રહ અને બગાડ પર નિયંત્રણ દ્વારા રાજ્યે દુકાળ સામે સંપૂર્ણ રક્ષણ આપતી યોજના ઊભી કરી હશે.

નવા વર્ષમાં આરોગ્ય ક્ષેત્રે આ લક્ષ્યાંકો સિદ્ધ કરવા માટે નીચેનાં પગલાં વિચારવામાં આવ્યાં છેઃ **૧.** પ્રવર્તમાન નેટવર્ક્સ દ્વારા સામુદાયિક આરોગ્ય જૂથો ઊભાં કરવાં. **૨.** આરોગ્ય કાર્યકરો અને શિક્ષકોને તાલીમ આપવી. તે માટે યોગ્ય શૈક્ષણિક વ્યૂહરચનાઓ અને સામગ્રી વિકસાવવી. આ માટે રાજ્યના આરોગ્ય ખાતાને વધારે મજબૂત કરવું. **૩.** સમગ્ર રાજ્યમાં ગ્રામીણ અને શહેરી બંને વિસ્તારોમાં જળસંગ્રહની પદ્ધતિઓને પ્રોત્સાહન આપવું. **૪.** પાણીના પુરવઠાના જથ્થા અને ગુણવત્તા પર દેખરેખ રાખવા સામુદાયિક કાર્યો શરૂ કરવાં. **૫.** ગુજરાતની શિક્ષણ નીતિ અન્વયે શાળાનાં જાજરૂ બાંધવાના કાર્યક્રમને સક્રિય ટેકો પૂરો પાડવો.

**સફાઈ**
સફાઈ ક્ષેત્રે જે લક્ષ્યાંકો તૈયાર કરવામાં આવ્યા છે તેમાં આ મુદ્દાઓનો સમાવેશ થાય છેઃ ૯૦ ટકા લોકોને આવરી લેવા અને સફાઈની સવલતોનો ઉપયોગ કરતા કરવા, ગ્રામીણ અને શહેરી જરૂરિયાતોને અનુકૂળ હોય તેવા તકનિકી વિકલ્પો ઊભા કરવા, પાણી અને કચરાના પુનર્ચક્રીકરણ માટે કુટુંબો, સત્તાવાળાઓ અને ઉદ્યોગોની ક્ષમતા વધારવી, નવીનતમ શહેરી વિકલ્પો ઊભા કરવા અને તેમને પ્રોત્સાહન આપવું, સેવાઓ પૂરી પાડવા અને જાળવવા માટે ખાનગી પ્રયાસોને ઉત્તેજન આપવું, ગરીબોને રક્ષણ મળે તે રીતે ચુકવણીનાં માળખાં વિકસાવવા કે જેથી માલિકી અને જવાબદારીને પ્રોત્સાહન મળે, માથે મેલું ઉપાડવાની પ્રથા ઉપર પ્રતિબંધ મૂકવામાં આવે અને તે માટે જાગૃતિ ઊભી કરાય, દેખરેખ રખાય અને પુનર્વસનના પ્રયાસો કરાય.

આ લક્ષ્યાંકો પાર પાડવા માટે જે વ્યૂહરચના ઘડાઈ છે તેમાં જે મહત્ત્વના મુદ્દાઓ છે તે આ મુજબ છેઃ તકનિકી વિકલ્પોને સક્રિયપણે પ્રોત્સાહન આપીને તથા વપરાશકારને અનુકૂળ આવે તેવી યોજનાઓ ઘડીને નાણાકીય સંસાધનો એકત્ર કરવામાં આવશે. ઉપરાંત, તાલીમ સવલતો ઊભી કરવાનું પણ વિચારવામાં આવ્યું છે. વળી, સફાઈ કામદારોના રક્ષણ માટે માનવ અધિકારોના અભિગમનો ઉપયોગ આક્રમક રીતે કરવામાં આવશે. તેમાં માથે મેલું ઉપાડવાની પ્રથા પરના કાનૂની પ્રતિબંધનો અમલ કડકાઈથી થાય તે પણ જોવામાં આવશે. શાળાઓમાં જાજરૂની વ્યવસ્થા ઊભી થાય તે માટેના પ્રયાસોને બળવત્તર બનાવવા માટે પણ પ્રયાસ કરાશે.

સફાઈ ક્ષેત્રે જે પગલાં વિચારવામાં આવ્યાં છે તેમાં તકનિકી વિકલ્પોને મૂલવવા માટે તાલીમ અને માહિતીનાં સાધનો વિકસાવવાનો, મૂળ ખર્ચના ૧૦થી ૨૦ ટકાનો ફાળો લોકો દ્વારા અપાય તેવી યોજના વિકસાવવાનો, મહિલાઓ દ્વારા સંચાલિત ગ્રામ સમિતિઓ ઊભી કરવાનો, શહેરો માટે વૈકલ્પિક નમૂના વિકસાવવાનો, ઉપયોગકર્તા નાણાં ચૂકવે તેવા નમૂનાને પ્રોત્સાહન આપવાનો, મહિલાઓ તથા અપંગોની વિશિષ્ટ જરૂરિયાતો પ્રત્યે વિશેષ ધ્યાન આપવાનો અને રાજ્યનાં પાણી અને સફાઈ અંગેનાં તમામ નેટવર્ક્સમાં શાળેય કાર્યક્રમને પ્રાથમિકતા આપવાનો સમાવેશ થાય છે.

**આર્થિક બાબતો**
ઈ.સ. ૨૦૧૦માં ગુજરાતમાં ગ્રામીણ અને શહેરી વિસ્તારોમાં સમુદાયની ભાગીદારી દ્વારા પાણીના પુરવઠાના આર્થિક પાસામાં સુધારો થયો હશે. કામગીરી અને જાળવણીનું ખર્ચ તથા પીવાના પાણીની સેવાઓની જવાબદારીમાં લાભાર્થી સમુદાયો સક્રિય રીતે સામેલ હશે. ખર્ચમાં ભાગીદારીનું એવું માળખું વિકસ્યું હશે કે જેમાં કુટુંબનો ફાળો સમુદાય દ્વારા આવતો હશે અને તેથી એ પદ્ધતિ વધારે ટકાઉ બની હશે. સામુદાયિક જૂથો સર્વિસ ચાર્જ ઉપર દેખરેખ રાખતા હશે અને જાળવણીની જવાબદારી વેંઢારતા હશે. શહેરી વિસ્તારોમાં પાણીના દર અત્યારે ખૂબ જ ઓછા છે. ગરીબ લોકોને રક્ષણ મળે તે રીતે તેમાં સુધારો થયો હશે. પાણી અને સફાઈની સેવાઓના ક્ષેત્રે ખાનગી ક્ષેત્રને પ્રોત્સાહન આપવા અને તેમને નિયંત્રણમાં રાખવા નિયમનકારી માળખું વિકસ્યું હશે.

આ સંદર્ભમાં જે લક્ષ્યાંકો રાખવામાં આવ્યા છે તે આ મુજબ છેઃ **૧.** ઓછી ખર્ચાળ ગ્રામીણ તકનિકીને પ્રોત્સાહન આપીને તથા સમુદાયો પાસેથી સંસાધનો એકત્ર કરીને રાજ્યમાં માથાદીઠ મૂડી રોકાણ ખર્ચ રૂ. ૨૫૦૦થી ઘટાડીને રૂ. ૧૫૦૦ કરવું. **૨.** ગ્રામીણ વિસ્તારોમાં જાળવણી ખર્ચ લિટર દીઠ રૂ. ૧ કરવું. તે માટે ઓછી ખર્ચાળ તકનિકીનો ઉપયોગ કરવો અને સમુદાયોની ભાગીદારી વધારવી. **૩.** જાળવણીનું મોટા ભાગનું ખર્ચ સમુદાય વેઠશે. **૪.** શહેરો અને ગ્રામ વિસ્તારો વચ્ચે પાણીની વહેંચણીમાં સમાનતા રાખવી અને શહેરોમાં ગરીબો-અમીરો તથા કુટુંબો અને ઉદ્યોગો વચ્ચે પણ સમાનતા ઊભી કરવી.

આ લક્ષ્યાંકો પાર પાડવા માટે જે પગલાં આ દસવર્ષીય યોજનામાં વિચારવામાં આવ્યાં છે તે નીચે મુજબ છેઃ **૧.** રાજ્યના સત્તાવાળાઓ અને ખાસ કરીને રાજકારણીઓ તથા ઈજનેરો સમક્ષ વૈકલ્પિક આર્થિક નમૂનાની હિમાયત કરવી. **૨.** નિદર્શન પરિયોજનાઓ દ્વારા વૈકલ્પિક યોજનાઓ દાખલ કરવી. **૩.** નાગરિકોને નવાં વલણો અને જવાબદારીઓ માટે તૈયાર કરવા હિમાયત કરવી. **૪.** નવી આર્થિક ભૂમિકાઓ અને જવાબદારીઓ માટે સામુદાયિક સંગઠનોનું ક્ષમતા વર્ધન કરવું. **૫.** પાણીના વ્યાપારી ઉપયોગ માટે તાર્કિક ભાવ નીતિ ઊભી કરાવવી, સફાઈ માટેની વૈકલ્પિક નાણાકીય યોજનાઓ વિકસાવવી. **૬.** કુટુંબો અને સમુદાયોમાં આવી યોજનાઓને પ્રોત્સાહન આપવું.

**ઉપસંહાર**
ઉપરોક્ત વિગતો પરથી જણાય છે કે સ્વૈચ્છિક સંસ્થાઓએ પાણી, સફાઈ અને આરોગ્ય ક્ષેત્ર માટે જે દસવર્ષીય યોજના ઘડી છે તેમાં લોકોની સહભાગિતા, ચિરંતનતા અને સંસાધનોની સમાન વહેંચણી પર વિશેષ ભાર મૂકવામાં આવ્યો છે. શું આ યોજના રાજ્ય સરકારે માળખાગત સવલતોના વિકાસ માટે જે યોજના ઘડી છે તેની સાથે ઘર્ષણમાં ઊતરે છે કે તેનાથી તે અસંગત છે? ના, બિલકુલ નહિ. આર્થિક વિકાસ માત્ર થોડાક લોકો માટે લાભદાયી ના બને એ જોવાની

**જુઓ પૃષ્ઠ ૨૫**

# અંદાજપત્રો અને સામાજિક ક્ષેત્રોઃ ગરીબો પર સંભવિત અસર

ગુજરાત સરકાર અને કેન્દ્ર સરકારનાં ૨૦૦૦-૨૦૦૧ના વર્ષ માટેનાં અંદાજપત્રોના અભ્યાસ કરીને **શ્રી હેમન્તકુમાર શાહ** દ્વારા આ લેખ તૈયાર કરાયો છે. તેમાં રાજ્ય સરકાર અને કેન્દ્ર સરકારે સામાજિક ક્ષેત્રો માટે શી જોગવાઈઓ કરી છે અને તેની શી અસરો દેશના અને ગુજરાતના ગરીબો પર પડવાની સંભાવના છે તેની વિગતો આપવામાં આવી છે.

**પ્રસ્તાવના**

ઔદ્યોગિક ક્રાંતિ પછી એટલે કે ૧૯મી સદીના આરંભથી રાજ્ય નામની સંસ્થાની કામગીરી બદલાતી ગઈ. રાજ્ય હવે માત્ર આંતરિક સલામતી જાળવવા માટેની કે બાહ્ય આક્રમણો સામે પ્રજાનું રક્ષણ કરનારી સંસ્થા નથી રહી. પણ તે ગરીબોના કલ્યાણ માટે કામ કરનારી એટલે કે બજાર દ્વારા પ્રેરિત ખાનગી હિતો મારફતે સમાજમાં ઊભી થનારી વિકૃતિઓને દૂર કરનારી સંસ્થા બની છે. ખાસ કરીને ગરીબોની સંખ્યા જ્યાં વિશેષ છે તેવા દેશોમાં રાજ્યની એટલે કે સરકારની ભૂમિકા વિશિષ્ટ છે. આ સંજોગોમાં સરકાર શામાંથી કેટલા પૈસા મેળવે છે અને ક્યાં કેટલા પૈસા ખર્ચે છે તે મહત્ત્વનું થઈ પડે છે કારણ કે એ જ તેની નીતિઓ કયા પ્રકારની છે તેનું પ્રતિબિંબ પાડે છે.

સરકારની આવક અને જાવકનો હિસાબ એટલે તેનું અંદાજપત્ર. છેક ગ્રામ સ્તરેથી શરૂ કરીને કેન્દ્ર સરકાર સુધી દર વર્ષના અંતે આગામી વર્ષ માટેનું અંદાજપત્ર ઘડાય છે. ભારતમાં નાણાકીય વર્ષ અત્યારે એપ્રિલથી માર્ચનું છે. એટલે તમામ સ્તરે માર્ચના અંત સુધીમાં અંદાજપત્ર ઘડાય છે. ગ્રામ પંચાયત, તાલુકા પંચાયત, જિલ્લા પંચાયત, નગરપાલિકા, મહાનગરપાલિકા, રાજ્ય સરકાર અને કેન્દ્ર સરકાર પોતપોતાનાં અંદાજપત્રો રજૂ કરે છે. આ અંદાજપત્રોની વિગતોને સમજવી જરૂરી છે કારણ કે તે સરકારોના ઇરાદા વ્યક્ત કરે છે.

કેન્દ્ર સરકારનું અંદાજપત્ર દર વર્ષે ફેબ્રુઆરી માસના છેલ્લા દિવસે રજૂ થાય છે. તેની આસપાસમાં જ રાજ્ય સરકાર પોતાનું અંદાજપત્ર રજૂ કરે છે. કેન્દ્ર સરકારના અંદાજપત્રને સંસદ અને રાજ્ય સરકારના અંદાજપત્રને વિધાનસભા મંજૂર કરે એ આવશ્યક છે. મહત્ત્વનો મુદ્દો એ છે કે અંદાજપત્રના દસ્તાવેજોની સંખ્યા અને તેમનાં પાનાંની સંખ્યા એટલી વધારે હોય છે તથા તેમાં અપાયેલી વિગતો એટલી ટેકનિકલ રીતે રજૂ થઈ હોય છે કે એ સામાન્ય માણસો તો શું પણ સંસદસભ્યો અને વિધાનસભ્યો માટે પણ સમજવાનું કઠિન છે. દા.ત. ગુજરાત સરકારનું અંદાજપત્ર આશરે ૬૦ જેટલા દસ્તાવેજોમાં હોય છે અને તેનાં પાનાંની સંખ્યા આશરે ૧૨,૦૦૦ થાય! આમ છતાં, આ દસ્તાવેજો ખૂબ જ મહત્ત્વના છે કારણ કે તેમાં સરકારોના વિવિધ કાર્યક્રમો પાછળ થનારા ખર્ચની વિગતો હોય છે.

અહીં કેન્દ્ર સરકારના અને ગુજરાત સરકારના ૨૦૦૦-૦૧ના વર્ષ માટેનાં અંદાજપત્રોમાં સામાજિક ક્ષેત્રો માટે શી ખર્ચની જોગવાઈ થઈ છે તેની વિગતો આપવામાં આવી છે અને તેમનું થોડુંક વિશ્લેષણ કરવામાં આવ્યું છે. ગુજરાત સરકાર નવા વર્ષે રૂ. ૨૩,૪૧૮ કરોડ ખર્ચવાની છે અને કેન્દ્ર સરકાર રૂ. ૩,૩૮,૪૮૭ કરોડ ખર્ચવાની છે. એટલે કે આટલા રૂપિયાનાં અંદાજપત્રો છે એમ કહેવાય. એમાં ખર્ચની અને ખાસ કરીને સામાજિક ક્ષેત્રોના ખર્ચની શી જોગવાઈઓ છે તે જોઈએ.

**કેન્દ્ર સરકાર**

૧. પ્રારંભિક શિક્ષણ માટે ૧૯૯૯-૨૦૦૦માં રૂ. ૨૯૩૯ કરોડનો ખર્ચ થશે એમ સુધારેલો અંદાજ કહે છે. હવે નવા વર્ષ માટે રૂ. ૩૭૩૫ કરોડના ખર્ચનો અંદાજ મુકાયો છે. આમ, તેમાં મોટો વધારો સુચવાયો છે. પણ આશ્ચર્યની વાત એ છે કે પ્રારંભિક શિક્ષણ માટે કેન્દ્ર સરકાર જેટલા પૈસા ખર્ચે છે તેના કરતાં વધારે પૈસા માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ માટે ખર્ચે છે. ૧૯૯૯-૨૦૦૦માં રૂ. ૪૩૮૧ કરોડનો ખર્ચ માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ માટે થયો છે. હવે નવા વર્ષ માટે તેનો અંદાજ રૂ. ૪૬૫૦ કરોડનો મુકાયો છે.
૨. આદિવાસી બાબતો અંગે એક નવું મંત્રાલય ઊભું કરવામાં આવશે. અત્યારે તે એક અલગ વિભાગ તરીકે કામ કરે છે. ૧૯૯૯-૨૦૦૦ના વર્ષ માટે તેનું ખર્ચ રૂ. ૧૮૪ કરોડ થવાનો સુધારેલો અંદાજ છે. નવા વર્ષ માટે તે ખર્ચ વધારીને રૂ. ૨૧૩ કરોડનો અંદાજાયો છે.
૩. શહેરી રોજગારી અને ગરીબી નિવારણ માટે ૧૯૯૯-૨૦૦૦માં રૂ. ૩૦૨ કરોડના ખર્ચનો સુધારેલો અંદાજ છે. હવે નવા વર્ષ માટે તેનો અંદાજ રૂ. ૩૯૯ કરોડનો મુકાયો છે.
૪. મહિલા અને બાળ વિકાસ માટેનો ખર્ચ ૧૯૯૮-૯૯માં રૂ.

૧૧૭૭ કરોડનો હતો. ૧૯૯૯-૨૦૦૦ માટે તેનો સુધારેલો અંદાજ રૂ. ૧૫૧૨ કરોડનો મુકાયો છે.

૫. પીવાના પાણીના પુરવઠા માટે ૧૯૯૮-૯૯માં રૂ. ૧૬૭૭ કરોડનો ખર્ચ થયો હતો. ૧૯૯૯-૨૦૦૦માં તેનો સુધારેલો અંદાજ રૂ. ૧૮૦૮ કરોડનો છે. હવે નવા વર્ષ માટે તે ખર્ચ રૂ. ૨૧૦૧ કરોડનો અંદાજવામાં આવ્યો છે.

૬. કેન્દ્ર સરકારે જાહેર વિતરણ વ્યવસ્થા પાછળ થતું ખર્ચ ઘટાડવાનું નક્કી કર્યું છે. ૧૯૯૮-૯૯માં તે રૂ. ૮૭૫૬ કરોડનું હતું. ૧૯૯૯-૨૦૦૦ માટે તેનો સુધારેલો અંદાજ રૂ. ૯૨૬૪ કરોડનો છે. હવે આગામી વર્ષે તેનો ખર્ચ અંદાજ રૂ. ૮૧૬૮ કરોડનો મુકાયો છે. આમ, આશરે રૂ. ૧૧૦૦ કરોડનું ખર્ચ ઘટશે.

૭. કેન્દ્ર સરકાર અન્ન સબસિડી ઘટાડવા માગે છે તેથી તેણે જાહેર વિતરણ વ્યવસ્થા હેઠળ વેચાતી વસ્તુઓના ભાવ વધારવાનો નિર્ણય કર્યો છે. આથી સસ્તા અનાજની દુકાનોએથી વેચાતા ઘઉં, ચોખા અને ખાંડના ભાવ વધશે. ચોખાના ભાવ કિલોગ્રામ દીઠ રૂ. ૩.૫૦થી વધીને રૂ. ૫.૧૫ થવાની શક્યતાઓ છે. ખાંડનો ભાવ કિલોગ્રામના રૂ. ૧૨થી વધીને રૂ. ૧૩ થશે અને ઘઉંનો ભાવ રૂ. ૨થી વધીને રૂ. ૪ થવાની શક્યતાઓ છે.

૮. સસ્તા અનાજની દુકાનોએથી હવે ગરીબીની રેખાની ઉપર જીવતાં કુટુંબોને ખરીદીનો લાભ નહિ મળે. ૧૯૯૭ના અંદાજ મુજબ દેશમાં ગરીબીની રેખા નીચે જીવતા લોકોની સંખ્યા આશરે ૩૬ કરોડ છે. એટલે કે તેમની માથાદીઠ માસિક આવક રૂ. ૨૫૪ કરતાં ઓછી છે અને હવે માત્ર તેમને જ અન્ન સબસિડીનો લાભ મળશે.

૯. સરકારે સસ્તા અનાજની દુકાનોએથી કુટુંબ દીઠ ૧૦ કિલોગ્રામ અનાજ આપવાને બદલે ૨૦ કિલોગ્રામ અનાજ આપવાનો નિર્ણય કર્યો છે.

૧૦. 'જનશ્રી વીમા યોજના' નામે એક સામાજિક સલામતીની યોજના શરૂ કરાશે. તે ગરીબીની રેખા નીચે જીવતા લોકોને વીમાનું છત્ર પૂરું પાડશે. જો કુદરતી રીતે મૃત્યુ થાય તો રૂ. ૨૦,૦૦૦, અકસ્માતે મૃત્યુ થાય તો કે કાયમી અપંગતા આવે તો રૂ. ૫૦,૦૦૦ અને અકસ્માતમાં આંશિકપણે અપંગતા આવે તો રૂ. ૩૦,૦૦૦ની વીમાની રકમ મળશે. આ માટે દર મહિને વ્યક્તિએ રૂ. ૧૦ કે તેથી ઓછી રકમનું પ્રિમિયમ ભરવાનું રહેશે. બાકીનું પ્રિમિયમ જીવન વીમા નિગમ (એલ.આઈ.સી.) ભરશે.

૧૧. જળ સંસાધન મંત્રાલયનું ખર્ચ ૧૯૯૮-૯૯માં રૂ. ૫૨૩ કરોડ હતું. ૧૯૯૯-૨૦૦૦માં તે રૂ. ૫૭૨ કરોડનું થવાનો સુધારેલો અંદાજ છે. હવે નવા વર્ષ તે રૂ. ૬૮૨ કરોડનો અંદાજાયો છે.

૧૨. ગ્રામ વિકાસ મંત્રાલયના ખર્ચમાં સતત ઘટાડો થઈ રહ્યો છે. ૧૯૯૮-૯૯માં રૂ. ૭૫૫૯ કરોડનું ખર્ચ થયું હતું. ૧૯૯૯-૨૦૦૦ માટે તેનો સુધારેલો અંદાજ રૂ. ૭૨૩૮ કરોડનો છે. હવે નવા વર્ષે રૂ. ૬૭૭૯ કરોડનો ખર્ચ અંદાજવામાં આવ્યો છે.

૧૩. ૧૯૯૯-૨૦૦૦માં જવાહર ગ્રામ સમૃદ્ધિ યોજના અન્વયે રૂ. ૨૦૯૫ કરોડના ખર્ચની જોગવાઈ કરાઈ હતી. પણ સુધારેલો અંદાજ રૂ. ૧૬૮૯ કરોડનો છે. આમ, તેમાં રૂ. ૪૦૬ કરોડનો ઘટાડો કરાયો છે. હવે નવા વર્ષ માટે રૂ. ૧૪૮૫ કરોડનો અંદાજ મૂકવામાં આવ્યો છે.

૧૪. શિક્ષણ માટે છોકરીઓને મફત શિક્ષણ, ડી.પી.ઈ.પી., પ્રૌઢ શિક્ષણ, અવૈધિક શિક્ષણ, શિક્ષકોની તાલીમ અને ઓપરેશન બ્લેક બોર્ડ અંગે ૧૯૯૯-૨૦૦૦માં રૂ. ૧૯૮૯ કરોડની જોગવાઈ કરવામાં આવી હતી. પણ સુધારેલા અંદાજમાં એ ખર્ચ રૂ. ૧૩૪૯ કરોડનો દર્શાવાયો છે. આમ, તેમાં રૂ. ૬૪૦ કરોડના ખર્ચનો ઘટાડો કરાયો છે.

૧૫. ૧૯૯૯-૨૦૦૦નું અંદાજપત્ર રજૂ કરતી વખતે નાણાં પ્રધાને 'અન્નપૂર્ણા' યોજના જાહેર કરી હતી. તેમાં ખાસ કરીને વૃદ્ધ વિધવાઓને ૧૦ કિલોગ્રામ અનાજ મફત આપવાનો સમાવેશ થતો હતો. યોજનાની જાહેરાત કરાઈ હતી પણ તેને માટે અંદાજપત્રમાં પૈસા ફાળવવામાં આવ્યા જ નહોતા! હવે ૨૦૦૦-૦૧માં તેને માટે રૂ. ૯૦ કરોડ ફાળવવામાં આવ્યા છે.

૧૬. ૧૯૯૯-૨૦૦૦ના બજેટમાં એમ જણાવવામાં આવ્યું હતું કે ઇન્દિરા આવાસ યોજના અન્વયે ગ્રામીણ ગરીબો માટે ૧૩ લાખ ઘર બાંધવામાં આવશે. તેને માટે રૂ. ૧૭૧૦ કરોડની જોગવાઈ કરવામાં આવી હતી. સુધારેલા અંદાજમાં તે ઘટાડીને રૂ. ૧૬૫૯ કરોડ કરાઈ છે. આમ, તેમાં રૂ. ૫૧ કરોડનો ઘટાડો કરવામાં આવ્યો છે. હવે નવા વર્ષ માટે રૂ. ૧૫૩૯ કરોડની જોગવાઈ કરવામાં આવી છે.

**ગુજરાત સરકાર**

૧. નાણાં પ્રધાને તેમના અંદાજપત્રીય પ્રવચનમાં 'એકંદર માનવ વિકાસ' પર ભાર મૂક્યો છે. તેમણે માનવ વિકાસ આંક ઊંચો લઈ જવા માટે પાંચ સીમાચિહ્નો સ્વીકાર્યાં છે. તેમાં સાક્ષરતાનું સ્તર ઊંચું લઈ જવું, આરોગ્ય સેવાઓમાં સુધારો, ગૃહનિર્માણ, ગામડાંને રસ્તાથી જોડવાં અને પીવાના પાણીનો સમાવેશ થાય છે.

૨. સાક્ષરતાનું સ્તર વધારવા માટે નવા વર્ષે આ કાર્યો કરાશેઃ ૯૫ ટકા બાળકોને પ્રથમ ધોરણમાં દાખલ કરવાં, ૧થી ૫ ધોરણમાં અધવચ્ચે શાળા છોડી જતાં બાળકોનું પ્રમાણ ૭ ટકા ઘટાડવું, હરિજનો, આદિવાસીઓ અને પછાત વર્ગો તથા છોકરીઓના શિક્ષણ ઉપર વિશેષ ધ્યાન આપવું.

૩. આરોગ્ય સેવાઓમાં સુધારાના સંદર્ભમાં ત્રણ મુદ્દા રજૂ કરાયા

છે: બાળ મૃત્યુ દર ૬૦થી નીચે લઈ જવો, પ્રસૂતા મૃત્યુ દર ૧.૫ કરતાં નીચે લઈ જવો અને વસ્તી વૃદ્ધિ દર ઘટાડવા માટે કુલ પ્રજોત્પતિ દર ૨૦૦૮ સુધીમાં ઘટાડીને ૨.૧ ટકા કરવો. આ હેતુ માટે રાજ્ય સરકાર નવી વસ્તી નીતિ જાહેર કરશે.

૪. સૌરાષ્ટ્ર, કચ્છ અને ઉત્તર ગુજરાતનાં ૨૧૪૯ ગામોમાં પીવાના પાણીનાં કાયમી સ્રોત ઊભાં કરાશે. આ ગામોમાં અત્યારે કોઈ જળ સ્રોત છે નહિ અથવા તો પાણી ફ્લોરાઈડવાળું છે.

૫. જુદા જુદા જિલ્લાઓની સિવિલ હોસ્પિટલોની હાલત ખૂબ જ ખરાબ છે. પણ ૧૯૯૯-૨૦૦૦માં તેમના નિભાવ અને મરામત માટે રૂ. ૧.૬૬ કરોડના ખર્ચનો અંદાજ મુકાયો હતો. પણ સુધારેલો અંદાજ રૂ. ૧.૪૬ કરોડના ખર્ચનો છે. એટલે કે ધારણા કરતાં ખર્ચ ઘટ્યો છે. હવે નવા વર્ષ માટે રૂ. ૧.૬૩ કરોડના ખર્ચનો અંદાજ મુકાયો છે.

૬. પ્રાથમિક આરોગ્ય કેન્દ્રોની ભૌતિક સવલતો સુધારવા માટે નવા વર્ષ માટે રૂ. ૯૬.૪૯ કરોડની જોગવાઈ કરવામાં આવી છે. એ જ રીતે સમૂહ આરોગ્ય કેન્દ્રો માટે રૂ. ૫૦ લાખની જોગવાઈ કરવામાં આવી છે.

૭. આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગનું કુલ ખર્ચ નવા વર્ષ માટે રૂ. ૯૫૨ કરોડ અંદાજવામાં આવ્યું છે. જો કે, સુધારેલો અંદાજ ૯૯૯ કરોડનો છે. આમ, તેમાં રૂ. ૪૭ કરોડનો જંગી ઘટાડો અંદાજાયો છે એમ કહેવાય.

૮. શ્રી વાજપેયી યુવા સ્વરોજગાર યોજના હેઠળ રૂ. ૨૧.૭૫ કરોડ નવા વર્ષે ખર્ચવામાં આવશે. તે યોજના હેઠળ ૧૫૭૫૦ને રોજગારી મળશે એવો અંદાજ છે. આ યોજના થકી ખાસ કરીને ગુજરાતના શહેરી વિસ્તારના યુવાનોને જાતે રોજગારી ઊભી કરવા માટે પ્રોત્સાહન અપાશે. તેમાં લોન અને સબસિડી બંનેનો સમાવેશ થાય છે.

૯. સરકાર ગ્રામોદ્યોગ અને લઘુ ઉદ્યોગો માટેનું ખર્ચ ઘટાડી રહી છે. ૧૯૯૯-૨૦૦૦માં તે રૂ. ૧૧૭ કરોડનું થવાનો અંદાજ છે. આગામી વર્ષે તે રૂ. ૧૩૪ કરોડ થશે એવો અંદાજ મુકાયો છે. પણ ૧૯૯૮-૯૯માં તો એ ખર્ચ રૂ. ૧૬૦ કરોડનું હતું.

૧૦. આદિવાસી વિસ્તાર પેટા યોજનાના કુલ ખર્ચમાંથી માત્ર પાંચમા ભાગની રકમ પંચાયતોને મળશે! યોજનાનું કુલ ખર્ચ રૂ. ૧૦૯૪ કરોડનું અંદાજવામાં આવ્યું છે અને તેમાંથી માત્ર રૂ. ૨૨૮ કરોડ જ અનુદાન તરીકે પંચાયતોને મળશે.

૧૧. આદિવાસી વિસ્તાર પેટા યોજનામાં ગ્રામોદ્યોગો અને ગૃહોદ્યોગો માટેની લોન ૧૯૯૯-૨૦૦૦ના રૂ. ૩૩ લાખથી ઘટાડીને રૂ. ૧૭ લાખ કરી નાખવામાં આવી છે. વળી, સહકાર અંગેના મૂડી ખર્ચમાં કોઈ વધારો કરવામાં આવ્યો નથી. કૃષિ વિષયક કાર્યક્રમો અંગેનું મૂડી ખર્ચ અર્ધું કરી નાખવામાં આવ્યું છે અને મત્સ્યોદ્યોગ માટે અપાતી લોનની રકમ હવે પાંચમા ભાગની કરી નાખવામાં આવી છે.

૧૨. ગુજરાતમાં આદિવાસી પુરુષોમાં માત્ર ૪૮ ટકા અને આદિવાસી સ્ત્રીઓમાં માત્ર ૨૪ ટકા સાક્ષરતા છે. પણ આદિજાતિ વિસ્તાર પેટા યોજના હેઠળ સામાન્ય શિક્ષણ માટેના ખર્ચમાં નજીવો વધારો કરવામાં આવ્યો છે. નવા વર્ષ માટે રૂ. ૮૮ કરોડનો ખર્ચ અંદાજાયો છે. ૧૯૯૯-૨૦૦૦માં તેનો સુધારેલો અંદાજ રૂ. ૮૦ કરોડનો છે.

૧૩. નાણાં પ્રધાને તેમના પ્રવચનમાં કહ્યું છે કે, "૧૯૯૦-૯૧માં આદિવાસીઓની વસ્તી ૧૪.૯૨ ટકા હોવાને લીધે સરકાર ઘણા સમયથી નોકરીઓમાં તેમની અનામતનું પ્રમાણ ૧ ટકા વધારવાનું વિચારતી હતી. હાલની સરકારે આદિવાસીઓ માટેની અનામત ૧૪ ટકાથી વધારીને ૧૫ ટકા કરવાનો નિર્ણય કર્યો છે."

૧૪. શિક્ષણ, ખેલકૂદ, કલા અને સંસ્કૃતિ માટે મહેસૂલી ખર્ચ નવા વર્ષ માટે રૂ. ૩૪૨૭ કરોડ અંદાજવામાં આવ્યું છે અને ૧૯૯૯-૨૦૦૦ના વર્ષનો સુધારેલો અંદાજ રૂ. ૩૩૫૭ કરોડનો છે. આ માટે નવા વર્ષે મૂડી ખર્ચ રૂ. ૨૦ કરોડનો અંદાજાયો છે જ્યારે ૧૯૯૯-૨૦૦૦ના વર્ષનો બજેટ અંદાજ રૂ. ૨૪ કરોડનો હતો અને હવે રૂ. ૨૧ કરોડનું જ ખર્ચ થવાનો સુધારેલો અંદાજ છે.

૧૫. ગ્રામીણ કામદારો માટેના સમાજ સુરક્ષા નિધિ માટે નવા વર્ષે રૂ. ૫.૬ કરોડનો ખર્ચ અંદાજાયો છે. ૧૯૯૯-૨૦૦૦ના વર્ષ માટે તે ખર્ચ રૂ. ૫.૧૨ કરોડનો હતો. આમ, તેમાં ઘટાડો કરવામાં આવ્યો છે. જો કે, ૧૯૯૭-૯૮માં તે ખર્ચ રૂ. ૮.૨૩ કરોડનો હતો. એટલે છેલ્લાં ૩ વર્ષમાં તેમાં જંગી ઘટાડો કરવામાં આવ્યો છે.

૧૬. નવા વર્ષમાં ગરીબી નાબૂદી કાર્યક્રમ માટેની યોજનાકીય જોગવાઈ રૂ. ૨૧૪.૧૭ કરોડની કરવામાં આવી છે. આગલા વર્ષે તે રૂ. ૧૭૮.૦૨ કરોડની હતી. આમ, આ ખર્ચમાં મોટો વધારો કરવામાં આવ્યો છે. તેમાં સરદાર પટેલ આવાસ યોજના માટે રૂ. ૧૩૦ કરોડની જોગવાઈ વધારીને રૂ. ૧૬૮ કરોડની કરવામાં આવી છે. રાજ્ય સરકારે નવા વર્ષે ૧ લાખ નવાં આવાસો બાંધવાનો લક્ષ્યાંક રાખ્યો છે.

૧૭. લઘુ ઉદ્યોગોને રાહતે સહાય આપવા માટે જે અનુદાન આપવામાં આવે છે તેમાં ઘટાડો કરવામાં આવ્યો છે. ૧૯૯૯-૨૦૦૦માં આ અનુદાન રૂ. ૯૦ લાખનું અંદાજવામાં આવ્યું હતું. પણ સુધારેલો અંદાજ એમ કહે છે કે ખર્ચ માત્ર રૂ. ૩૦ લાખ જ થશે. હવે નવા વર્ષ માટે તે રકમ રૂ. ૫૦ લાખની કરવામાં આવી છે.

# પાણીનો પ્રાણપ્રશ્ન ઉકેલવામાં શ્રમશક્તિ અને સંગઠનનો મહિમા

આગાખાન ગ્રામ સમર્થન કાર્યક્રમ (ભારત)ના કાર્યકર શ્રી નટવર ખાવડિયાએ આપેલી લેખિત માહિતી ઉપરથી અને ઉપલેટાની સંસ્થા 'વૃક્ષ-પ્રેમ સેવા ટ્રસ્ટ'ના કાર્યક્ષેત્રનાં ગામોની રૂબરૂ મુલાકાત લઈને **શ્રી સંજય દવે (ચરખા)** દ્વારા આ લેખ તૈયાર કરવામાં આવ્યો છે.

**પૂર્વભૂમિકા**

વર્તમાનમાં પાણીનો પ્રશ્ન જોતાં ભારતમાં આગામી ૨૫ વર્ષમાં રાષ્ટ્રીય દુષ્કાળ પડશે એવી બિહામણી ચેતવણી ચેન્નાઈની અન્ના યુનિવર્સિટીના 'પાણી સંસાધન કેન્દ્ર'ના પ્રૉ. એન. વી. પંડારીકાન્થને આપી છે. ગુજરાતમાં પણ પાણી એ પ્રાણપ્રશ્ન છે. ગુજરાતમાં સૌરાષ્ટ્ર, કચ્છ અને ઉત્તર ગુજરાતમાં પાણીની સમસ્યા વર્ષોથી વિકટ છે. આ ત્રણેય વિસ્તારોમાં જુદા જુદા પ્રકારની પાણીની સમસ્યા છે. કચ્છ અને સૌરાષ્ટ્રમાં ઓછા વરસાદને કારણે સર્જાતી તકલીફો છે તો ઉત્તર ગુજરાતમાં ભૂગર્ભ જળ ઊંડાં જવાના તથા ફ્લોરાઈડના પ્રશ્નો છે. 'તરસ લાગે ત્યારે કૂવો ખોદવા'ના આપણા વલણને કારણે આજે ગુજરાતમાં આવી પરિસ્થિતિ સર્જાઈ છે. દુષ્કાળ, અર્ધદુષ્કાળ, અનિયમિત અને અપૂરતો વરસાદ, જળ વ્યવસ્થાપનનો અભાવ, ભ્રષ્ટ અને અણઘડ આયોજન, શહેરીકરણ, જીવન વ્યવહાર અને ઉદ્યોગોમાં પાણીનો બેફામ વપરાશ જેવાં કારણોને લીધે રાજ્યની જળસમસ્યા દિનપ્રતિદિન વધુ ને વધુ વિકરાળ બનતી જાય છે. પાતાળ કૂવા અને બોર દ્વારા સતત અને પુષ્કળ પ્રમાણમાં પાણી ખેંચાઈ રહ્યું છે. તેથી ભૂગર્ભ જળનાં તળ ભયજનક રીતે ઊંડાં ને ઊંડાં જતાં જાય છે. ઉત્તર ગુજરાતમાં તો પાંચથી દશ હજાર વર્ષોનું સંઘરાયેલું ભૂગર્ભ જળ છેલ્લાં થોડાં વર્ષોમાં જ ખેંચી લેવાયું છે.

સૌરાષ્ટ્રમાં સાડા સાત લાખ કૂવા અને દશ લાખ જેટલા બોર છે. સૌરાષ્ટ્રમાં પાંચ-સાત વર્ષ પહેલાં ૩૦થી ૪૦ ફૂટે પાણી મળતું હતું જ્યારે આજે ૨૦૦ ફૂટે માંડ પાણી મળે છે. ઉત્તર ગુજરાતમાં માત્ર મહેસાણા જિલ્લામાં પચાસ હજાર પાતાળ કૂવા છે. પરંતુ આજે ઉત્તર અને મધ્ય ગુજરાતનાં ભૂગર્ભ જળ ૫૦૦થી ૧૨૦૦ ફૂટ સુધી ઊંડાં ગયાં છે. ભૂગર્ભ જળ ઊંડાં જવાને લીધે દરિયાનું ખારું પાણી ભૂગર્ભમાં આગળ ને આગળ વધતું રહ્યું છે. પરિણામે દ્વારકા, પોરબંદર જેવા દરિયાકાંઠે આવેલા વિસ્તારોમાં ક્ષારનું પ્રમાણ રોજબરોજ વધતું જાય છે. હાલમાં આ ક્ષારને લીધે રાજ્યના ૧૫૦૦ કિમીના વિસ્તારમાં રણપ્રદેશ જેવી સ્થિતિ સર્જાઈ છે. મધ્યમ વર્ગીય ખેડૂતો માટેની પીળી ક્રાંતિના પ્રણેતા દિવંગત ડૉ. વિઠ્ઠભાઈ પટેલે કહ્યું હતું કે, પાણી માટે સંતુલિત વિકાસનું આયોજન નહીં કરીએ તો સૌરાષ્ટ્ર, કચ્છ, ઉત્તર ગુજરાતનો પાણીથી તરફડતો પ્રદેશ, બીજો આદિવાસી પટ્ટીનો છતાં સંસાધને અભાવગ્રસ્ત પ્રદેશ અને ત્રીજો ગુજરાતની વચલી સમૃદ્ધ પટ્ટીનો પ્રદેશ એવા ત્રણ વિષમ ભાગમાં ગુજરાત વહેંચાઈ જશે અને પાણી માટે રમખાણો થશે. જામનગરના ફલ્લા ગામે પાણી માટે થયેલું રમખાણ, રાજકોટની મહિલાનો આપઘાત અને અન્ય નગરોમાં પાણી બાબતે થઈ રહેલાં તોફાનો જોતાં વિઠ્ઠભાઈની વાત સાચી ઠરી રહી છે એવું સ્પષ્ટ ભાસે છે.

**પાણીની સમસ્યાએ એક મહિલાનું જીવન હરી લીધું!**

રાજકોટ શહેરની ગીતાંજલિ સોસાયટીમાં શેરી નં. ૪માં પાણીનાં ટેન્કરો જાય ત્યારે તેનો કબજો જમાવવા માટે થતા કંકાશથી ત્રાસીને ૩૩ વર્ષના અનસૂયાબહેને ઝેરી ટીકડી ખાઈને આપઘાત કર્યો છે. અનસૂયાબહેનના પતિ ભગવાનભાઈ પોતાની દુકાને કામ કરતા હતા ત્યાં તેમને સમાચાર મળ્યા કે, તેમની પત્નીને ઝાડાઊલટી થઈ ગયાં છે. તેઓ પત્નીને હૉસ્પિટલ લઈ ગયાં, પણ સારવાર સફળ ન થઈ. અનસૂયાબહેને તે રાતે દમ તોડ્યો. પાણીને મોકાણે તેર વર્ષની દીકરી શ્વેતા અને આઠ વર્ષના દીકરા ભાવિનની માતા અનસૂયાબહેનનો જીવ લીધો.

ભગવાનભાઈ રહે છે તે વિસ્તારમાં બે-ત્રણ દિવસે પાણીનું ટેન્કર આવે છે. ટેન્કર આવે એટલે પડોશી ઈલાબહેન ગઢવી કાયમ પોતાનો વારો પહેલો લે અને વારામાં પોતાની સાથે રહેતાં સાસુ-સસરાનો પણ વારો રાખે એટલે કાયમ બોલાચાલી થાય. અનસૂયાબહેનને બનાવના દિવસે પણ ઝઘડો થયો હતો. પડોશમાં રહેવું અને દરરોજની લમણાઝીંકથી નિરાશ થઈને તેમણે ઘઉંમાં નાખવાની પારાની ગોળી ખાઈ લીધી. જોકે, ઈલાબહેનના પતિ ડૉ. વિજય ગઢવી કહે છે કે, "પાણીના ઝઘડામાં કોઈ સ્ત્રી આપઘાત કરે એ વાત જ ગળે ઊતરતી નથી. આ બનાવ પછી પત્નીની તબિયત પણ બગડી ગઈ છે તેને પણ હૉસ્પિટલમાં સારવાર આપવી પડી છે."

આ કરુણ બનાવમાં સાચું જે હોય તે, પણ પાણીની સમસ્યાના કારણે એક આપઘાત નોંધાયો તે અતિ કમનસીબ બાબત છે.

જોકે, પાણીની આવી વિકરાળ સમસ્યાનો સામનો કરવા માટે સૌરાષ્ટ્ર, કચ્છ, ઉત્તર ગુજરાત અને અન્ય ભાગોમાં લોકો મચી પડ્યા છે. ગુજરાતમાં ઠેર ઠેર પાણી બચાવોની ઝુંબેશ શરૂ થઈ છે. 'જાગ્યા ત્યારથી સવાર' માનીને સુરેન્દ્રનગર, ભાવનગર, કચ્છ, જામનગર, અમરેલી, રાજકોટ વગેરે જિલ્લાઓમાં મોટા પાયે કૂવા રિચાર્જ કરવાનાં, તળાવો ખોદવાનાં, ઘરમાં વરસાદનું પાણી સંઘરવાના, ચેકડેમ બાંધવાનાં વગેરે કામો જુદી જુદી સ્વૈચ્છિક સંસ્થાઓ, સંગઠનો, ધાર્મિક સંગઠનો અને સરકાર દ્વારા મોટા પાયે થઈ રહ્યું છે. કણમાંથી મણ થાય એ ન્યાયે ગામેગામનાં જળસંચયનાં કામોથી સમગ્ર સ્થાનિક વિસ્તારમાં પણ પાણીની છત થવાની ખબરો મળતી રહે છે. કોઈક વિસ્તારમાં વ્યક્તિગત ધોરણે તો ક્યાંક કોઈક યોજના હેઠળ પાણીસંગ્રહનાં કામો થઈ રહ્યાં છે.

આ કામોમાંથી પાણીના પ્રશ્નનો નીવેડો લાવવા માટે પ્રેરણાદાયી દૃષ્ટાંતો પૂરાં પાડતા બે પ્રયાસો વિશે અહીં રજૂઆત કરવામાં આવી છે. પ્રથમ દૃષ્ટાંતમાં સ્વૈચ્છિક સંસ્થા 'આગાખાન ગ્રામ સમર્થન કાર્યક્રમ (ભારત)'ના નેજા હેઠળ સુરેન્દ્રનગર જિલ્લાના ચોટીલા તાલુકામાં લાખણકા ગામમાં મહિલાઓના નેતૃત્વ હેઠળ થયેલાં કામો વિશે વાત કરવામાં આવી છે. તેમાં પીવાના પાણીની મુશ્કેલીનો લોકો અને ખાસ કરીને મહિલાઓ સંગઠિત થઈને ઉકેલ લાવે છે તે વાત ઉપર ભાર મૂકવામાં આવ્યો છે. જ્યારે બીજા દૃષ્ટાંતમાં રાજકોટ જિલ્લાના જામકંડોરણા તાલુકાનાં ગામોમાં કાર્યરત સ્વૈચ્છિક સંસ્થા 'વૃક્ષ પ્રેમ સેવા ટ્રસ્ટ'ના નેજા હેઠળ થયેલાં કામોની વાત કરવામાં આવી છે. તે કામોમાં સંસ્થાના નિયામકશ્રી પ્રેમજીભાઈ પટેલની નિષ્ઠા અને કોઠાસૂઝનાં દર્શન થાય છે. વળી, સ્થાનિક ગ્રામજનો પોતાના ગામની પાણીની સમસ્યા દૂર કરવા પોતાનો વધારે નાણાકીય ફાળો અને શ્રમ આપવા તૈયાર થયા છે તેની વાત કરવામાં આવી છે. સરકાર ઉપર નિર્ભર રહેવાને બદલે પોતાના ગામની સમસ્યા ગ્રામજનોએ જ ઉકેલવી જોઈએ એવી ભાવના લોકોમાં જગાવવાનું કામ 'ટ્રસ્ટ' દ્વારા થઈ રહ્યું છે.

## સુરેન્દ્રનગરનું લાખણકા ગામ શ્રમશક્તિ અને સંગઠનનો મહિમા સમજાવે છે

### પ્રેરણા પ્રવાસથી બહેનો જાગૃત થઈ

દુષ્કાળગ્રસ્ત વિસ્તાર તરીકે જાહેર થયેલા સુરેન્દ્રનગર જિલ્લાના ચોટીલા તાલુકામાં આણંદપુર રોડ ઉપર આવેલા લાખણકા ગામની આ સંઘર્ષગાથા છે. ગામમાં પીવાના પાણીની ખૂબ જ મુશ્કેલી હતી. ગામના પાદરે એક કૂવો ખરો, પણ તે ચોમાસા પછી સુકાવા લાગે. કૂવાની બાજુમાં બે હૅન્ડ પંપ છે. તેના પાણીનાં તળ પણ ઉનાળામાં ખૂબ જ ઊંડાં જતાં રહેતાં. ત્રણ-ત્રણ બહેનો હેન્ડ પંપથી પાણી ખેંચવાનો પ્રયત્ન કરે ત્યારે માંડ થોડું પાણી આવે. પાણી ભરવા માટે લાંબી કતારો લાગતી અને તકરાર પણ થતી. પાણીનો આ પ્રશ્ન હલ કરવા માટે ગામના ઉત્સાહી કાર્યકર શ્રી અમરસિંહભાઈએ પ્રયાસ કર્યો હતો, પરંતુ ગામમાં અરસ-પરસના મતભેદને કારણે તેમનું સ્વપ્ન સાકાર થયું નહીં.

આ વિસ્તારમાં કામ કરતી સ્વૈચ્છિક સંસ્થા 'આગાખાન ગ્રામ સમર્થન કાર્યક્રમ'ના કાર્યકરોએ પીવાના પાણીની મુશ્કેલીનો ઉકેલ લોકો સંગઠિત થઈને લાવે તે વાત ઉપર ભાર મૂક્યો. ગામના વિકાસ માટેની સામૂહિક યોજના પોતાની જ સમજવી, તેની જાળવણી કરવી અને ગામલોકોએ જાતે જ ગામની મુશ્કેલીઓનું નિવારણ કરવું જોઈએ. એ વાત લાખણકા અને અન્ય ગામની બહેનો બરાબર સમજે તે માટે ધોળકા ગામનો પ્રવાસ યોજવામાં આવ્યો. આ પ્રેરણા પ્રવાસમાં ધોળકા અને ધોલેરામાં 'અસાગ' અને 'માહિતી' સંસ્થાની મુલાકાત ગોઠવવામાં આવી હતી. પ્રવાસમાં આવેલી બહેનોએ ત્યાંની બહેનોના સંગઠનથી પીવાના પાણીનો પ્રશ્ન હલ થયો તે જોયું, જાણ્યું. સંગઠનની તાકાતથી પાણીનું સુખ સાંપડેલું જોઈને બહેનો પ્રભાવિત થઈ. પ્રેરણા પ્રવાસમાંથી



પાછા ફરતી વખતે બસમાં જ લાખણકા ગામની બહેનોએ બહેનોનું મંડળ રચવાનો અને પીવાના પાણીની સમસ્યા હલ કરવાનો નિર્ણય લીધો.

### ટીપે ટીપે લોકફાળો

ગામની મહિલાઓએ નિર્ણયનો અમલ પણ કર્યો. દર મહિને રૂ. ૧૦ની બચત કરવાનું શરૂ કર્યું. દરમ્યાન આગાખાન સંસ્થાએ જુદાં જુદાં ગામોમાં પીવાના પાણીની સવલતો અંગે એક સર્વેક્ષણ કર્યું. સર્વેક્ષણ કર્યા પછી લાખણકા ગામમાં બીજો એક હેન્ડ પંપ કરવાનો પ્રસ્તાવ ગ્રામજનો સમક્ષ મૂક્યો. પરંતુ ગામની મહિલાઓએ તે અંગે

જણાવ્યું કે, "ગામમાં એક ડંકી તો છે જ, બીજી ડંકી કરવાથી અમારી મુશ્કેલી હલ નહીં થાય. કારણ કે ડંકીનાં પાણી ઊંડાં ઉતરી ગયાં છે. ત્રણ બહેનોથી માંડ માંડ ડંકી ચલાવાય છે. અશક્ત, બીમાર અને સગર્ભા બહેનોનું તો તેમાં કામ જ નહીં, વળી કલાકો સુધી લાઈનમાં બેસવું પડે છે. તકરાર થાય, મનદુઃખ થાય." મહિલાઓની વાત ગળે ઊતરે તેવી હતી. મહિલાઓએ હવે મોટર મૂકીને નળથી પાણી ભરવાની વ્યવસ્થા કરવાનું વિચાર્યું. પરંતુ આ વ્યવસ્થા માટે મોટો ખર્ચ થાય તેમ હતું. તેથી મહિલાઓએ ઘરદીઠ રૂ. ૫૦નો લોકફાળો ઉઘરાવવાનું નક્કી કર્યું. આગાખાન સંસ્થા પાસેથી ડંકી માટે રૂ. ૨૫ હજાર મળવાના હતા તેમાંથી સિંગલ ફેઝ મોટર ખરીદવાનું નક્કી થયું. પાણીની આખી વ્યવસ્થા ઊભી કરવા માટે ઓછામાં ઓછો ખર્ચ થાય તે માટે મહિલાઓએ સારો ઉપાય શોધી કાઢ્યો. જૂની ડંકીને કાઢી લઈને તે બોરમાં મોટર ઉતારવી. તેથી બોરનું ખર્ચ કરવું ન પડે અને કામચલાઉ મોટરથી ગામના કૂવામાંથી પાણી નાંખીને પાણી ભરી શકાય. મહિલાઓનો આ ઉપાય સૌ ગ્રામજનોને યોગ્ય લાગ્યો. ભાઈઓને મહિલાઓની કોઠાસૂઝની ઈર્ષા થવા લાગી. મહિલાઓ પાણીની આ આખી વ્યવસ્થાનો યશ ના ખાટી જાય તે માટે પુરુષોએ રૂ. ૪૦૦નો ફાળો એકઠો કર્યો. આમ, ટીપે ટીપે સરોવર ભરાય તે ન્યાયે ખર્ચનાં જરૂરી નાણાં ભેગાં થઈ ગયાં. તેમાંથી મોટર લાવીને આખી વ્યવસ્થા પણ ઊભી કરવામાં આવી.

**અસ્પૃશ્યતા નાબૂદ થઈ**

પીવાના પાણીની આ વ્યવસ્થાનું વ્યવસ્થિત સંચાલન થાય તે માટે ગામના ઉત્સાહી કાર્યકરો શ્રી અમરસિંહભાઈ, છગનભાઈ, ઘનામભાઈ; ગામના શિક્ષક સોમાભાઈ અને અન્ય પુરુષોએ ગ્રામ સભા યોજી. તેમાં ફળિયા અને કુટુંબદીઠ એક-એક વ્યક્તિને સામેલ કરીને ૧૪ સભ્યોની એક પાણી સમિતિ બનાવવામાં આવી. લાખણકા ગામને પાણીનું સુખ થઈ ગયું. એટલું જ નહીં પણ અસ્પૃશ્યતા પણ નાબૂદ થઈ. પહેલાં તો હરિજન મહિલાઓ કૂવાને અડી શકતી ન હતી. અન્ય કોમની મહિલાઓ તેમને કૂવામાંથી પાણી ભરી આપતી. પરંતુ મોટર દ્વારા કૂવામાં પાણી નાખવાની આ વ્યવસ્થા થયા પછી સંગઠનની ભાવનાથી અસ્પૃશ્યતાની કુપ્રથા સદંતર બંધ થઈ ગઈ છે. આજે ગામની સવર્ણ અને હરિજન મહિલાઓ એક સાથે કૂવામાંથી હોંશે હોંશે પાણી ભરે છે.

જોકે, આ યોજના અધૂરી પણ હતી. કારણ કે, પાણીની મોટર ચાલુ-બંધ કરવી પડે અને વીજળી ન હોય ત્યારે પાણી ખેંચી શકાય નહીં. પાણી સંઘરવા માટે ખરેખર તો ગામને સ્ટોરેજ ટાંકીની જરૂર હતી. ટાંકી લગાવીને આ યોજના પૂરી કરવામાં આવે તે માટે મહિલાઓએ ગામના પુરુષોને પોરસ ચડાવ્યું, "બહેનોના પગ પૂજો. બહેનો ભેગી થઈ એટલે આટલી પણ સગવડ થઈ. ગામના સરપંચ, મોટા મોટા પટેલો અને તમે બધા નામના જ છો. જો મોટા ભા હોવ તો પૂરી કરો ને આ યોજના!"

ગામની મહિલાઓના કટાક્ષની પુરુષો પર ધારી અને સારી અસર થઈ. અધૂરી યોજના પૂરી કરવા સમિતિના સભ્યો તત્પર બન્યા. આગાખાન સંસ્થાની મદદથી ગુજરાત પાણી પુરવઠા બૉર્ડમાં રજૂઆત કરીને રૂ. ૬૫,૦૦૦ની કિંમતનો ૨૦,૦૦૦ લિટરની ક્ષમતાવાળો સિન્ટેક્સનો ટાંકો લઈ આવ્યા. પરંતુ આટલું પૂરતું ન હતું. નળનું અને ટાંકાનું સ્ટેન્ડ બનાવવા તથા પાઈપ ખરીદવા માટે પૈસાની જરૂર હતી. તેથી ફરી વાર ગ્રામવાસીઓ પાસેથી રૂ. ૪૦૦૦નો લોકફાળો એકઠો કરવામાં આવ્યો. ઉત્સાહી કાર્યકર શ્રી અમરસિંહભાઈએ ૨૦ થેલી સિમેન્ટ આપ્યો. ટાંકા રાખવાનું સ્ટેન્ડ બનાવવાનો ખર્ચ પંચાયત ફાળવે તે માટે સરપંચને અપીલ કરવામાં આવી. સરપંચ તરફથી હકારાત્મક પ્રતિભાવ મળ્યો. જરૂરી સાધનો તો એકઠાં થયાં. પરંતુ હવે મજૂરીકામ માટે મજૂરો રોકવા પડે તેમ હતા. વારંવાર લોકફાળો ઉઘરાવ્યા પછી હવે મજૂરીકામનાં નાણાં લાવવાં કેવી રીતે તે પ્રશ્ન ઉપસ્થિત થયો.

**જાત મહેનત ઝિંદાબાદ**

આખરે 'જાત મહેનત ઝિંદાબાદ' કહેવતને સાર્થક કરવાનું ગ્રામજનોએ જાણે કે બીડું ઝડપ્યું. નળ માટેનું સ્ટેન્ડ બનાવવા માટે ગટર તથા પાયાના ખોદાણકામ માટે જે ભાઈ કે બહેન કૂવા પાસે પાણી ભરવા આવે તે પાંચ પાંચ તગારાં જેટલી માટી ખોદીને જાય તેવું સર્વાનુમતે નક્કી થયું. શરૂઆતમાં તો આવા શ્રમદાનને કોઈએ દાદ ન આપી. એવામાં પચાસ વર્ષનાં એક વૃદ્ધાએ તગારું ઉપાડી, માથે મૂકીને ડગુમગુ ચાલતાં ચાલતાં પાંચ તગારા માટી કાઢી આપી. આ જોઈને ત્યાં પાણી ભરવા આવેલાં બીજાં સ્ત્રી-પુરુષો પણ માટી ખોદવા લાગ્યાં.

આમ, શ્રમદાનથી માટીનું ખોદાણ પૂરું થઈ શક્યું. ગામની શાળાના શિક્ષક પણ બાળકોને લઈને શ્રમદાનમાં પોતાનો ફાળો આપવા આવ્યા હતા. તેમણે પાણીના ટાંકાના સ્ટેન્ડની ગોળાઈવાળા ખાલી ભાગમાં પથ્થર અને માટી નાંખીને કામ પૂર્ણ કર્યું. ગામના એક ભાઈએ વિના મૂલ્યે ટ્રેક્ટરમાં પથ્થર લાવી આપીને પોતાનું યોગદાન આપ્યું. શ્રમદાન અને ગામ માટે કંઈક કરી છૂટવાની ઉમદા ભાવનામાં ગામના સરપંચ લીંબાભાઈ પણ જોડાયા. તેમણે ગ્રામ પંચાયતના બજેટમાંથી ટાંકાનું સ્ટેન્ડ બાંધવા માટેનો માલસામાન અને કડીયાની મજૂરીના ખર્ચ પેટે રૂ. ૧૫,૦૦૦ ચૂકવ્યા. એટલું જ નહીં, પરંતુ બીજા બે નળ સ્ટેન્ડ પંચાયત દ્વારા બનાવી આપવાની તેમણે બાંયધરી આપી. હવે મોટર ચલાવવા માટે વીજળીની જરૂર હતી. વીજળીના જોડાણ માટે ગ્રામ પંચાયતના ફાળામાંથી રૂ. ૪૦૦૦ ભરીને થાંભલો, વાયર અને અન્ય

સામગ્રી ગામમાં લઈ આવ્યા. ગુજરાત વિદ્યુત બૉર્ડ દ્વારા મુદત આપ્યા પ્રમાણે જોડાણ આપવા કોઈ આવ્યું નહીં, તેથી ગામલોકોએ જાતે જ કાયદેસર રીતે જોડાણ કર્યું. આમ આગાખાન સંસ્થાના રૂ. ૨૫,૦૦૦, પાણી પુરવઠા બૉર્ડના રૂ. ૬૫,૦૦૦, ગ્રામ પંચાયતના રૂ. ૧૯,૦૦૦ અને લોકફાળાના રૂ. ૮૦૦૦ (ગ્રામ શ્રમદાન) મળીને કુલ ૧ લાખ ૧૭ હજાર રૂપિયાથી યોજના પૂર્ણ કરવામાં આવી.

**મારું-તારું નહીં, પણ આપણું પાણીનું સુખ**

નળનું સ્ટેન્ડ તૈયાર થઈ ગયું. હવે નળ પણ લાગી ગયા હતા. ગામની મહિલાઓ પાણી ભરવા એકઠી થઈ હતી. પહેલું બેડું ભરવાની લાલચમાં મહિલાઓમાં ચડભડ શરૂ થઈ. 'આ અમારા ફળિયાનો નળ અને આ તમારા ફળિયાનો.' પરંતુ નળમાં પાણી આવે તો ભરે ને! પાઈપમાં હવાને કારણે પાણી આવતું અટકી ગયું. ચડભડ કરતી મહિલાઓ શાંત થઈને એકમેકની સામે જોવા લાગી. તેમને થયું કે ખરેખર અમારું-તમારું અને મારું-તારું કરવું એ ભગવાનને પસંદ નથી. બધાએ નક્કી કર્યું કે કોઈ પણ નળમાંથી કોઈ પણ વ્યક્તિ પાણી ભરી શકશે. છેવટે પાણી આવવું શરૂ થતાં એક નાનકડી બાળાના હસ્તે પાણીના નળનું ઉદ્‌ઘાટન કરાવવામાં આવ્યું. આમ, લાખણકા ગામે જાત-મહેનતથી પાણીનું સુખ પ્રાપ્ત કર્યું.

**જામકંડોરણા તાલુકાનાં નવ ગામોમાં ગ્રામજનોની કોઠાસૂઝથી પાણીનો અસરકારક સંગ્રહ થયો**

રાજકોટ જિલ્લાના જામકંડોરણા તાલુકાનાં નવ ગામોમાં જળસ્રાવ વિસ્તાર વિકાસ (વૉટરશેડ) યોજના અંતર્ગત થયેલાં કામોમાં સ્થાનિક ગ્રામજનોની કોઠાસૂઝનો પૂરેપૂરો ઉપયોગ કરવામાં આવ્યો છે. વળી, ચેકડેમ, પાળા જેવાં પાણી રોકવાનાં કામોમાં એન્જિનિયરની મદદ લીધા વગર ખેડૂતોએ જાતે જ બાંધકામ કરાવ્યું છે. સ્થાનિક સ્વૈચ્છિક સંસ્થા 'વૃક્ષ-પ્રેમ સેવા ટ્રસ્ટ'ની કામ કરવાની નોંધપાત્ર પદ્ધતિને કારણે આવું થઈ શક્યું છે.

**પચાસ ટકા લોક ભાગીદારી લેવાથી લોકોની સામેલગીરી વધી**

જામકંડોરણાનાં સનાળા, રામપર, બરડિયા, બાલાપર, ઉજળા, બોરિયા, ગુંદાસરી, બેલડા અને જૂના માત્રાવડ એમ નવ ગામોમાં વૉટરશેડ યોજનાનો અમલ કરતી સંસ્થા 'વૃક્ષ-પ્રેમ સેવા ટ્રસ્ટ' દ્વારા ખેડૂતો પાસેથી કામમાં ખર્ચની ૫૦ ટકા રકમ લોકભાગીદારી દ્વારા મેળવવાનો આગ્રહ રખાય છે. સામાન્ય રીતે ચેકડેમ, તળાવ જેવાં વૉટરશેડનાં કામોમાં લોકો પાસેથી ૧૦ ટકા રકમ લેવામાં આવે છે અને ૯૦ ટકા રકમનો ખર્ચ સરકાર કરે છે પરંતુ 'ટ્રસ્ટ' દ્વારા ૨૦ ટકાથી માંડીને ૫૦ ટકા સુધીના ખર્ચની રકમ લોકો પાસેથી લેવામાં આવે છે. લોકો પાસેથી વધારે રકમ મેળવવા અંગે 'ટ્રસ્ટ'ના નિયામકશ્રી પ્રેમજીભાઈ પટેલ કહે છે કે, "લાભાર્થી ખેડૂત પાસે વધારે રકમ લેવાથી યોજનાનાં કામોમાં તેની સામેલગીરી વધે છે. ચેકડૅમ અને પાળાનાં કામોને તે પોતાનું કામ ગણીને તેની જાળવણી માટે સતત જાગૃત રહે છે." જો માત્ર સરકાર દ્વારા લોકભાગીદારી વગર થયેલાં કામો હોય તો લાભાર્થી ખેડૂતમાં પોતીકાપણાની ભાવના આવતી નથી. 'ટ્રસ્ટ'ના કાર્યકરો પણ દરેક ગામમાં લોકોની સામેલગીરી વધારવા પ્રયાસ કરે છે. ગૌચર કે સરકારી પડતર જમીનમાં થતી કામગીરીમાં જો લોકો પોતાનો નાણાકીય ફાળો કે શ્રમ ન આપે તો 'લોકભાગીદારી મળી નથી' એવી નોંધ લખીને એ ગામમાં કામ પડતું મૂકવામાં આવે છે. ઉપરોક્ત નવ ગામોની કુલ ૮૧૭૫ હૅક્ટર જમીનમાં ૫૩,૮૩,૭૭૦ રૂપિયાનો કુલ ખર્ચ થયો હતો. તેમાં ૪,૭૫,૦૫૫ રૂપિયા લોકફાળા અને લોકભાગીદારીથી મેળવી શકાયા હતા તે નોંધપાત્ર વાત છે.

જામકંડોરણા તાલુકાના બોરિયા ગામમાં લાભાર્થીઓની ૨૦ ટકા ભાગીદારી સાથે ૬ ચેકડેમ અને ૨૫૦ શોષખાડા કરવામાં આવ્યા. ૬ ડેમ બાંધ્યા પછી માત્ર એક જ વરસાદથી ગામના ૧૯ કૂવાનાં તળ ઊંચાં આવ્યાં અને ડેમમાં ૨૦ દિવસ સુધી પાણી ભરાયેલું રહ્યું. પરિણામે, ખેતીની જમીનને ઋતુમાં ત્રણ વાર પાણી આપી શકાયું. બેલડા ગામમાં ૫૦ ટકા લોકભાગીદારી સાથે એક ચેકડેમ બાંધવાથી ગામના ૩૫ કૂવાનાં પાણી ઊંચાં આવ્યાં. બેલડામાં અઢી લાખ રૂપિયાના ખર્ચમાં દરબાર, પટેલ અને હરિજન એમ ત્રણેય જાતિની સંયુક્ત ભાગીદારીથી ડેમ બંધાયો છે. ૩૦૦ ફૂટ લાંબા ડેમથી ગામનાં ૧૪ કુટુંબોને ફાયદો થવાનો છે.

એ જ રીતે પટેલોનાં ૧૩૨ ઘરોની વસ્તી ધરાવતા રામપર ગામમાં બે રૂ. ૨.૧૬ લાખના રૂપિયાના ખર્ચે લોકભાગીદારીથી ૧૧ ફૂટ ઊંચો ચેકડેમ બાંધવામાં આવ્યો છે. રસનાળ નદી ઉપર બંધાયેલા એવા છ ડેમોથી ગામની ૭૫૦ વીઘા જમીનમાં ૮૦ કૂવાને લાભ થયો છે. આ છ ડેમ પાછળના ચાર લાખ રૂપિયાના રોકાણની સામે ૨૦ લાખ રૂપિયાનો ફાયદો માત્ર એક જ વરસાદથી થયો છે. રામપર ગામની મહિલાઓની સામેલગીરી સાથે થયેલાં કામોમાં ધોબીઘાટનું કામ નોંધપાત્ર છે. ગામની મહિલાઓએ પોતાની જરૂરિયાત માટે વૉટરશેડ યોજના અંતર્ગત ધોબીઘાટ બાંધવાની વાત રજૂ કરી હતી, તેથી ગામનાં ૧૦૦ ઘરોમાંથી ઘરદીઠ ૪૫ રૂ. ફાળો ઉઘરાવીને ધોબીઘાટ બાંધવામાં આવ્યો હતો.

'વૃક્ષ-પ્રેમ સેવા ટ્રસ્ટ' દ્વારા થયેલાં વૉટરશેડનાં કામોમાં મહિલાઓને સામેલ કરવા અનોખો કીમિયો અજમાવવામાં આવ્યો હતો. જે કુટુંબના લાભ માટે પાળા બનાવવામાં આવતા હોય તે કુટુંબની મહિલા પાળા બાંધવાના કામમાં રોકાયેલા ટ્રેક્ટરવાળાઓને રોટલા ઘડી દેતી. આમ

કરવાથી ગામેગામની મહિલાઓને વૉટરશેડનાં કામોની માહિતી નિયમિત રીતે મળતી રહેતી અને તેમને યોજનાનાં કામોમાં સામેલ કરી શકાતી.

### ગ્રામજનો સ્વનિર્ભર બન્યા

'ટ્રસ્ટ' દ્વારા વૉટરશેડ યોજના-પ્રવેશ પ્રવૃત્તિનાં કામોમાં પણ કુલ ખર્ચના પચાસ ટકા લોકફાળો ઉઘરાવવામાં આવે છે. જામકંડોરણા તાલુકાના બોરિયા ગામમાં યોજના-પ્રવેશ પ્રવૃત્તિ હેઠળ રૂ. ૧,૫૧,૦૦૦ ખર્ચ થયો હતો તેમાં સરકારના માત્ર ૪૫,૦૦૦ રૂ. જ ખર્ચાયા હતા, બાકીની રકમ લાભાર્થી ખેડૂતોએ ચૂકવી હતી. આમ થવાથી બોરિયાના ખેડૂતો ગામની બીજી સમસ્યાઓ બાબતે સરકાર પર આધાર રાખવાને બદલે સ્વનિર્ભર બન્યા છે. લાભાર્થી ખેડૂતો કામના આયોજન, બાંધાકમ, દેખરેખ અને જાળવણી સુધીની તમામ જવાબદારીઓ હોંશેહોંશે નિભાવે છે એ આ કામોનું વધુ એક નોંધપાત્ર પાસું છે.

### ખેડૂતો એન્જિનિયર બન્યા

આજે ઉપરોક્ત નવ ગામોમાં થઈ રહેલા પાકા ડેમોનાં કામો ખેડૂતો જાતે જ કરે છે. લાભાર્થી ખેડૂત શ્રમ કરવા માટે આવી શકે તેમ ના હોય તો પોતાના બદલે પોતાની અન્ય વ્યક્તિને મોકલે છે. ખેડૂતો જાતે જ ચેકડેમ બનાવતા હોવાથી પોતે પોતાના કામ પૂરતી એન્જિનિયર જેવી જાણકારી મેળવી લે છે. તેથી મનમાંથી ચેકડેમનો 'હાઉ' દૂર થઈ જાય છે. પરિણામે યોજના પૂરી થયા પછી પણ આવાં કોઈ પણ કામ પોતે જાતે કરી શકવા સમર્થ બન્યા છે. વળી, 'ટ્રસ્ટ'ના કાર્યકરો જણાવે છે તેમ, પોતાના પરસેવાના ફેવિકોલથી બનેલો ડેમ મજબૂત, સસ્તો અને ઝડપી બને છે.

ઉપરોક્ત નવ ગામોમાં તળાવ, ચેકડેમ, શોષખાડા વગેરેના રૂ. ૧,૩૫,૯૦,૮૩૦ના કામોમાં સ્થાનિક ગ્રામીણ મહિલાઓની સામેલગીરી પણ નોંધપાત્ર છે. જો સરકારની મંજૂરી મળે તો શ્રી પ્રેમજીભાઈ પટેલ જામકંડોરણાના બાકીનાં ૩૮ ગામોમાં પણ આ રીતે દૃષ્ટાંતરૂપ કાર્યો કરવા કટિબદ્ધ બન્યા છે. આપણા દેશમાં કુલ જમીનના ૫૦ ટકાથી વધુ વિસ્તાર એટલે કે ૧૭૫૦ લાખ હૅક્ટર જમીનનું ધોવાણ દર વર્ષે થાય છે. દર વર્ષે લગભગ ૫૩૩૦ લાખ ટન માટીનું ધોવાણ થાય છે અને તે માટીમાંથી ૨૯ ટકા માટી દરિયામાં વહી જાય છે. માટીની જેમ વરસાદી પાણી પણ નદી-નાળાં મારફતે દરિયામાં ચાલ્યું જાય છે.

આપણા ગુજરાતમાં પણ જમીન અને પાણીનું મોટા પાયે ધોવાણ થાય છે. ત્યારે ધોવાણ અટકાવવા અને કુદરતી સંસાધનોનો અસરકારક સંગ્રહ કરીને ઉપયોગ કરવા માટે ભારત સરકારની જળસ્રાવ વિસ્તાર વિકાસ યોજના ખૂબ ફળદાયી નીવડી છે. 'વૃક્ષ-પ્રેમ સેવા ટ્રસ્ટ'ના પ્રેમજીભાઈ પટેલે રાજકોટ જિલ્લાના જામકંડોરણા તાલુકાનાં કુલ ૪૭ ગામોની ૫૬,૦૬૮ હૅક્ટર જમીનને જળસ્રાવ વિસ્તાર વિકાસ યોજના હેઠળ આવરી લેવાની હાકલ કરી છે. હાલમાં વૉટરશેડ યોજના અંતર્ગત ૧ હૅક્ટર જમીનમાં પાણીનો અસરકારક સંગ્રહ કરવાનું ખર્ચ ૪૫૦૦ રૂ. થાય છે તે સરકાર આપે છે. શ્રી પ્રેમજીભાઈના મત મુજબ ૪૫૦૦ રૂ. ને બદલે ૩૦૦૦ રૂ. સરકાર ફાળવે તો બાકીના ૧૫૦૦ રૂ. લાભાર્થી ખેડૂત પાસેથી મેળવવાનો વિશ્વાસ તેઓ ધરાવે છે. આમ, સરકાર, સ્વૈચ્છિક સંસ્થા અને લાભાર્થી ખેડૂતની ભાગીદારીથી સૌરાષ્ટ્રનો પાણીનો પ્રાણ પ્રશ્ન ઉકેલી શકાય. હવે આ કામો દ્વારા પાણીનો પ્રશ્ન ઉકેલવા સરકાર કેટલી કટિબદ્ધ છે એ જોવાનું રહે છે.

સંપર્ક સરનામાંઃ શ્રી પંકજભાઈ દવે, આગાખાન ગ્રામ સમર્થન કાર્યક્રમ (ભારત), રાજસોભાગ આશ્રમ પાસે, સાયલા, તા. સાયલા, જિ. સૂરેન્દ્રનગર; શ્રી પ્રેમજીભાઈ પટેલ, વૃક્ષ પ્રેમ સેવા ટ્રસ્ટ, રાજ માર્ગ, ફર્નીચર ગલી, ઉપલેટા, જિ. રાજકોટ.

---

### પૃષ્ઠ ૧૭નો શેષ ભાગ

જવાબદારી રાજ્યની છે અને એની યાદ સ્વૈચ્છિક ક્ષેત્રે રાજ્ય સરકારને એની આ દસવર્ષીય યોજનાથી અપાવી છે.

માનવ વિકાસ અને માનવ અધિકારો સાથે સુમેળ સાધે તેવા આર્થિક વિકાસ તરફ ગુજરાત આગળ વધે એ આવશ્યક છે. કરોડો રૂપિયાની પીવાના પાણી અને સિંચાઈમાં પાણીની યોજનાઓ તથા આરોગ્ય માટેની યોજનાઓ છતાં ઝડપથી ઈચ્છનીય પરિણામો પ્રાપ્ત થઈ શક્યાં નથી. એવે સમયે ગુજરાત સરકાર ઓછા ખર્ચાળ, સ્થાનિક લોકોની આર્થિક અને ભૌતિક સામેલગીરીવાળા અને ટકાઉ ઉપાયોને ટેકો અને પ્રોત્સાહન પૂરાં પાડે એ ઈચ્છનીય છે. ઈ. સ. ૨૦૧૦માં પાણી, સફાઈ અને આરોગ્ય ક્ષેત્રે જેવા ગુજરાતની કલ્પના સ્વૈચ્છિક સંસ્થાઓએ કરી છે એવા ગુજરાતનું વાસ્તવમાં સર્જન કરવાનું અશક્ય તો નથી જ. રાજ્ય સરકાર એ માટે પૂરતાં નાણાકીય સંસાધનો ધરાવે છે. તેણે માટે રાજકીય ઈચ્છાશક્તિ ધરાવવાની આવશ્યકતા છે. માત્ર સામાજિક માળખાકીય વિકાસ બોર્ડ ઊભું કરવાથી એ કામ થવાનું નથી. બોર્ડની કામગીરીની શૈલી સહભાગિતાવાળી હોય અને બોર્ડ સામાજિક ક્ષેત્રે નિર્ધારિત લક્ષ્યાંકો નિર્ધારિત સમયમાં પૂરા કરવા માટે પ્રતિબદ્ધતાપૂર્વક વર્તે અને એ માટે નાણાં ફાળવે એ જરૂરી છે.

# સાંપ્રત પ્રવાહ

**અંદાજપત્ર વિશ્લેષણ બેઠક**

અમદાવાદની પાથેય બજેટ માહિતી અને વિશ્લેષણ સેવા તથા 'ગુજરાત ઈન્સ્ટિટ્યુટ ઓફ ડેવલપમેન્ટ રિસર્ચ'ના સંયુક્ત ઉપક્રમે અમદાવાદમાં ૧૫મી માર્ચે કેન્દ્ર અને ગુજરાત સરકારનાં અંદાજપત્રોના વિશ્લેષણ અંગે એક પરિસંવાદનું આયોજન થયું હતું. આશરે ચાર કલાક ચાલેલા આ કાર્યક્રમમાં અમદાવાદની ઇન્ડિયન ઇન્સ્ટિટ્યુટ ઓફ મેનેજમેન્ટના પ્રો. રવીન્દ્ર ધોળકિયા, ગુજરાત યુનિવર્સિટીના સમાજવિદ્યા ભવનના ભૂતપૂર્વ નિયામક શ્રી મહેશ ભટ્ટ, સમાજવિદ્યા ભવનના અર્થશાસ્ત્રનાં પ્રાધ્યાપિકા ડૉ. અર્ચના ધોળકિયા અને 'દિશા'ના અગ્રણી શ્રી મધુસૂદન મિસ્ત્રીએ ગુજરાત સરકાર અને કેન્દ્ર સરકારનાં ૨૦૦૦-૨૦૦૧નાં અંદાજપત્રો અંગે વિગતે છણાવટ કરી હતી. ખાસ કરીને સરકારોની નાણાકીય સ્થિતિ અને આરોગ્ય, શિક્ષણ, પોષણ, રોજગારી સર્જન અને ગરીબી નિવારણ જેવાં સામાજિક ક્ષેત્રોમાં કરવામાં આવતા ખર્ચ વિશે તેમણે માહિતી આપી હતી. આ બેઠકમાં ગરીબો માટે સરકાર કેટલું ઓછું ખર્ચ કરે છે અને બીજી તરફ તેનું વહીવટી ખર્ચ કેટલું બધું વધારે છે તેના ઉપર ખાસ ધ્યાન કેન્દ્રિત કરવામાં આવ્યું હતું. વળી, એ બાબત ઉપર પણ ધ્યાન દોરવામાં આવ્યું હતું કે સરકાર જેટલા પ્રમાણ ખર્ચ અને આવકના અંદાજો બજેટ રજૂ કરતી વખતે આપે છે તેમાં બીજા વર્ષનું અંદાજપત્ર રજૂ કરતી વખતે ઘણા મોટા ફેરફારો થઈ ગયા હોય છે અને વાસ્તવમાં આપવામાં આવેલાં વચનોનો કશો અર્થ ભાગ્યે જ રહે છે. આ પરિસંવાદમાં આશરે ૪૦ જણા હાજર રહ્યા હતા અને તે માહિતીપ્રદ તથા જ્ઞાનવર્ધક બની રહ્યો હતો અને ચર્ચા રસપ્રદ રહી હતી. અંદાજપત્ર વિશ્લેષણ વિશે વધુ માહિતી માટે સંપર્ક સાધોઃ પાથેય, ૭, મંગલદીપ ફ્લેટ્સ, પરિક્ષિત પુલ પાસે, ગાંધી આશ્રમ પોસ્ટ, અમદાવાદ-૩૮૦ ૦૨૭. ફોનઃ ૭૫૫૯૮૪૨, ફેક્સઃ ૭૫૫૬૭૮૨.

**ખેત કામદારોના ધરણા**

ગુજરાત ખેત કામદાર યુનિયન તરફથી ગાંધીનગરમાં ચ-૫ના ફુવારા પાસે તા.૨૭.૧૨.૧૯૯૯ના સવારના ૧૦થી તા.૨૮.૧૨.૧૯૯૯ના સવારના ૧૦ સુધી સતત ૨૪ કલાકના ધરણા ખેત મજૂરોના પ્રશ્નોને વાચા આપવા માટે યોજવામાં આવ્યા હતા. યુનિયને યોજેલા આ ધરણામાં આશરે ૧૦૦૦ ખેત મજૂરોએ ભાગ લીધો હતો અને ગુજરાતભરના કર્મશીલોએ પણ તેમાં હાજરી આપી હતી. યુનિયને જે માગણીઓ સાથે ધરણા યોજ્યા હતા તેમાંની કેટલીક માગણીઓ આ મુજબ છેઃ ખેત મજૂરો માટે લઘુતમ વેતનનો દર રૂ. ૩૪થી વધારીને રૂ. ૭૩ જાહેર કરવો, અછતની પરિસ્થિતિને કારણે લઘુતમ વેતન ધારાની કલમ ૨૬(૧)નો સરકાર ઉપયોગ ન કરે અને તે કલમ નાબૂદ કરવા માટે યોગ્ય કાર્યવાહી કરે, ખેત મજૂરોને ચાર મહિનાથી વધારે કામ મળે તે માટે લઘુતમ વેતનની ચુકવણી સહિતની રોજગાર ખાતરી યોજના સરકાર દાખલ કરે અને એ માટે રૂ. ૩૦૦ કરોડ ફાળવવામાં આવે, કેરળ અને ત્રિપુરાની જેમ ખેત મજૂરો માટે અલગ કાયદો કરવામાં આવે, ગુજરાતમાં બંધાયેલા તમામ મોટા અને મધ્યમ કક્ષાના બંધોનાં સરોવરોના પાણીની માલિકીનો ખેત મજૂરોને હક આપવામાં આવે. વધુ વિગતો માટે સંપર્ક સાધોઃ ગુજરાત ખેત કામદાર યુનિયન, ખેત ભવન, હરિજન આશ્રમની બાજુમાં, અમદાવાદ-૩૮૦૦૨૭, ફોનઃ ૭૫૫૭૭૭૨.

**મિલેનિયમ મહિલા કૃષિ મેળો**

જૂનાગઢના ખેડૂત તાલીમ કેન્દ્ર અને જિલ્લા પંચાયતના સંયુક્ત ઉપક્રમે તા. ૧૯-૨૦-૨૧ ફેબ્રુઆરી, ૨૦૦૦ દરમ્યાન ખેડૂત મહિલા કૃષિ તાલીમ યોજનાના ભાગરૂપે લઘુ કૃષિ ભવન, જૂનાગઢ ખાતે આ મેળો યોજવામાં આવ્યો હતો. આ મેળામાં આશરે ૫ લાખ ખેડૂત ભાઈઓ અને મહિલાઓએ ભાગ લીધો હતો. આ મેળાનો હેતુ ખેડૂત મહિલાઓને સ્વનિર્ભર બનાવવા ખેતી અને ખેતી સાથે સંબંધિત ક્ષેત્રો અંગે માહિતી આપી તેમની નિર્ણય-શક્તિમાં વધારો કરવાનો હતો. તેમાં ખેતી, બાગાયત, વન, પશુપાલન, ગૃહવિજ્ઞાન, સિંચાઈ, ગૃહોદ્યોગો, ઊર્જા, મત્સ્યોદ્યોગ, સમાજ કલ્યાણ વગેરે વિશે પ્રદર્શનો અને નિદર્શનો ગોઠવવામાં આવ્યાં હતાં. વળી, ગુજરાત કૃષિ યુનિવર્સિટીનાં સંશોધન કેન્દ્રો, રાષ્ટ્રીય મગફળી સંશોધન કેન્દ્ર વગેરેના નિષ્ણાતો આ મેળામાં હાજર રહ્યા હતા અને તેમણે ખેડૂતોને માર્ગદર્શન પૂરું પાડ્યું હતું. ખેડૂત મહિલાઓ મેળામાં આવે ત્યારે પોતાની જમીન અને પાણીના નમૂના લઈને આવે તો તેમના આ નમૂનાઓની ચકાસણી કરવાનું કામ પણ મેળામાં હાથ ધરાયું હતું. જમીન અને પાણીની ગુણવત્તા અને પ્રકાર અનુસાર ખાતરોની વપરાશ અંગે સમજ પૂરી પાડવામાં આવી હતી. ખેતી અને ખેતી સાથે સંબંધિત ક્ષેત્રો અંગે દરરોજ રાત્રે મેળામાં ફિલ્મો બતાવવામાં આવતી હતી. ખેડૂત તાલીમ કેન્દ્ર દ્વારા અત્યાર સુધીમાં ૧૫,૦૦૦ મહિલા ખેડૂતો અને ૧.૧૫ લાખ ખેડૂત ભાઈઓએ ટૂંકા અને લાંબા ગાળાની તાલીમ મેળવી છે અને અન્ય જિલ્લાઓના પણ ૭૫,૦૦૦ ખેડૂત ભાઈઓ-બહેનોએ

કેન્દ્રમાં તાલીમ મેળવી છે. તેથી આ મેળાને ખૂબ સારો પ્રતિભાવ મળ્યો હતો. વધુ વિગતો માટે સંપર્ક સાધોઃ વિઠ્ઠલભાઈ સાવલિયા, નાયબ ખેતી નિયામક, ખેડૂત તાલીમ કેન્દ્ર, જૂનાગઢ, ફોનઃ (૦૨૮૫) ૬૩૧૦૯૧, ૬૩૧૫૭૧.

**દલિત અધિકાર સંમેલન**

રાજસ્થાનમાં જોધપુર નજીક રામદેવરા ખાતે ૨૧થી ૨૩ ફેબ્રુઆરી, ૨૦૦૦ દરમ્યાન ત્રણ દિવસનું એક દલિત અધિકાર સંમેલન યોજવામાં આવ્યું હતું. આ બીજું સંમેલન હતું. પ્રથમ સંમેલન ૧૫-૧૬ એપ્રિલ, ૧૯૯૯ દરમ્યાન આ જ સ્થળે યોજાયું હતું. બાડમેર અને જોધપુર ખાતેનાં સહભાગી જૂથોના સહયોગ સાથે આ પ્રયાસ કરાઈ રહ્યો છે. આ સંમેલનમાં ૩૦૦ દલિત મુખીઓ, નેતાઓ, પંચાયતોના દલિત પ્રતિનિધિઓ, ગુજરાત અને રાજસ્થાનની વિવિધ સ્વૈચ્છિક સંસ્થાઓના પ્રતિનિધિઓ વગેરે હાજર રહ્યા હતા. સંમેલનમાં નીચેની યોજના તૈયાર થઈ છેઃ

૧. જન્મ, લગ્ન અને મરણના પ્રસંગોએ થતા ખર્ચા ઘટાડવા માટે સમુદાયમાં સામાજિક સુધારા હાથ ધરાશે, કે જેથી દલિત કુટુંબોને સ્થાનિક શાહુકારોના દેવાદાર બનવાની ફરજ ના પડે. એની સાથે સાથે તેમણે બાળકીઓનું શિક્ષણ, બાળ લગ્નો અને દહેજ ઉપર પ્રતિબંધ જેવા સામાજિક વિકાસના મુદ્દાઓ હાથ ધરવાનું પણ નક્કી કર્યું છે. આ સંમેલનમાં આંતરિક સામાજિક સુધારાની પ્રક્રિયાથી સામાજિક વિકાસની કાર્યસૂચિ તરફ આગળ ધપવા અંગે પુનરુચ્ચાર કરાયો હતો.
૨. દલિત સમુદાયમાં પણ જ્ઞાતિઓની શ્રેણી છે અને અસ્પૃશ્યતા પાળવામાં આવે છે. તેથી વિવિધ પેટા જ્ઞાતિઓને અને ખાસ કરીને નીચલા સ્તરની જ્ઞાતિઓને મુખ્ય પ્રવાહમાં લાવવા માટે પ્રયાસ કરવામાં આવશે. તે માટે સ્થાનિક નેતાઓને આ આંદોલનમાં સહભાગી થવા માટે પ્રોત્સાહન આપવામાં આવશે.
૩. ગ્રામ સ્તરે અને જિલ્લા સ્તરે દલિતોને સંગઠિત કરવાની પ્રક્રિયાને પ્રોત્સાહન આપવું. તે માટે એક ટુકડીની રચના કરવામાં આવી છે. સમિતિ દર ત્રણ મહિને મળશે અને પ્રક્રિયાની સમીક્ષા કરશે.
૪. આજે દલિત સમુદાય મોટા પ્રમાણમાં ભેદભાવનો સામનો કરી રહ્યો છે. ઉપલી જ્ઞાતિઓ તરફથી થતા અન્યાય અને અત્યાચારનો તેમણે ભોગ બનવું પડે છે. અન્યાયનાં તમામ સ્વરૂપો સામે વિરોધ પ્રદર્શિત કરવાની જરૂર છે એનો આ સંમેલનમાં પુનરુચ્ચાર કરવામાં આવ્યો. સૌ પ્રથમ તો પ્રાથમિક શાળાઓ, પંચાયતો, પાણીની વ્યવસ્થા, ચાના ગલ્લા વગેરે સ્થળોએ દલિતો પ્રત્યે જે ભેદભાવ રાખવામાં આવે છે તેનો સામનો કરાશે. ઉપરોક્ત પ્રશ્નો ઉકેલવા માટે વિગતવાર વ્યૂહરચના ઘડી કાઢવામાં આવશે.
૫. દલિતોમાં ગૌરવપૂર્ણ સ્વઓળખ વિકસાવવા માટે બાબાસાહેબ આંબેડકરના જન્મદિન ૧૪મી એપ્રિલ અને પુણ્યતિથિ છઠ્ઠી ડિસેમ્બરે દલિત સંગઠન દિન મનાવવામાં આવશે.

રાજસ્થાનના બે જિલ્લાઓના દલિતો આ સંમેલનમાં હાજર રહ્યા હતા પણ રાજસ્થાનના અન્ય ભાગોમાંનાં અને ગુજરાતનાં સમાન વિચારસરણી ધરાવતાં જૂથો સાથે સંપર્કો સ્થાપવાના પ્રયાસો કરાઈ રહ્યા છે. વધુ વિગતો માટે સંપર્ક સાધોઃ 'ઉન્નતિ'.

**ખોરાકી ચીજોની અનિયંત્રિત આયાતને છૂટ**

તા. ૧.૪.૨૦૦૦થી ખોરાકી ચીજો અને તેને સંબંધિત ચીજોની આયાત પરનાં તમામ નિયંત્રણો ઉઠાવી લેવાયાં છે. સરકારો સ્વદેશી બજારને રક્ષણ આપવા માટે આયાતો ઉપર નિયંત્રણો લાદતી હોય છે. એ રીતે બહારના ખરીદારો અને વેચનારાઓ વસ્તુઓના ભાવો સાથે છેડછાડ કરી શકતા નથી. આ નિયંત્રણો બે પ્રકારનાં હોય છેઃ જથ્થાના સ્વરૂપમાં અને જકાતના સ્વરૂપમાં. ચોખા ઉપર કોઈ આયાત જકાત નહિ લદાય. જુવાર, મકાઈ, બાજરી કે દૂધ ઉપર પણ કોઈ આયાત જકાત નહિ લદાય. ઈંડાની ચીજો અને પોલ્ટ્રી ફાર્મની ચીજો ઉપર ૧૫થી ૪૦ ટકાની આયાત જકાત લદાશે. અનેક શાકભાજીઓ પર ખૂબ જ ઓછા દરે આયાત જકાત લદાશે. આનો અર્થ શો? દૂધનું જ ઉદાહરણ લઈએ. ભારત ૭૫૦૦ કરોડ ટન દૂધનું ઉત્પાદન કરે છે. તે ૮ કરોડ સ્ત્રીઓના જીવનનિર્વાહનું સાધન છે કે જેઓ એકાદ-બે ગાય કે ભેંસના માલિક છે. દૂધની આયાત તેમને શી અસર કરશે? ઓપરેશન ફ્લડ પાછળનું મુખ્ય ભેજું અને ભારતને દૂધના ઉત્પાદનમાં લગભગ સ્વાવલંબી બનાવનાર ડૉ. વર્ગિઝ કુરિયન જણાવે છે કે, "તેની નકારાત્મક અસર થશે. આપણા ખેડૂતો માટે દૂધનું ઉત્પાદન એ શોખની ચીજ નથી, તેમને માટે એક આવકનું સ્રોત છે." જો કોઈ બહારનું દૂધ ઓછા ભાવે લાવે તો ખેડૂતો દૂધનું ઉત્પાદન કરવા માટે ઓછાં નાણાં રોકશે. જો એમ થવાનું ચાલુ રહે તો ખેડૂતો તેમનાં દૂધાળાં ઢોર વેચી મારે અને પશુપાલનનો વ્યવસાય જ છોડી દે. કુરિયન કહે છે કે, "આપણા દૂધના ભાવ ઊંચા જશે અને વિદેશી દૂધ પછી ઊંચા ભાવે આવશે અને આપણા ગ્રાહકોને તે મોંઘું પડશે." આ કોઈ અચાનક ઊભી થયેલી બાબત નથી. એ તો

**વિદેશી અનુદાન નિયમન કાયદા (FCRA)માં ફેરફાર**

ભારત સરકાર દ્વારા વિદેશી અનુદાન નિયમન કાયદો (FCRA) ૧૯૭૬માં ફેરફાર થયો છે. FCRA-2000 મુજબ FC-1A (૧૦ નંબરની આઈટમ) અને FC-8 (૯ નંબરની આઈટમ) બંનેમાં કલેક્ટર અથવા રાજ્ય સરકાર કે કેન્દ્રીય સરકારના અધિકારી દ્વારા સહી થયેલ સર્ટીફિકેટ જોડવાનું રહેશે. આ ફોર્મની નકલ ગેઝેટ પાર્ટ-૨, સેક્શન-૩, સબસેક્શન (૧) ગૃહ મંત્રાલય, અધિસૂચના, નવી દિલ્લી, ૨૪ જાન્યુઆરી, ૨૦૦૦થી મળી રહેશે.

અપાયેલું વચન પાળવાના ભાગરૂપે જ છે. ડિસેમ્બર-૧૯૯૯માં સીએટલ ખાતે ભારત સરકારનું જે પ્રતિનિધિમંડળ ગયું હતું તેણે ‘વિશ્વ વ્યાપાર સંગઠન’ (ડબલ્યુટીઓ)ને ભારતનું બજાર ‘ખુલ્લું મૂકવા’, ‘ઉદારીકૃત કરવા’ કે તેને વિશ્વના બાકીના બજાર સાથે ‘સંકલિત કરવા’ વચન આપ્યું હતું. પણ શું તેનાથી ભારતની અન્ન સલામતી સામે ખતરો ઊભો થતો નથી? કેટલાક માને છે કે પહેલી એપ્રિલ એ ‘ઓલ ફૂડ્સ ડે’ છે અને તે મુક્ત વ્યાપારનો આનંદ માણવાનો દિવસ છે. વધારે અન્ન પ્રાપ્ય બનશે. સ્વામીનાથન એ બાબત સાથે અસંમત થાય છે. તેઓ કહે છે કે, “અન્ન સલામતી એ માત્ર અન્ન પ્રાપ્યતાનો સવાલ નથી. તમામ લોકોને ખોરાક મળવો જોઈએ. જો મોટા પાયે આયાત કરવાનો આશરો લઈશું તો શહેરોના તમામ ડિપાર્ટમેન્ટલ સ્ટોર્સ છલકાઈ જશે ખરા. પણ ગ્રામીણ ગરીબોની પાસે એ ખરીદવાના પૈસા નહિ હોય. ઉત્પાદકો તરીકે તેઓનું અસ્તિત્વ ટકી નહિ શકે.”

સ્રોતઃ ‘ગોબર ટાઈમ્સ’, ડાઉન ટુ અર્થ, ૩૧મી માર્ચ, ૨૦૦૦.

**પાણીના વિતરણનો વહીવટ સ્વૈચ્છિક સંસ્થાઓને સોંપાયો**

ઉનાળાના સમયમાં ટેંકર દ્વારા લોકોને પાણી પહોંચાડવા માટે સરકાર દર વર્ષે આશરે આઠથી દસ કરોડ રૂપિયા ખર્ચે છે. અને તેમાં લાખો રૂપિયાનો ભ્રષ્ટાચાર પણ થાય છે. આ વર્ષે પહેલી વાર સરકારે ટેંકર ચલાવવાનો તમામ વહીવટ સ્વૈચ્છિક સંસ્થાઓની મદદથી ગામમાં બહેનોના પ્રભુત્વવાળી પાણી સમિતિને સોંપવાનો નિર્ણય લીધો છે. ગુજરાત પાણી પુરવઠા અને ગટર વ્યવસ્થા બોર્ડે ચોથી જાન્યુઆરીએ આ મતલબનો પરિપત્ર પણ બહાર પાડ્યો છે. ‘પ્રવાહ’એ સરકારના આ નિર્ણયને સહર્ષ આવકાર આપ્યો છે. આ યોજના અંતર્ગત હવેથી જે ગામોમાં કામ કરતી સ્વૈચ્છિક સંસ્થાઓ અને બહેનોના પ્રભુત્વવાળી પાણી સમિતિ આ જવાબદારી લેવા તૈયાર હોય તો તેમને સરકાર ટેંકર અને પાણીના સ્રોત નક્કી કરવાથી માંડીને તેનું સમગ્ર નિયમન સોંપાશે. અને તેમને આ કામગીરી કરવા માટે વહીવટી ખર્ચ તથા અર્ધમાસિક ધોરણે ટેંકર દ્વારા પાણીનો ખર્ચ ચૂકવી આપશે. અત્યાર સુધી રિચાર્જની પ્રવૃત્તિ મહદ્ અંશે સ્વૈચ્છિક અને ધાર્મિક સંસ્થાઓ અને સરકારની પાણી પુરવઠા અને સિંચાઈ વિભાગની એકાદ-બે યોજનાઓ પૂરતી જ મર્યાદિત રહી છે. પાણી પુરવઠા બૉર્ડ આજથી ત્રણ વર્ષ પહેલા રિચાર્જ સમિતિ બનાવી ત્યારે રિચાર્જ અને વરસાદી પાણીના સંગ્રહ માટેના ભૂગર્ભ ટાંકા માટે ત્રણ કરોડ રૂપિયા ફાળવ્યા હતા. પરંતુ આ કામગીરીને એટલો સારો પ્રતિસાદ મળ્યો છે કે આ વર્ષે રૂ. ૨૦ કરોડની યોજનાકીય ફાળવણી સામે રૂ. ૩૨ કરોડથી પણ વધુ ખર્ચ થયો છે. હાલ ગુજરાતમાં પાણી અંગે કામ કરતી પાંચેક જેટલી મોટી સ્વૈચ્છિક સંસ્થાઓ અને ગ્રામીણ જૂથો રિચાર્જ માટેની પોતાની દરખાસ્તો રજૂ કરે તે માટે ખાસ પ્રયત્નો કરવામાં આવી રહ્યા છે.

# આગામી કાર્યક્રમ

**દલિત માનવ અધિકારો અંગે રાષ્ટ્રીય જાહેર સુનાવણી**

રાષ્ટ્રીય દલિત માનવ અધિકાર ઝુંબેશ દ્વારા ૧૮-૧૯ એપ્રિલ, ૨૦૦૦ દરમ્યાન ચેન્નઈમાં વર્લ્ડ યુનિવર્સિટી સર્વિસ સેન્ટર ખાતે દલિતોના માનવ અધિકારો અંગે એક જાહેર સુનાવણીનો કાર્યક્રમ યોજવામાં આવ્યો છે. દલિતોના માનવ અધિકારોના ભંગ સામે સૌનું ધ્યાન ખેંચવા માટે આ જાહેર રાષ્ટ્રીય સુનાવણી યોજવામાં આવી છે. સુનાવણીમાં આંધ્ર પ્રદેશ, બિહાર, ગુજરાત, કર્ણાટક, કેરળ, મહારાષ્ટ્ર, ઓરિસ્સા, પંજાબ, રાજસ્થાન, તામિલનાડુ અને ઉત્તર પ્રદેશ એમ ૧૧ રાજ્યોના ૪૦થી ૫૦ કિસ્સા રજૂ કરાશે. તેમાં નીચેના ૨૧ મુદ્દાઓ આવરી લેવાશેઃ જમીન અને જમીન સંબંધી પ્રશ્નો, વેતનની અસમાનતા અને તેને સંલગ્ન પ્રશ્નો, અસ્પૃશ્યતાના વ્યવહારનાં વિવિધ સ્વરૂપો, માથે મેલું ઉપાડવાની પ્રથા, દલિતો અને શિક્ષણ, દલિતો અને અનામતો, દલિત મહિલાઓ, દેવદાસી સ્ત્રીઓ, બાળકોની ગુલામી, વેઠ મજૂરી, ઉચ્ચ જ્ઞાતિના લોકો દ્વારા દલિતો સામે આચરાતી હિંસા, ચર્ચની અંદર દલિતો સામે રખાતો ભેદભાવ, ધર્મને આધારે રાજ્ય દ્વારા રખાતો ભેદભાવ, ચૂંટાયેલા દલિત પ્રતિનિધિઓ સામે રખાતી અસ્પૃશ્યતા, અનુસૂચિત જાતિ-જનજાતિના રાષ્ટ્રીય પંચની માનવ અધિકારોના સંદર્ભમાં અસરકારકતા, અત્યાચાર વિરોધી ધારા-૧૯૮૯ અને તેના ૧૯૯૫ના નિયમોનો અમલ, દલિતો સામે રાજ્યની હિંસા, ન્યાયમૂર્તિઓ અને સરકારી અધિકારીઓ જેવાં ઉચ્ચ સ્થાનોએ દલિતો સામે ભેદભાવ, સામૂહિક હત્યાઓ અને મિલકતનો નાશ, દલિતોનો સામાજિક બહિષ્કાર, વિકાસને કારણે દલિતોનું વિસ્થાપન. દરેક કિસ્સામાં સાક્ષીઓ પોતાની રજૂઆતો કરશે. આ સુનાવણીમાં અગ્રણી ન્યાયમૂર્તિઓ, વકીલો અને માનવ અધિકાર ક્ષેત્રના અગ્રણીઓ નિર્ણાયક ટુકડી તરીકે કામ કરશે. આ ટુકડી ૧૯મી એપ્રિલે બપોર બાદ પોતાનો ચુકાદો જાહેર કરશે. આ ચુકાદાનો ઉપયોગ પછીથી કેન્દ્ર અને રાજ્ય સરકારો સમક્ષ ભલામણો કરવા માટે કરવામાં આવશે. આ સુનાવણીને અનેક સંગઠનો, આંદોલનો, મજૂર મંડળો અને સંસ્થાઓએ ટેકો આપ્યો છે.

રંગભેદ અંગે જે વૈશ્વિક પરિષદ ૧થી ૫ મે, ૨૦૦૦ દરમ્યાન જિનિવામાં ભરાઈ રહી છે તેમાં અને સપ્ટેમ્બર-૨૦૦૧માં દક્ષિણ આફ્રિકામાં મળનારી પરિષદમાં આ જાહેર સુનાવણીનો અહેવાલ રજૂ કરાશે. વધુ વિગતો માટે સંપર્ક સાધોઃ હેન્રી તિફંગે, ઇન્ટર ચર્ચ સર્વિસ એજન્સી, ૯૩, પેન્થિયન રોડ, એગ્મોર, ચેન્નઈ-૬૦૦૦૦૮, ફોનઃ ૮૨૬૧૯૦૫, ૮૨૬૯૧૪૩, ફેક્સઃ ૮૨૫૯૫૩૬, ઈ-મેઈલઃ icsa@vsnl.com

# સંદર્ભ સાહિત્ય

**મારી ધરતી મારું રાજ**

બંધારણમાં થયેલા ૭૩મા અને ૭૪મા સુધારાએ ભારતમાં સ્વશાસનને સ્થાનિક સ્તરે વાસ્તવિક બનાવવા માટેની ભૂમિકા ઊભી કરી છે. ૧૯૯૨માં થયેલા આ સુધારાઓ પછી દેશભરમાં ગ્રામ પંચાયતથી શરૂ કરીને નગરપાલિકા અને મહાનગરપાલિકા સુધી તેને અમલી બનાવવાના પ્રયાસો શરૂ થયા છે. લેખકે આ પુસ્તકમાં સ્વશાસન અને પંચાયતી રાજ શું છે તે ઐતિહાસિક ભૂમિકા સાથે ૯ પ્રકરણમાં સમજાવ્યું છે. પંચાયતી રાજ શું છે અને જુદાં જુદાં રાજ્યોમાં તેનો અમલ કેવી રીતે થાય છે તથા પંચાયતના સભ્યની સત્તાઓ અને જવાબદારીઓ શાં છે તથા ગ્રામ સભાનું શું મહત્ત્વ છે તે આ પુસ્તકમાં સમજાવવામાં આવ્યું છે. લેખિકા પોતે માત્ર પ્રાધ્યાપિકા નથી પણ કર્મશીલ છે એટલે પંચાયતી રાજનાં પ્રણાલી અને વ્યવહારને તેમણે એ રીતે મૂલવ્યાં છે. પુસ્તકમાં સરકારની કઈ યોજનાઓનો લાભ પંચાયતો લઈ શકે છે અને તેઓ સમાજના નબળા વર્ગોને અપાવી શકે છે તેને માટે એક અલગ પ્રકરણ લખવામાં આવ્યું છે. એ ઉપરાંત પંચાયતોને ઉપયોગી એવાં સરકારી કચેરીઓનાં સરનામાંની યાદી પણ પરિશિષ્ટ તરીકે મૂકવામાં આવી છે. પંચાયત ક્ષેત્રે કામ કરતા સૌ કર્મશીલોએ આ પુસ્તક વાંચવા જેવું છે. લેખિકાઃ ડૉ. આમ્રપાલી મર્ચન્ટ, પૃષ્ઠઃ ૨૨૬, કિંમતઃ રૂ. ૨૦, પ્રાપ્તિ સ્થાનઃ ગુજરાત બિરાદરી, કૃષ્ણકુટિ નં.૫, થિયોસોફિકલ સોસાયટી, વિજય રેસ્ટોરાં પાસે, નવરંગપુરા, અમદાવાદ-૩૮૦૦૦૯.

**પાણીનો સવાલ અને સંતુલિત વિકાસનો સારો માર્ગ**

આ પુસ્તિકા ગુજરાતની પાણીની સમસ્યા વિશે વિગતે છણાવટ કરે છે. કચ્છ, સૌરાષ્ટ્ર અને ઉત્તર ગુજરાતની પાણીની સમસ્યાની વિગતો આપીને આ પ્રશ્નને કેવી રીતે ઉકેલી શકાય તેના ઉપાયોની રજૂઆત આ પુસ્તિકામાં કરવામાં આવી છે. ગુજરાતમાં અત્યારે દુકાળને લીધે ૮૦૦૦થી વધુ ગામો પીવાના પાણીની ગંભીર તંગી અનુભવી રહ્યાં છે. ઉપરાંત અનેક નગરોમાં પણ પાણીની તીવ્ર અછત પ્રવર્તે છે. તે સંજોગોમાં પાણીની સમસ્યા ખરેખર કેવી રીતે ઉકેલી શકાય તે આ પુસ્તિકામાં સમજાવવામાં આવ્યું છે.

નર્મદા પરની સરદાર સરોવર યોજના પાણીનો પ્રશ્ન બધા જ વિસ્તારો માટે ઉકેલી શકશે નહિ તેની આંકડાસભર વિગતો આપીને તથા અનેક નિષ્ણાતોનાં મંતવ્યો આપીને એ સમજાવવામાં આવ્યું છે કે ચેકડેમ, ગુપ્ત ડેમ, સ્રાવ ક્ષેત્ર વિકાસ, અનુસ્રવણ તળાવો તથા લઘુ સિંચાઈ યોજનાઓ કેવી રીતે પાણીની સમસ્યાનો ટકાઉ ઉકેલ આપી શકે છે. પુસ્તિકામાં કહેવાયું છે કે ગામડે ગામડે, તાલુકે તાલુકે અને જિલ્લે જિલ્લે લોકો ભેગા મળી પાણી પંચાયતની વાત સમજે, પોતાના ગામનું તથા વિસ્તારનું આયોજન કરે. તેમાં પાણી સંગ્રહનાં, રિચાર્જની વિવિધ તૈયારીનાં અને વોટરશેડનાં કામો લોકો અને સરકારની સંયુક્ત યોજનાથી પાર પાડવામાં આવે, સરદાર સરોવરની મુખ્ય નહેરને પૂરી કરવામાં આવે તથા સાથોસાથ તબક્કાવાર કચ્છ-સૌરાષ્ટ્રની નહેરો લોકોના સહકારથી પૂરી કરવામાં આવે તેના પર ભાર મૂકવામાં આવ્યો છે. સંકલન અને રજૂઆતઃ દિનકર દવે, પૃષ્ઠઃ ૪૪, સહયોગ રાશિ રૂ. ૧૦, પ્રાપ્તિ સ્થાનઃ દિનકર દવે, 'નેતિ', કલિકુંડ, ધોળકા-૩૮૭ ૮૧૦, જિ. અમદાવાદ.

**વોટર લિન્ક્સ**

ભારત સહિત દુનિયાભરમાં જળસંગ્રહના કામમાં સામેલ વ્યક્તિઓ અને સંસ્થાઓની આ ડિરેક્ટરી છે. આ ડિરેક્ટરીમાં ભારતનાં ૨૩ રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશો તથા દુનિયાના ૧૯ દેશોમાં જળ સંગ્રહ માટે કામ કરતા લોકો અને સંગઠનોની યાદી કક્કાવારી અંગ્રેજીમાં આપવામાં આવી છે. તેમાં જે તે વ્યક્તિ કે સંસ્થાનું નામ, સરનામું, ફોન, ફેક્સ તથા ઈ-મેઈલ નંબર અને સરનામાં, પ્રવૃત્તિનો પ્રકાર, સંગઠનનો પ્રકાર તથા જળ સંગ્રહના કામના પ્રકારની વિગતો આપવામાં આવી છે. ઉપરાંત, એકાદ નાના ફકરામાં તેમની પ્રવૃત્તિનો આછો ચિતાર આપવામાં આવ્યો છે. પુસ્તકના અંત ભાગમાં ભારતની વ્યક્તિઓ અને ભારતનાં સંગઠનો તથા વિદેશી વ્યક્તિઓ અને વિદેશી સંગઠનોની કક્કાવાર સૂચિ આપવામાં આવી છે.

આ ડિરેક્ટરીમાં જેમનો સમાવેશ કરવામાં આવ્યો છે તેમાં કન્સલ્ટન્ટ્સ, સ્થાનિક કાર્યકર્તા વ્યક્તિઓ અને સંગઠનો, પ્રેરકો, સંશોધકો તથા ટેકનિકલ નિષ્ણાતોનો સમાવેશ થાય છે. સંગઠનોમાં વિદ્યાકીય સંસ્થાઓ, ધંધાકીય સંગઠનો, દાતા સંસ્થાઓ, સરકારી સંગઠનો, આંતરસરકારી સંગઠનો, માધ્યમો, બિનસરકારી સંગઠનો અને સંશોધન સંસ્થાઓનો સમાવેશ થાય છે. આ ડિરેક્ટરીનો કોમ્પ્યુટરાઈઝ્ડ ડેટાબેઝ પણ ઉપલબ્ધ છે. પ્રકાશકઃ સેન્ટર ફોર સાયન્સ એન્ડ એન્વાયર્નમેન્ટ, ૪૧, તુઘલકાબાદ ઇન્સ્ટિટ્યુશનલ એરિયા, નવી દિલ્લી-૧૧૦૦૬૨. ઈ-મેઈલ, cse@cseindia.org

## રાજ્ય સ્તરની કાર્ય યોજના

### ૧. સ્થાનિક પ્રયાસોને સહયોગ (રાજસ્થાન)

- દલિતોના પ્રશ્નો વિશે ૧૭થી ૧૯ જાન્યુઆરી-૨૦૦૦ દરમ્યાન જોધપુર ખાતે એક કાર્યશાળાનું આયોજન કરાયું હતું. રાજસ્થાનના બાડમેર અને જોધપુર જિલ્લાના નવા ઉભરી રહેલા દલિત નેતાઓ અને તેમના પ્રેરકો માટે જ આ કાર્યશાળા યોજવામાં આવી હતી. તેમાં ૨૦ જણાએ ભાગ લીધો હતો. તેનો હેતુ રાજસ્થાનમાં દલિતોની એકંદર સામાજિક-આર્થિક સ્થિતિનું ટીકાત્મક વિશ્લેષણ કરવાની ક્ષમતા વિકસાવવાનો હતો, અને મૂળભૂત અધિકારો અંગે દલિતોને જાગૃત કરવાની એક સર્વસામાન્ય વ્યૂહરચના વિકસાવવાનો હતો. અમદાવાદના 'બિહેવિયરલ સાયન્સ સેન્ટર' (બીએસસી)ના સહયોગ સાથે આ કાર્યશાળા યોજવામાં આવી હતી.
- છેલ્લા એક વર્ષ દરમ્યાન રાજસ્થાનની સ્થાનિક પ્રયાસોને ટેકો આપવા માટેની ટુકડી દલિતોને સંગઠિત કરવાની પ્રક્રિયામાં સામેલ છે. આરંભમાં પરંપરાગત નેતાઓ એટલે કે મુખીઓને આંતરિક સામાજિક સુધારા કરવા માટે પ્રેરણા અપાઈ. તેમને શોષક હોય તેવા સ્વરૂપના રીતરિવાજો દૂર કરવા પ્રેરિત કરાયા કારણ કે તે રીતરિવાજો જ અસ્કામતોના વેચાણ તરફ અને દેવા તરફ દોરી જતા હોય છે. જો કે, એક વર્ષને અંતે એમ જણાય છે કે સમુદાયને સંગઠિત કરવાની પ્રક્રિયામાં મૂળભૂત અધિકારોના પ્રશ્ને ધ્યાન અપાવું જોઈએ. આ કાર્યશાળામાં સહભાગીઓએ ચાર મહત્ત્વનાં કાર્યો નક્કી કર્યાં:
  ૧. જાહેર સ્થળોએ અને ખાસ કરીને પ્રાથમિક શાળાઓમાં સામાજિક ભેદભાવનું નિવારણ.
  ૨. પંચાયતોમાં ડમી ઉમેદવારો ઊભા રાખીને ઉચ્ચ જ્ઞાતિના લોકો દલિતો સામે જે ભેદભાવ આચરે છે તેની સામે લોકમત ઊભો કરવો.
  ૩. દલિતો અને ખાસ કરીને સ્ત્રીઓ તથા બાળકીઓ પરના અત્યાચારો પ્રત્યે ધ્યાન આપવું.
  ૪. સામાજિક વિકાસના કામ તરીકે સામાજિક સુધારણાની પ્રક્રિયા ચલાવવી.

  ફેબ્રુઆરીની ૨૧-૨૩ દરમ્યાન રામદેવરા ખાતે એક દલિત સંમેલનનું આયોજન કરાયું. તેમાં ૩૬૦ દલિત નેતાઓએ ભાગ લીધો હતો. સંમેલનનો મુખ્ય હેતુ દલિતોને સંગઠિત કરવા માટેની ચાલુ પ્રક્રિયાને વેગ આપવાનો હતો અને જાહેર સ્થાનોએ થતા ભેદભાવની સમસ્યા પ્રત્યે વ્યૂહરચના વિકસાવવાનો હતો. (વિગતો માટે જુઓ સાંપ્રત પ્રવાહ.)
- પાંચ વિસ્તારોમાં જીવનનિર્વાહ અને પાયાના અધિકારોના કાર્યક્રમ માટે સ્થાનિક સંગઠનને ટેકો પૂરો પાડવામાં આવ્યો. જેસલમેરમાં 'સૃજામ્યહમ્'ને મહિલાઓની આવક સર્જનની પ્રવૃત્તિ વિકસાવવા માટે ટેકો અપાયો. પાલીમાં 'ગોદવાડ ગ્રામીણ વિકાસ અનુસંધાન'ને રબારીઓના સ્થળાંતરના પ્રશ્ને આયોજન કરવા અને નિદર્શન પ્રવાસ યોજવા ટેકો પૂરો પડાયો. ટોંકના પચેવરના 'ગ્રામીણ વિકાસ શોધ એવમ્ તકનિકી કેન્દ્ર'ને ખેતી પર આધારિત જીવનનિર્વાહ કાર્યક્રમ માટે જળ અને જમીન વિકાસના કાર્યક્રમોના આયોજન અને દેખરેખ માટે ટેકો અપાયો.
- એક્શનએઈડ-જયપુર આવક સર્જનના કાર્યક્રમની સાથે સાથે દલિતોના સામાજિક પ્રશ્નોના નિવારણ માટેની શક્યતા તપાસી રહ્યું છે. અલવરની 'મુક્તિ ધારા સંસ્થાન'ને સ્થાયી થયેલી વિચરતી જાતિઓના પાયાના અધિકારોના પ્રશ્ને સમુદાય આધારિત વ્યૂહરચના ઊભી કરવા માટે ટેકો અપાઈ રહ્યો છે. એ ઉપરાંત, મગરા મેવાડ વિકાસ સંસ્થા (જવાજા), શાંતિ મૈત્રી મિશન (પુગલ), ધારા (બાડમેર), લોક કલ્યાણ સંસ્થાન (બૈથુ) વગેરેને સંસ્થાકીય વ્યવસ્થાઓ વિકસાવવા અને તેમની ભૂમિકાની સ્પષ્ટતા ઊભી કરવા માટે સંસ્થાકીય વિકાસ માટે ટેકો પૂરો પડાયો છે.

## સ્થાનિક સ્વશાસનને પ્રોત્સાહન

### ગુજરાત

- ગુજરાતમાં પંચાયતોની ચૂંટણી આવી રહી છે અને તેમની મુદત પૂરી થવામાં છે. આથી ગુજરાતમાં પંચાયતી રાજની સ્થિતિ અંગેનો અહેવાલ તૈયાર થઈ રહ્યો છે.
- 'પંચાયત સંદર્ભ કેન્દ્ર' (પંચાયત રિસોર્સ સેન્ટર) સ્થપાયે ત્રણ માસ થયા છે. અમદાવાદ જિલ્લામાં તે સરકાર સાથેના સહયોગમાં સ્થપાયું છે. તેણે અમને ચૂંટાયેલા પ્રતિનિધિઓ સાથે સીધો સંપર્ક ઊભો કરવામાં મદદ કરૂ છે. અમે આ કેન્દ્રને બળવત્તર બનાવવા જિલ્લાની ૩૦ પંચાયતોની મુલાકાત પણ લીધી છે.
- સાબરકાંઠા જિલ્લાના ખેડબ્રહ્મા તાલુકાના પોશિના વિસ્તારમાં સૂક્ષ્મ સ્તરીય આયોજન કરાયું છે અને તા.૧૨.૪.૨૦૦૦ના રોજ યોજાનારી ગ્રામ સભામાં પંચાયત પ્રધાનની હાજરીમાં લોકોની યોજના રજૂ કરાશે.

- ગુજરાત વિદ્યાપીઠ-અમદાવાદના 'સમતા અને વિકાસ સંસ્થાન' ખાતે ચૂંટાયેલી મહિલા પ્રતિનિધિઓની સ્થિતિ અને તેમને સક્ષમ બનાવવા માટેની વ્યૂહરચના અંગે યોજાયેલા પરિસંવાદમાં 'ઉન્નતિ'ના અનુભવો પણ દર્શાવવામાં આવ્યા.

**રાજસ્થાન**

- આ ત્રણ માસના ગાળા દરમ્યાન અમે પંચાયતોની ચૂંટણીઓ પર ધ્યાન કેન્દ્રિત કર્યું હતું. ખાસ કરીને ડમી ઉમેદવારો અને મહિલાઓ સંબંધી લોકમત અને જાગૃતિ ઊભાં કરવાનો તેનો હેતુ હતો. રાજસ્થાનમાં પંચાયતોની ચૂંટમી જાન્યુઆરીના અંત અને ફેબ્રુઆરીના આરંભના ભાગમાં યોજાઈ. તા.૩.૪.૨૦૦૦ના રોજ રાજ્ય સ્તરની વ્યૂહરચના ઘડવા માટે એક કાર્યશાળા યોજવામાં આવી. તેમાં ૩૦ સંગઠનોએ ભાગ લીધો. ગામડાંઓમાં ભીંતચિત્રો, ચોપાનિયાં, ઓડિયો કેસેટ્સ, કઠપૂતળીના પ્રયોગો અને બેઠકો દ્વારા જાગૃતિ ફેલાવવાની ઝુંબેશ ચલાવવામાં આવી. અંતે બે દિવસની એક સમીક્ષા બેઠક યોજાઈ. આ ઝુંબેશનું પરિણામ એ આવ્યું કે ઘણાં સ્થાનોએ સામાન્ય બેઠકો પર દલિતો ઉમેદવારો તરીકે ઊભા રહ્યા અને ચૂંટાયા પણ ખરા. આ ઝુંબેશે અમને નાણાં, જ્ઞાતિ અને મહિલાઓના પ્રશ્નો રાજકીય પ્રક્રિયામાં શી ભૂમિકા ભજવે છે તેની સમજ આપી અને અનુભવ આપ્યો.
- ચૂંટણી પછી નવા ચૂંટાયેલા મહિલા પ્રતિનિધિઓના ક્ષમતા વર્ધન નાટે ત્રણ દિવસની સઘન તાલીમ 'જિલ્લા મહિલા વિકાસ સંસ્થા'ના સહયોગ સાથે યોજવામાં આવી. આ તાલીમ જોધપુર જિલ્લામાં માર્ચ-એપ્રિલ દરમ્યાન યોજાઈ રહી છે.
- રાજસ્થાનની પંચાયતી રાજની સ્થિતિ અંગેનો અહેવાલ તૈયાર થઈ ચૂક્યો છે.

## ક્ષેત્રીય સ્તરની કાર્ય યોજના

### ૧. દસ્તાવેજીકરણ અને વિકાસ શિક્ષણ

- મહારાષ્ટ્રમાં કામ કરતાં 'ક્રાય'નાં સહભાગી સંગઠનોના કાર્યકરોના પ્રશિક્ષણ માટે ૬થી ૮ જાન્યુઆરી, ૨૦૦૦ દરમ્યાન વ્યૂહાત્મક આયોજન વિશે એક કાર્યશાળા યોજવામાં આવી.
- સહભાગી તાલીમની પદ્ધતિઓ સુધારવા માટે તેનો ઉપયોગ કરનારાઓની અનેક મુલાકાતો લેવામાં આવી, અને તેની અસરનું મૂલ્યાંકન કરવામાં આવ્યું. અમે ૧-૨ ફેબ્રુઆરી, ૨૦૦૦ દરમ્યાન દસ્તાવેજીકરણના માળખા વિશે ચર્ચા કરવા 'પાર્ટિસિપેટરી રિસર્ચ ઈન એશિયા' દ્વારા રાષ્ટ્રીય સ્તરે યોજાયેલી એક કાર્યશાળામાં પણ ભાગ લીધો. 'ઉન્નતિ'એ ગુજરાતમાંથી તેની અસર અંગે દસ્તાવેજીકરણ કરવાની જવાબદારી ઉઠાવી છે. વિવિધ પ્રાદેશિક વ્યૂહરચનાઓ વિશે માહિતી એકત્ર કરીને સહભાગી તાલીમની ગુણવત્તા સુધારવાની વ્યૂહરચના ઘડાશે.
- 'ફ્રેન્ડ્ઝ ઓફ ધ વિમેન્સ વર્લ્ડ બેંકિંગ' (ભારત) દ્વારા ૧૬-૧૭ ફેબ્રુઆરી, ૨૦૦૦ દરમ્યાન 'સ્વશક્તિ' માટે આયોજિત તાલીમમાં સહભાગી ગ્રામીણ મૂલ્યાંકન અંગે એક બેઠક લેવામાં આવી.
- 'સામાજિક વિકાસના દૃષ્ટિકોણો' વિશે ૨૭-૩૧ માર્ચ, ૨૦૦૦ દરમ્યાન ગુજરાત અને રાજસ્થાનના કર્મશીલો માટે એક તાલીમ કાર્યક્રમ યોજવામાં આવ્યો. તેનો હેતુ સહભાગીઓને સીમાન્તીકરણની પ્રક્રિયાને ઓળખવા સક્ષમ બનાવવાનો અને સમતા, મહિલા ન્યાય, સહભાગિતા તથા સક્ષમતા જેવા ખ્યાલોથી અવગત કરાવવાનો હતો. તેમાં ૧૬ સંગઠનોના ૨૬ સહભાગીઓએ ભાગ લીધો.
- 'ઉન્નતિ'નો વાર્ષિક અહેવાલ અંગ્રેજીમાં તૈયાર કરાયો છે અને પ્રકાશિત કરાયો છે. તેનાં ગુજરાતી અને હિન્દી અનુવાદો પણ તૈયાર થયા છે અને વિવિધ સહભાગી સંસ્થાઓને મોકલવામાં આવી રહ્યા છે.
- આ ત્રણ માસમાં 'ઉન્નતિ'નું માહિતીપત્રક તૈયાર કરાયું છે અને હવે તે પ્રકાશિત કરવામાં આવશે.
- 'સ્થાનિક સ્વશાસનને પ્રોત્સાહન' એકમને રાજસ્થાનમાં મતદારોની જાગૃતિ માટે ઝુંબેશ હાથ ધરવા અને 'સ્મૃતિ ખેલ'નું ક્ષેત્રીય પરીક્ષણ કરવા ટેકો પૂરો પડાયો છે. આ રમત પંચાયતી રાજ અને સ્વશાસન અંગેની શિક્ષકોની તાલીમ પુસ્તિકાનો એક ભાગ છે. વળી, રાજસ્થાનમાં નવા ચૂંટાયેલા મહિલા પ્રતિનિધિઓની તાલીમ માટેનું માળખું તૈયાર કરવામાં ટેકો પૂરો પડાયો.
- ગુજરાતમાં સ્થાનિક પ્રયાસોને ટેકો પૂરો પાડવાનું ચાલુ રખાયું.

## સંશોધન, હિમાયત અને સંબંધિત પ્રવૃત્તિઓ

ગયા વર્ષથી સંશોધન અને હિમાયત એકમ શહેરી શાસનમાં નાગરિકોની ભાગીદારીની સમીક્ષા કરવા કાર્યલક્ષી સંશોધન હાથ ધરી રહ્યું છે. નાગરિકોની ભાગીદારી ઊભી કરવા અને તેમને સક્ષમ બનાવવા માટેનું વાતાવરણ ઊભું કરવા અમે દહેગામ અને ધોળકા એમ બે શહેરોમાં

સઘન રીતે કામ કરી રહ્યા છીએ અને નાગરિકોની ભાગીદારી ઊભી કરવા માટેની વ્યવસ્થા ઊભી કરવા માટેનો જાતઅનુભવ મેળવી રહ્યા છીએ. તેને પરિણામે આ બે શહેરોમાં અનેક પ્રવૃત્તિઓ હાથ ધરવામાં આવી છે.

- શહેર માટે પોતે શું ફાળો આપી શકે છે તે જાણવા માટે દરેક જૂથની અપેક્ષાઓ તપાસવા દૃશ્ય અને અદૃશ્ય હિતધારકોનું સમગ્ર ચિત્ર તૈયાર થઈ રહ્યું છે. આ માહિતીનો ઉપયોગ શહેરની વિકાસલક્ષી યોજના તૈયાર કરવા માટે કરવામાં આવશે.
- ધોળકામાં તાજેતરમાં જ પૂરી થયેલી નગરપાલિકાની ચૂંટણીમાં કોઈ પણ રાજકીય પક્ષને બહુમતી મળી નથી. અગાઉની નગરપાલિકાને આ જ કારણે સુપરસિડ કરવામાં આવી હતી. ‘ઉન્નતિ’એ તમામ કાઉન્સિલરો અને ધોળકાના કેટલાક અગ્રણી લોકો સાથે પરિસ્થિતિની ચર્ચા કરવા અને સ્થિર સરકાર લાવવાની પ્રક્રિયા શરૂ કરવા એક બેઠક યોજી હતી. તેમાં ઈરાદો પક્ષીય રાજકારણથી પર થઈને શહેરના વિકાસ માટેની યોજના તૈયાર કરવાનો હતો.
- આ ત્રણ માસ દરમ્યાન મલાવ તળાવની નજીકના બગીચાની સફાઈ, ચિત્રકામની હરીફાઈ, સ્વચ્છ શેરી સ્પર્ધા અને સૂત્ર લેખન સ્પર્ધા જેવી પ્રવૃત્તિઓ નગરપાલિકાના ટેકા સાથે નાગરિકો સાથે સંયુક્ત રીતે હાથ ધરી. આ પ્રવૃત્તિઓ થકી અમે નાગરિકોની સક્રિય અને પ્રતિભાવાત્મક ભાગીદારીની આશા રાખીએ છીએ. ઉપરાંત, હિતધારક જૂથો અને નગરપાલિકા વચ્ચે ભાગીદારી ઊભી થાય તેવી પણ આશા રાખીએ છીએ. જો કે, આ ત્રણ માસ દરમ્યાન જે પ્રવૃત્તિઓનું આયોજન થયું છે તે આગામી ત્રણ માસ દરમ્યાન હાથ ધરી શકાશે.
- એ જ રીતે દહેગામ નગરપાલિકામાં અમે નાગરિકો, કાઉન્સિલરો અને કર્મચારીઓ સાથે સંપર્ક ઊભો કરી રહ્યા છીએ. અમે નગરપાલિકા વિશેની માહિતી તેની કચેરીએથી મેળવી છે.
- શહેરી શાસન અંગે આ પ્રક્રિયામાં જે અનુભવો થયા તેની રજૂઆત ‘પાર્ટિસિપેટરી રિસર્ચ ઈન એશિયા’ (પ્રિયા) દ્વારા શહેરી સ્થાનિક સ્વશાસન અંગે ૧૮-૧૯ ફેબ્રુઆરી, ૨૦૦૦ દરમ્યાન યોજાયેલી રાષ્ટ્રીય કાર્યશાળામાં કરવામાં આવી.

**‘ચરખા’ની પ્રવૃત્તિઓ**

- આ ત્રણ માસ દરમ્યાન પાણીની પ્રાપ્તિની સમસ્યા અને તેના જતન માટે હાથ ધરાયેલા પ્રયાસો ઉપર ધ્યાન કેન્દ્રિત કરીને વિકાસલક્ષી લેખો લખવામાં આવ્યા.
- ‘સેવા’ અને ‘કચ્છ મહિલા વિકાસ સંગઠન’ (ભુજ)ના કર્મશીલો માટે લેખન કૌશલ્યની કાર્યશાળાઓ યોજવામાં આવી. ઉપરાંત, ગુજરાત યુનિવર્સિટીના વિદ્યાર્થીઓના પણ થોડા વર્ગો લેવાયા.
- ધોળકા તાલુકામાં એક કારખાના દ્વારા ફેલાતા પ્રદૂષણના સંદર્ભમાં ‘અમદાવાદ સ્ટડી એક્શન ગ્રુપ’ (અસાગ)ને માધ્યમો અંગે ટેકો પૂરો પાડવામાં આવ્યો. પરિણામે પ્રદૂષણ નિયંત્રણ બોર્ડે એ કારખાનાને તાળું મારી દીધું. હિંમતનગરના પોટરી કામદારોની લઘુતમ વેતનની લડતને સાચા દૃષ્ટિકોણ સાથે સ્થાનિક અખબારોમાં પહોંચાડાઈ.
- ‘આંતરરાષ્ટ્રીય મહિલા દિન’ની ઉજવણી અંગેના સ્વૈચ્છિક સંસ્થાઓના પ્રયાસોને માધ્યમો સુધી પહોંચાડવામાં આવ્યા.


उन्नति

**ઉન્નતિ**

**વિકાસ શિક્ષણ સંસ્થા**

જી-૧, ૨૦૦, આઝાદ સોસાયટી, અમદાવાદ-૩૮૦ ૦૧૫.

ફોન: ૬૭૪૬૧૪૫, ૬૭૩૩૨૯૬ ફેક્સ: ૬૭૪૩૭૫૨. ઈ-મેલ: unnati@ad1.vsnl.net.in

**ક્ષેત્રીય કાર્યાલય:** ૨૧-એ, ૯, પોલ રોડ, બચ્છરાજજી કા બાગ, જોધપુર-૩૪૨ ૦૦૩, રાજસ્થાન.

ફોન/ફેક્સ: ૦૨૯૧-૬૪૩૨૪૮ ફોન: ૦૨૯૧-૬૪૨૧૮૫, ઈ-મેલ: unnati@datainfosys.net

રૂપાંકન: રાજેશ પટેલ, ‘ઉન્નતિ’, ચિત્રાંકન: રણજીત બાલમુચુ

મુદ્રણ: કલરમેન ઑફસેટ, સેલર, આગમન, મયુર કૉલોની પાસે, મીઠાખળી છ રસ્તા, નવરંગપુરા, અમદાવાદ - ૩૮૦ ૦૦૯, ફોન નં. ૬૪૩૧૪૦૫



આપ લોકશિક્ષણ કે તાલીમ માટે વિચારમાં પ્રકાશિત સામગ્રીનો સહર્ષ ઉપયોગ કરી શકો છો. ઉપયોગ કરનારને વિનંતી કે આ સ્રોતનો ઉલ્લેખ કરવાનું ના ભૂલે તથા પોતાના ઉપયોગથી અમને માહિતગાર કરે કે જેથી અમે પણ કંઈક શીખી શકીએ.